૨૦૩ વર્ષ
દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 228 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 October 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨ ઑક્ટોબર ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**નમામિ દેવી નર્મદેઃ**
ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમનું જળસ્તર સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એકતા નગર ખાતે નર્મદા નદીની પૂજા કરી હતી. (એજન્સી)

# ગુજરાતનું પાણિયારું છલકાયું

## સરદાર સરોવર ડેમ છલકાયોઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નર્મદા મૈયાના આ છલકાતાં નીરના વધામણા કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિ માટે જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. ડેમની આ ૧૩૮.૬૮ મીટર સપાટીએ કુલ જળસંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મિલિયન ઘનમીટર છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નર્મદા મૈયાના આ છલકાતાં નીરના વધામણા મંગળવારે બપોરે વિજય મુહૂર્તમાં સરદાર સરોવર ડેમ સાઈટ એક્તા નગર પહોંચીને જળ પૂજનથી કર્યા હતા. આ વર્ષે વરસાદી મોસમમાં સારા વરસાદને પગલે સરદાર સરોવર ડેમ ૧૧ ઓગસ્ટથી ઓવરફ્લો થવાનો શરૂ થયો હતો. અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય ઓવરફ્લો થયું છે અને કુલ ૧૦,૦૧૨ મિલિયન ઘનમીટર એટલે કે, ૮,૧૭૭ એમએએફ પાણી ઓવરફ્લોને કારણે આવ્યું છે. એટલું જ નહિ, નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં આ વર્ષે ચોમાસાના સમયમાં કુલ ૧૩૪૩ મેગાવોટ વીજળી તથા અત્યાર સુધીમાં ૬૨૮૩ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે.

મુખ્ય પ્રધાને રાજ્યમાં ૧૦,૦૧૪ ગામો, ૧૮૩ શહેરો અને ૭ મહાનગરપાલિકા વિસ્તારો એમ કુલ મળીને ૪ કરોડ જેટલા લોકોને પીવાનું પાણી પુરું પાડતા આ પ્રોજેક્ટના જળાશયમાં પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજૂરી આપી હતી. રાજ્ય સરકારે પણ ત્વરાએ આ કામગીરી હાથ ધરીને ૩૦ દરવાજાઓની કામગીરી સહિતની બધીજ કામગીરી નિર્ધારીત સમય કરતાં ૯ મહિના વહેલી પૂર્ણ કરી દીધી હતી.નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭માં તેમના જન્મદિવસ, ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યુ છે. રાષ્ટ્રાર્પણ પછી અત્યાર સુધીમાં પાંચ

(જુઓ પાનું ૨) ▶▶

# હારીજ-ચાણસ્મા હાઈવે પર અકસ્માત

## ત્રણ લોકોનાં મોત, ૮ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત વધી રહેલા માર્ગ અકસ્માત મોટી ચિંતાનો વિષય બન્યો છે, અવારનવાર સર્જાતા અકસ્માતોના પગલે પરિવારો વિખેરાઈ જાય છે.પાટણ જિલ્લામાં અકસ્માતનો આવો જ વધુ એક બનાવ બન્યો હતો, જેમાં હારીજ-ચાણસ્મા હાઈવે પર મુસાફરોથી ભરેલી કાર ધડાકાભેર ટેન્કરમાં ઘૂસી જતાં એક જ પરિવારના ૩ સભ્યોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં, જ્યારે ૮ લોકો ઈજાગ્રસ્ત થતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ અંગે મળતી વિગતો મુજબ, સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાપસી ગામના રાઠોડ પરિવારના બાર જેટલા સભ્યો કારમાં કચ્છમાં આવેલા આશાપુરા માતાના મઢ ખાતે દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. આ સમયે તેમની કાર ચાણસ્મા-હારીજ હાઈવે પરથી પસાર થઈ રહી હતી, ત્યારે કાર અને ટેન્કર ધડાકાભેર ટકરાયા

(જુઓ પાનું ૨) ▶▶

# ટેસ્ટ શ્રેણીમાં ભારતની ક્લીન સ્વીપ

કાનપુરઃ ભારતે અહીં મંગળવારે બાંગ્લાદેશને બીજી અને અંતિમ ટેસ્ટમાં સાત વિકેટે હરાવીને શ્રેણીમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી હતી. મેઘરાજાની મહેરબાનીને કારણે તેમ જ નબળા પ્રકાશની તેમ જ ભીનાશવાળા મેદાનની સમસ્યાને કારણે પાંચ દિવસની ટેસ્ટમાં ફક્ત સવાબે દિવસની રમત થઈ શકી હતી અને એમાં પણ ભારતે આસાનીથી વિજય મેળવી લીધો હતો. એ સાથે, ભારત ઘરઆંગણે સતત ૧૮મી ટેસ્ટ-શ્રેણી જીત્યું છે જે વિક્રમ છે.

બાંગ્લાદેશ સામે એકેય વખત ટેસ્ટમાં ન હારવાની પરંપરા ભારતે જાળવી છે. બાંગ્લાદેશ સામેની ૧૫માંથી ૧૩ ટેસ્ટમાં ભારતની જીત થઈ છે અને બે ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

પ્રથમ દાવમાં બાવન રનની સરસાઈ મેળવનાર ભારતે મંગળવારના છેલ્લા દિવસે લંચ પહેલાં બાંગ્લાદેશને બીજા દાવમાં ૧૪૬ રને ઑલઆઉટ કરી નાખ્યું હતું. પ્રવાસી ટીમ પરના અસરદાર આક્રમણની શરૂઆત રવિચન્દ્રન અશ્વિને (૧૫-૩-૫૦-૩) કરી હતી. બીજા સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા (૧૦-૨-૩૪-૩)એ બાંગ્લાદેશના મિડલ-ઑર્ડરનો સફાયો કર્યો હતો અને જસપ્રીત બુમરાહે (૧૦-૫-૧૭-૩) છેલ્લી ત્રણેય

(જુઓ પાનું ૨) ▶▶



**દુર્ગા પૂજાઃ**
ઉત્તર પ્રદેશના આગ્રામાં નવરાત્રોત્સવના પ્રારંભ અગાઉ માતાની મૂર્તિને મંડપમાં લઈ જતાં અગાઉ દુર્ગા માતાની પૂજા કરી રહેલી મહિલાઓ. (એજન્સી)



**મતદાનઃ**
જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કા દરમિયાન બાંદીપોરા જિલ્લામાં મતદાન કરવા મથકની બહાર લાઈનમાં ઊભેલા મતદાતાઓ. (એજન્સી)

# ચોમાસાની વિદાય

## ગુજરાત, મહારાષ્ટ્રમાં વધુ વરસાદ

નવી દિલ્હીઃ આ વર્ષનું ચોમાસું પૂરું થયું છે અને સામાન્ય કરતાં ૭.૬ ટકા વધુ વરસાદ થયો છે, એમ હવામાન ખાતાએ મંગળવારે જણાવ્યું હતું.

ભારે વરસાદને કારણે આ વરસે દેશમાં વરસાદી ઘટનાઓમાં કુલ ૧,૪૯૧ લોકોનાં મોત થયાં હતાં.

પૂરને કારણે ૮૯૫ લોકોએ તેમ જ વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓમાં ૫૯૭ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું હવામાન ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલી આંકડાઓની યાદીમાં દર્શાવવામાં આવ્યું હતું. રાજસ્થાન, ગુજરાત, પશ્ચિમ મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગણા અને આંધ્ર પ્રદેશમાં આ વરસે સરેરાશ કરતાં વધુ વરસાદ થયો છે.

ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે ચોમાસું અતિ મહત્ત્વનું છે કેમ કે દેશની બાવન ટકા જમીન ખેતી માટે વરસાદ પર આધાર રાખે છે. લોકોને પીવાનું પૂરું પાડવા જળાશયોમાં પૂરતું પાણી રહે તેમ જ વીજળીના ઉત્પાદન માટે પણ વરસાદ ખૂબ જ જરૂરી છે.ભારતના વિવિધ રાજ્યમાં આવેલી હવામાન ખાતાની કુલ ૩૬ શાખાઓમાંથી ૨૧માં સામાન્ય તો ૧૦માં સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાયો હતો. (એજન્સી)■

# ભારત-ચીન સરહદની સ્થિતિ 'સામાન્ય નથી': સેનાધ્યક્ષ ઉપેન્દ્ર દ્વિવેદી

નવી દિલ્હીઃ ભારતના સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે કહ્યું હતું કે ચીન સાથેના સંઘર્ષથી વિશ્વાસ તૂટી ગયો હતો અને સરહદની સ્થિતિ ''સ્થિર છે, પરંતુ સામાન્ય નથી.''

ચીન સાથેના સરહદ વિવાદનો ઉકેલ વાટાઘાટો પર નિર્ભર રહેશે અને તે ''સંવેદનશીલ'' મુદ્દો છે. નવી દિલ્હીમાં બોલતા, દ્વિવેદીએ ધ્યાન દોર્યું હતું કે ''વિશ્વાસ ગુમાવવો એ સૌથી મોટી જાનહાનિ છે.''

જ્યારે રાજદ્વારી બાજુએ થોડી વાટાઘાટો થઈ રહી છે, ત્યારે દ્વિવેદીએ કહ્યું કે લશ્કરી કમાન્ડરો એકસાથે બેસીને શું કરવું એ નક્કી કરશે. તે માટે રાજદ્વારીઓનું કામ વિકલ્પો અને શક્યતાઓ આપવાનું છે.

દ્વિવેદીની ટિપ્પણી સરહદ વાટાઘાટોમાં પ્રગતિ અંગે બંને પરમાણુ શક્તિ ધરાવતાં રાષ્ટ્રોના વિદેશ પ્રધાનોના તાજેતરના હકારાત્મક સંકેતો પછી આવી છે. ચીનના સંરક્ષણ મંત્રાલયે તાજેતરમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ તેમના મતભેદોને સંકુચિત કર્યા છે અને અમુક સરહદી વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચવા પર વ્યાપક સર્વસંમતિ પર પહોંચી ગયા છે.

રાજકીય ચર્ચાઓએ પૂર્વી લદ્દાખમાં લશ્કરી ગતિરોધમાં સંભવિત પ્રગતિના સંકેત આપ્યા છે.

આ ચર્ચાઓમાં ૩૧ જુલાઈ અને ૨૯ ઓગસ્ટના રોજ ભારત-ચીન બોર્ડર અફેર્સ પર કન્સલ્ટેશન અને કોઓર્ડિનેશન માટે કાર્યકારી મિકેનિઝમની બેઠકોમાં દર્શાવવામાં આવી હતી.

વધુમાં, ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે સપ્ટેમ્બરમાં ચીનના વિદેશ પ્રધાન વાંગ યી સાથે મુલાકાત કરી હતી.

જો કે, ૧૯ ફેબ્રુઆરીના રોજ છેલ્લી લશ્કરી કોર્પ્સ કમાન્ડરની વાટાઘાટોમાં કોઈ પ્રગતિ દર્શાવવામાં આવી ન હતી, જેમાં ચીને ચોક્કસ વિસ્તારોમાં સામ-સામે સંઘર્ષને ઉકેલવાના ભારતના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો. ■

# મંદિર, દરગાહના ગેરકાયદે બાંધકામ તોડોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલતે મંગળવારે જાહેર રસ્તા પરના બધા ગેરકાયદે બાંધકામ તોડવાનો આદેશ આપતાં જણાવ્યું હતું કે મંદિર, દરગાહ કે અન્ય ધાર્મિક સ્થળના ગેરકાયદે બાંધકામ પણ તોડી પાડવા જોઈએ જેથી તે અન્ય કોઈ માટે બાધારૂપ ન બને.

સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે તે રોડની મધ્યમાં રહેલી સંપત્તિ કે કોઈ ધાર્મિક માળખું હશે પછી ભલે એ મંદિર કે દરગાહ હોય એના તોડવાની અખિલ ભારતીય માર્ગદર્શિકા ઘડી કાઢશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે આ ધાર્મિક બાંધકામ તોડવું જ જોઈએ કારણ કે જાહેર હીત સર્વોપરી છે. કોઈ આરોપી કે દોષી હોય એટલે એવી સંપત્તિ તોડવાનો કોઈ આધાર મળતો નથી. અનેક રાજ્યમાં ગુનેગારોની સંપત્તિને તોડી નાખવામાં આવે છે, એવી અરજી પર સર્વોચ્ચ અદાલતે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.

જસ્ટિસ બી. આર. ગવઈ અને કે. વી. વિશ્વનાથે કહ્યું હતું કે કોઈ પણ વ્યક્તિએ કરેલું અનધિકૃત બાંધકામ તેના ધર્મ કે આસ્થાને ધ્યાનમાં રાખ્યા વિના તોડી નાખવું જોઈએ.

બેન્ચે કહ્યું હતું કે અમારી પરવાનગી વિના પહેલી ઓક્ટોબર સુધી કોઈ પણ સંપત્તિની તોડફોડ ન થાય એવો અમારો હુકમ યથાવત રહે છે. અદાલતે કહ્યું હતું કે અમે આ બાબતમાં ફેંસલો આપતા નથી ત્યાં સુધી અમારો આ હુકમ અમલમાં રહેશે.

ખંડપીઠે કહ્યું હતું કે અમે જે માર્ગદર્શિકા તૈયાર કરીશું એ બધા નાગરિકો માટે હશે. કારણકે આપણો દેશ ધર્મનિરપેક્ષ છે. અમે બધી સંસ્થાઓ માટે હુકમ આપીશું અને કોઈ ચોક્કસ કોમ માટે નહીં આપીએ. અદાલતે કહ્યું હતું કે અમે પહેલા દિવસે કહ્યું હતું કે રોડની મધ્યે કોઈ ધાર્મિક માળખું ન હોવું જોઈએ, પછી એ દરગાહ હોય કે મંદિર હોય. આને તોડવું જ જોઈએ, કારણ કે જાહેર હીત સર્વોપરી છે. કોઈ ચોક્કસ ધર્મ માટે અલગ નિયમ ન હોઈ શકે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે અમે જાહેર સ્થળો, રોડ, ફૂટપાથ, સરકારી ભૂમિ, જંગલ, જળાશય અને ઈતર સ્થાનો પર કોઈ પણ અતિક્રમણનું રક્ષણ નહીં કરીએ. અમે એ તકેદારી લઈશું કે અમારો હુકમ કોઈ અતિક્રમણખોરને લાભ ન પહોંચાડે.

સુનાવણી વખતે બેન્ચે નિરીક્ષણ કર્યું હતું કે સંપત્તિના તોડફોડની નોટિસ માલિકોને રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવી જોઈએ અને ઓનલાઈન પોર્ટલ પર મૂકવી જોઈએ જેથી એનો ડિજિટલ રેકોર્ડ રહે. સત્તાવાળાઓના હુકમની સત્યતા ચકાસવા અદાલતી મૂલ્યાંકન જરૂરી છે. તોડફોડના હુકમ અને એના અમલ વચ્ચે ૧૫ દિવસનો સમય હોવો જોઈએ જેથી લોકો વૈકલ્પિક વ્યવસ્થા કરી શકે. મહિલાઓ અને બાળકો રોડ પર હોય એ સારો સંકેત નથી. જો તોડફોડ ૧૫ દિવસ, પછી કરાશે તો એમાં કશું નુકસાન થવાનું નથી. (એજન્સી)■



**દ્વિપક્ષી સંબંધઃ**
દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે મંગળવારે યોજાયેલી બેઠક બાદ પત્રકારો સમક્ષ સંયુક્ત નિવેદન કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જમૈકાના વડા પ્રધાન ઍન્ડ્રુ હૉલનેસ. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દાહોદમાં હિંદુવાદી દ્વારા બાળકીની હત્યા, ભાજપે માફી માગવી જોઈએ

**ગુજરાતના** દાહોદમાં છ વર્ષની બાળકી પર બળાત્કારના પ્રયાસમાં સફળ ના થતાં તેની હત્યા કરી દેવાઈ એ ઘટનાએ ખળભળાટ મચાવ્યો છે. આ પાશવી કૃત્યનો આરોપી ગોવિંદ નટ નામનો સ્કૂલનો પ્રિન્સિપાલ છે. ગોવિંદ નટ ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદ સાથે સંકળાયેલો છે તેથી કોંગ્રેસ સહિતના વિપક્ષો તૂટી પડ્યા છે. બીજી તરફ વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગોવિંદ નટ સાથે પોતાને કંઈ લેવાદેવા નહીં હોવાનો બચાવ કરી રહ્યા છે.

ગોવિંદ નટના ભાજપ, સંઘ અને વિશ્વ હિંદુ પરિષદ સાથે કનેક્શન હોવાના પુરાવા સોશિયલ મીડિયા પર હોવા છતાં ભાજપ એવું કહી રહ્યો છે કે, ગુજરાતની પ્રજાએ વિપક્ષોને સ્વીકાર્યા નથી તેથી કોંગ્રેસ સહિતના વિપક્ષો ભાજપ સામે મનઘડત આરોપો મૂકીને ભાજપની છબી બગાડવાનો પ્રયાસ કરે છે.

પહેલાં આ થથરાવી નાખે એવી ઘટનાની વાત કરી લઈએ કે જેથી આપણા કહેવાતા સંસ્કારી દેશમાં નૈતિકતાનું કઈ હદે અધઃપતન થયું છે તેનો ખ્યાલ આવે. આપણે જેમને ધર્મના રક્ષકો માનીએ છીએ એ હિંદુત્વના બની બેઠેલા ઠેકેદારો કેવી હરકતો કરી રહ્યા છે અને હિંદુત્વ પર કલંક લગાવી રહ્યા છે તેની ખબર પડે.

સામાન્ય રીતે પોલીસ રાજકારણીઓની દલાલ બનીને વર્તતી હોય છે પણ આ કેસમાં પોલીસ ખરેખર સભાનતાથી અને ઘટનાની ગંભીરતાને સમજીને જવાબદારીથી વર્તી છે. આ કલંકિત ઘટનાને રોકી ના શકાઈ તેમાં પોલીસનો વાંક નથી કેમ કે બાળકીના પરિવારે જેના પર ભરોસો મૂકેલો એ સ્કૂલનો આચાર્ય જ હેવાન નીકળ્યો તેમાં પોલીસ કશું ના કરી શકે પણ પોલીસે બાળકીની લાશ મળી પછી કોઈ પણ શેહશરમમાં આવ્યા વિના નટને જેલભેગો જ ન કર્યો પણ એ છટકી ના શકે એ માટેના પુરાવા પણ રજૂ કર્યા છે.

આ ઘટનામાં દાહોદ જિલ્લાના લિમખેડા તાલુકાના એક ગામમાં પહેલા ધોરણમાં અભ્યાસ કરતી બાળકી ગુરુવાર ને ૧૯ સપ્ટેમ્બરે ગુમ થઈ ગઈ હતી. શાળાએ ગયેલી છોકરી મોડી સાંજ સુધી પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ આદરી હતી. બીજી તરફ પરિવારે બાળકી ગુમ થયાની ફરિયાદ નોંધાવી તેમાં જણાવ્યું હતું કે તે શાળાના આચાર્ય સાથે સ્કૂલ ગઈ હતી. પોલીસે ગોવિંદ નટની પૂછપરછ કરતાં આચાર્ય બાળકીને સમયસર શાળામાં લાવ્યા હોવાની રેકર્ડ વગાડતા હતા તેથી પોલીસે બાળકીને સ્કૂલની આસપાસ શોધવા માંડી.

પોલીસ, લોકો અને પરિવારજનો બાળકીને શોધતાં શોધતાં શાળામાં પહોંચ્યાં ત્યારે શાળાના ઓરડાઓ અને કંપાઉન્ડની દીવાલની વચ્ચે બેભાન અવસ્થામાં મળી આવી હતી. પરિવારના સભ્યો બાળકીને લિમખેડા સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા કે જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરી હતી.

પોલીસ હાજર જ હતી ને શાળાના આચાર્ય ગોવિંદ નટ શંકાના દાયરામાં હતા પણ એ નામક્કર જતાં પોલીસે અલગ રસ્તો અપનાવ્યો. પોલીસ શૈક્ષણિક સહાયક અને એનજીઓના કાર્યકર બનીને સ્કૂલમાં ગઈ, પોલીસે બાળકો સાથે વાત કરી તો ખબર પડી કે, બાળકી પ્રાર્થનાસભામાં કે મધ્યાહ્ન ભોજન વખતે દેખાઈ જ નહોતી. પોલીસને એ શંકા મજબૂત બની કે આ કાંડમાં આચાર્યનો હાથ છે. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા તો બાળકી સ્કૂલમાં આવી નહોતી એ સાબિત થયું. આ પુરાવા સાથે આચાર્યની પૂછપરછ કરી તો તેમણે ગુનાની કબૂલાત કરવી પડી. ગોવિંદ નટે સ્વીકાર્યું કે, બાળકીને પોતાની કારમાં બેસાડ્યાં બાદ છેડછાડ કરતાં તે બૂમો પાડવા લાગી હતી. બાળકીને બૂમો પાડતી અટકાવવા માટે તેનું મોઢું દબાવી દીધું અને તેના કારણે તે ગૂંગળાઈને મૃત્યુ પામી હતી. પોલીસે નટને ઉઠાવીને જેલભેગો કરી દીધો છે અને હવે કોર્ટ તેમને તેમના કુકર્મની સજા આપશે.

ગોવિંદ નટ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલો હતો, વિશ્વ હિંદુ પરિષદ સાથે સંકળાયેલો હતો ને ભાજપના નેતાઓ સાથે તેને ઘરોબો હતો તેના સોશિયલ મીડિયા પર પુરાવા છે અને વિશ્વ હિંદુ પરિષદ તથા સંઘે તો એ પોતાનો માણસ હોવાનું સ્વીકાર્યું પણ છે. એ છતાં ભાજપ હાથ ખંખેરી રહ્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત પ્રદેશ મંત્રી અશોક રાવલે સ્વીકાર્યું કે, ગોવિંદ નટ અમારી સાથે જોડાયેલા હતા પણ છેલ્લાં બે વર્ષથી તેમની જવાબદારીથી મુક્ત હતા તેથી આ મામલે વિશ્વ હિંદુ પરિષદનું નામ સંડોવવું યોગ્ય નથી. ગુજરાતના સંઘ પ્રચારક શંભુપ્રસાદ શુક્લે સ્વીકાર્યું છે કે, ગોવિંદ નટ અને તેમનાં બન્ને બાળકો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે જોડાયેલાં છે. પંચમહાલ જિલ્લાના સંઘ પ્રચારક તરીકે એ કામ કરે છે પણ પ્રચારક તરીકે યોગ્ય કાર્ય કરતા ન હોવાથી છેલ્લાં ત્રણ વર્ષથી તેમને સેવામાંથી નિવૃત્ત કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે.

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ સાથે ગોવિંદ નટની બેઠકના, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમમાં હાજરીના અને સંઘની શિબિરમાં સંઘના ગણવેશમાં નટના ફોટા છે. ગોવિંદ નટ વિશ્વ હિન્દુ પરિષદમાં હોદ્દો ધરાવતો હતો. આ હોદ્દા પર નિમણૂક કરવામાં આવી ત્યારે સોશિયલ મીડિયામાં તેમને અભિનંદન આપતા મેસેજ લોકોએ આપ્યા હતા. નટના સોશિયલ મીડિયા પર ત્રણ એકાઉન્ટ હતા અને તેની ધરપકડ પછી અચાનક ફોટા ગાયબ થઈ ગયા પણ એ પહેલાં ઘણા ફોટા વાયરલ થઈ ગયા હતા છતાં ભાજપ તેનો બચાવ કરે છે. વિપક્ષો ભાજપની ઈમેજ બગાડવા માટે આ બધું કરે છે એવી વાતો કરે એ હાસ્યાસ્પદ કહેવાય.

ભાજપનો બચાવ નબળી માનસિકતાનો પુરાવો છે. કોલકાતાની ડોક્ટર પરની રેપ અને હત્યાની ઘટનાને ભાજપે જોરશોરથી ચગાવેલી. મોદી સાહેબે લાલ કિલ્લા પરથી આ ઘટનાનો ઉલ્લેખ કર્યો. દાહોદમાં છ વર્ષની બાળકી પર રેપનો પ્રયાસ થયો ને તેમાં સફળ ના થતાં કહેવાત હિંદુવાદીએ તેની હત્યા કરી નાખી એવું ભાજપ શાસિત ગુજરાતની જ પોલીસ કહે છે ને ભાજપ હત્યારાના પોતાની સાથે કોઈ સંબધ છે એવું સ્વીકારવા જ તૈયાર નથી.

ભાજપ આ મહાભૂલ કરી રહ્યો છે. ગોવિંદ નટે બતાવેલી વિકૃતિ ને કરેલો અપરાધ વ્યક્તિગત છે ને આવા માણસને પોષીને અમે હિંદુ સમાજનો બહુ મોટો અપરાધ કર્યો છે એવું સ્વીકારીને ભાજપે હિંદુઓની માફી માગવી જોઈએ. પોતાની સાથે આવાં કોઈ વિકૃતો હશે તો તેમને બહાર કરાશે એવી ખાતરી આપવી જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌરશરદઋતુ), બુધવાર, તા. ૨-૧૦-૨૦૨૪, દર્શ અમાસ, પૂનમ, અમાસનું શ્રાદ્ધ,

- ભારતીય દિનાંક ૧૦, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૨-૨૨ સુધી, પછી હસ્ત.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૬, સ્ટા. ટા.


મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૪૪, મધ્યરાત્રે ક. ૦૦-૦૬ (તા. ૩)
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૦ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – અમાવસ્યા. સર્વપિતૃ અમાસ, દર્શ અમાસ, પૂનમ, અમાસનું શ્રાદ્ધ, મહાલય સમાપ્તિ, ગજછાયા પર્વ ક. ૧૨-૨૨થી સૂર્યાસ્ત, અન્વાધાન, મહાત્મા ગાંધી જયંતી, કંકણાકૃતિ સૂર્યગ્રહણ (મુંબઈ-ભારતમાં દેખાવાનું નથી.) સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, અર્યમા પૂજન, ભગવાન સૂર્યનારાયણને જળ અને જુઈના પુષ્પનું અર્ઘ્ય પ્રદાન કરવું. પીપળાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, શિવ-પાર્વતી પૂજા, રુદ્રાભિષેક શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સમાજ ઉપયોગી જરૂરતમંદને ઉપયોગી થવું. ગૌ સેવા, જીવસેવા, રાષ્ટ્રસેવાનો મહિમા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તીર્થયાત્રાનો મહિમા.
- શ્રાદ્ધ પર્વઃ પૂનમ, અમાસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું તથા ભુલાઈ ગયેલ તિથિ શ્રાદ્ધ આજે કરવું, આમ જેની તિથિ પ્રાપ્ત નથી તથા શ્રાદ્ધ પર્વમાં ન થયેલ શ્રાદ્ધ આજ રોજ કરવું. અમાસનું શ્રાદ્ધ સર્વપિતૃઓ માટે શ્રેષ્ઠ છે. સુખી થવા માટે શ્રાદ્ધ બ્રાહ્મણ દ્વારા સવિસ્તર યોગ્ય દક્ષિણા સહિત, દાન સહિત અવશ્ય કરવું. આજ રોજ તીર્થમાં પ્રાયશ્ચિત્ત સ્નાન કરવું, સ્નાન સમયે સૂર્ય, ઋષિ, પિતૃતર્પણ કરવું. સાધુ-સંતો, બ્રાહ્મણો ભોજનનો મહિમા છે. શ્રાદ્ધ પર્વ ભાદ્રપદ પૂરતું સીમિત નથી. વર્ષમાં જે માસ અને તિથિ આવે તે શ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ, તર્પણ, સંક્રાંતિનું શ્રાદ્ધ તથા નિત્ય સંધ્યા કર્મમાં તર્પણ શ્રાદ્ધ દરેક વર્ણ માટે મહિમા ધરાવે છે. કુટુંબના સભ્યના મૃત્યુ પછી કુટુંબીજનોની દિવંગતનું શ્રાદ્ધ કરવાની સનાતન ધર્મ અનુસાર ફરજ છે.
- આચમનઃ મંગળ-બુધ ત્રિકોણ કાર્યરત, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ જ્ઞાનતંતુ પર બોજો આવે, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-સૂર્ય યુતિ અધ્યાત્મમાં રુચિ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-બુધ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ (તા. ૩), ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૩), ચંદ્ર-સૂર્ય યુતિ (ભાદ્રપદ અમાસ યોગ) (તા. ૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■





**હવાઈ દળનાં વિમાનોના અદ્ભુત કરતબઃ**
ઈન્ડિયન ઍરફૉર્સ ડેના ૯૨મા વર્ષની ઉજવણી અગાઉ રિહર્સલ દરમિયાન કિરણ ઍરોબેટિક ટીમે મંગળવારે ચેન્નઈના મરિના બીચ ખાતે વિવિધ કરતબ દેખાડ્યાં હતાં. (એજન્સી)




## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતનું પાણિયારું

વાર આ ડેમ તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. સરદાર સરોવર ડેમના છલકાવાથી અગાઉ દરિયામાં નિરર્થક વહી જતાં પાણી હવે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટીવંત નેતૃત્વ અને સુચારુ જળ વ્યવસ્થાપનથી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભરવા તથા સુજલામ સુફલામ યોજના દ્વારા ઉત્તર ગુજરાતના ૯ મોટા-મધ્યમ જળાશયો અને ૯૦૯ તળાવોમાં પહોંચાડવામાં આવે છે. આ વર્ષે પણ સરદાર સરોવર નર્મદા ડેમ ઓવરફ્લો થતાં રાજ્યની જુદી-જુદી ૧૦ નદીઓમાં નર્મદા જળરાશિ વહેવડાવીને આ નદીઓને જીવંત કરવામાં આવી છે.

રાજ્યની અવિરત પ્રગતિના છડીદાર અને ગુજરાતના પાણીઆરા સમાન આ સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વદંના કરવાની પરંપરા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સતત બીજા વર્ષે પણ જળ પૂજન કરીને આગળ ધપાવી છે. ■

### હારીજ-ચાણસ્મા

હતા. આ અકસ્માતમાં ૨ પુરુષ અને ૧ મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જેમની ઓળખ નવલસિંહ રાઠોડ, રવિન્દ્રસિંહ રાઠોડ અને તોરલબા રાઠોડ (તમામ રહે. કાપસો, ઈડર) તરીકે થઈ છે. જ્યારે કારમાં સવાર અન્ય ૩ મહિલા, ૩ બાળકો અને બે પુરુષો ઈજાગ્રસ્ત થયા હતા, જે પૈકી ૩ બાળકોની હાલત નાજુક જણાતા તેઓને વધુ સારવાર અર્થે ૧૦૮ મારફતે ધારપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યારે મૃતકોને હારીજના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા હતા. ■

### ટેસ્ટ શ્રેણીમાં

વિકેટ લઈને બાંગ્લાદેશને મૅચ જીતવાની કે મૅચને ડ્રૉમાં લઈ જવાની કોઈ જ તક નહોતી લેવા દીધી. ઓપનર શદમાન ઇસ્લામની વિકેટ પેસ બોલર આકાશ દીપે (૮-૩-૨૦-૧) લીધી હતી. ભારતને જીતવા ફક્ત ૯૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે રોહિત શર્મા ઍન્ડ કંપનીએ ૧૭.૨ ઓવરમાં ૯૮/૩ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

યશસ્વી જયસ્વાલ (૫૧ બૉલમાં ૭૨ રન અને ૪૫ બૉલમાં ૫૧ રન તેમ જ બે કૅચ)ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો. સિરીઝમાં જસપ્રીત બુમરાહ જેટલી સૌથી વધુ ૧૧ વિકેટ લેવા ઉપરાંત બે દાવમાં એક સેન્ચુરી સહિત કુલ ૧૧૪ રન બનાવનાર રવિચન્દ્રન અશ્વિનને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. ■

## કમર્શિયલ રાંધણગૅસમાં ભાવવધારો

### એવિયેશન ટર્બાઈન ફ્યુઅલનો ભાવ ઘટ્યો

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવને ધ્યાનમાં રાખીને ઈંધણના ભાવની માસિક સમીક્ષા દરમિયાન જૅટ ફ્યુઅલ તે એટીએફ (એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં ૬.૩ ટકાનો ઘટાડો કરવામાં આવતાં એટીઅફનો ભાવ આ વર્ષની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો હતો. હૉટલ અને રૅસ્ટોરાંમાં વપરાતા ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી ગૅસના ભાવમાં પ્રતિસિલિન્ડર રૂ. ૪૮.૫૦નો વધારો કરવામાં આવ્યો છે.

સરકાર સંચાલિક ઈંધણ રિટેલરોના જણાવ્યા અનુસાર એટીએફના ભાવમાં ૬.૨૯ ટકા અથવા રૂ. ૫,૮૮૩નો ઘટાડો કરવામાં આવતાં રાજધાની દિલ્હીમાં એટીએફનો ભાવ ઘટીને રૂ. ૮૭,૫૯૭.૨૨ પ્રતિકિલોલીટર થઈ ગયો હતો. મંગળવારે મુંબઈમાં એટીએફનો ભાવ અગાઉના રૂ. ૮૭,૮૩૨.૭૯ પ્રતિકિલોલીટરથી ઘટીને રૂ. ૮૧,૮૬૬.૧૩ પ્રતિકિલોલીટર થઈ ગયો હતો. આ વરસે એટીએફનો અત્યાર સુધીનો આ સૌથી ઓછો ભાવ છે.

ઍરલાઈન્સની ઑપરેટિંગ કૉસ્ટમાં ઈંધણનું યોગદાન લગભગ ૪૦ ટકા જેટલું હોવાને કારણે ઍરલાઈન્સ પરનો બોજો ઘટાડવાના ભાગરૂપ સતત બીજીવાર એટીએફના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

પહેલી સપ્ટેમ્બરે એટીએફના ભાવમાં પ્રતિકિલોલીટર ૪.૫૮ ટકા કે રૂ. ૪,૪૯૫.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો. સ્થાનિક સ્તરે લાદવામાં આવતા કરને આધારે વિવિધ રાજ્યમાં ઈંધણનાં ભાવ અલગ અલગ જોવા મળે છે.

દરમિયાન, તેલ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી ગૅસના ભાવમાં પ્રતિસિલિન્ડર રૂ. ૪૮.૫૦નો વધારો કરતાં તેનો ભાવ વધીને રૂ. ૧,૭૪૦ થઈ ગયો છે.

કોમર્શિયલ ગૅસ સિલિન્ડરમાં કરવામાં આવેલો આ સતત ત્રીજો વધારો છે. અગાઉ કોમર્શિયલ એલપીજી ગૅસના ભાવમાં પહેલી ઑગસ્ટે ૬.૫ ટકા, પહેલી સપ્ટેમ્બરે રૂ. ૩૯નો વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવવધારાને પગલે મુંબઈ, કોલકાતા અને ચેન્નઈમાં કોમર્શિયલ ગૅસ સિલિન્ડરનો ભાવ અનુક્રમે રૂ. ૧,૬૯૨.૫૦, રૂ. ૧,૮૫૦.૫૦ અને રૂ. ૧,૯૦૩ થઈ ગયો છે.

જોકે, ઘરેલુ વપરાશમાં ઉપયોગમાં લેવાતા રાંધણગૅસના સિલિન્ડર તેમ જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. (એજન્સી)■

## ઈઝરાયલનું સૈન્ય લેબેનોનમાં ઘૂસ્યું

### યુદ્ધવિમાન અને ડ્રોનથી હુમલાઃ ઈરાનમાં આઈફોનમાં ધડાકાની ચેતવણી

જેરુસલેમઃ ઈઝરાયલનું સૈન્ય મંગળવારે લેબેનોનમાં ઘૂસી ગયું હતું અને ભૂમિ પરથી મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું. આ ઉપરાંત ઈઝરાયલે યુદ્ધ વિમાન અને ડ્રોનથી કરેલા હુમલામાં લેબેનોનમાં જાનમાલની ભારે હાનિ થઈ હતી.

દરમિયાન, ઈરાનમાં આઈફોનમાં ધડાકા થવાની ચેતવણી અપાઈ હતી.

અગાઉ લેબેનોનમાં પેજર અને વોકી-ટોકીથી કરાયેલા હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો ઘયાલ થયા હતા.

ઈઝરાયલે લેબેનોનની અમુક પ્રસારમાધ્યમની ઓફિસો પર પણ હુમલા કર્યા હોવાનું કહેવાય છે. ઈઝરાયલની સેનાએ મંગળવારે કહ્યું હતું કે દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહને નિશાન બનાવી અમે સ્થાનિક સ્તરે મર્યાદિત ઑપરેશન હાથ ધર્યું છે અને લેબેનિઝ આતંકવાદી જૂથ વિરુદ્ધના યુદ્ધમાં નવો મોરચો ખોલ્યો છે.

ઈઝરાયલની સરહદ નજીકના વિસ્તારમાં હિઝબુલ્લાહને નિશાન બનાવીને અમે હુમલા કરી રહ્યા છીએ અને જમીન પરની સેનાને ટેકો આપવા હવાઈ દળ તેમ જ તોપખાનાનું યુનિટ મર્યાદિત હુમલા કરી રહ્યા છે, એમ સેનાએ કહ્યું હતું. મંગળવારે હિઝબુલ્લાહના પ્રભાવવાળા વિસ્તારમાં હવાઈહુમલાના ધડાકા સંભળાઈ રહ્યા હતા અને હવામાં ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા.

જોકે ઈઝરાયલની સેના અને હિઝબુલ્લાહ વચ્ચે સીધી અથડામણ થઈ હોવાનાં કોઈ અહેવાલ નથી. હિઝબુલ્લાહના વર્તમાન નેતા નઈમ કાસિમે કહ્યું હતું કે ઈઝરાયલે જમીન પરથી હુમલો કરવાનો નિર્ણય લીધો છે તો અમે તેનો સામનો કરવા તૈયાર છીએ.

આ ઑપરેશન કેટલું લાંબુ ચાલશે એ અંગે વધુ ન જણાવતાં ઈઝરાયલની સેનાએ કહ્યું હતું કે આ માટે સેના તાલીમ લઈ રહી છે અને મહિનાઓ માટેની તૈયારી કરી રહી છે.

દરમિયાન ઈઝરાયલ દ્વારા છેલ્લાં બે અઠવાડિયાથી કરવામાં આવી રહેલા હુમલામાં લેબેનોનમાં ૧,૦૦૦ કરતાં પણ વધુનાં મોત થયાં છે જેમાં પચીસ ટકાથી વધુ મહિલાઓ અને બાળકો હોવાનાં અહેવાલ છે.

હિઝબુલ્લાહના ઉપનેતાએ જૂથના મોટાભાગના ટોચના કમાન્ડરોની હત્યા થવા છતાં સોમવારે ઇઝરાયલ સામે લડાઇ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેણે કહ્યું કે આતંકવાદી જૂથ લાંબા યુદ્ધ માટે તૈયાર છે. હિઝબુલ્લાહનો નેતા હસન નસરલ્લાહ પણ ઇઝરાયલી હુમલાઓમાં માર્યા ગયેલા ટોચના નેતાઓમાં સામેલ હતો. છેલ્લા ૧૦ દિવસમાં ઇઝરાયલી હુમલાઓમાં નસરલ્લાહ અને તેના છ ટોચના કમાન્ડરો અને અધિકારીઓ માર્યા ગયા છે. સેનાનું કહેવું છે કે લેબનોનના મોટા ભાગોમાં હજારો આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. (એજન્સી)■

# અંબાજી તેમજ બહુચરાજી શક્તિપીઠ ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાન માતાજીના દેવસ્થાન તથા શક્તિપીઠ ભારતીય હિન્દુ આધ્યાત્મિક પરંપરાના આધાર સ્તંભ છે. નવરાત્રીના પર્વમાં માતાજીના દેવસ્થાન તેમજ શક્તિપીઠ એક અનેરી ઊર્જાની પ્રતીતિ કરાવે છે. રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત કુલ ૯ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ અંબાજી શક્તિપીઠ ખાતે આગામી તા. ૩જી થી ૧૧મી ઓક્ટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શક્તિપીઠ ખાતે તા. ૩જી થી ૧૨મી ઓક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં માતાજીના અન્ય ૭ દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકાનાં શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા. ૪ ઓક્ટોબર, મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઊંઝા તથા કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા. ૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા.૭ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાલી મંદિર ખાતે તા. ૮ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા. ૯ ઓક્ટોબરના રોજ નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ નવ દિવસના નવરાત્રી પર્વમાં તા.૪ ઓક્ટોબરના રોજ શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે પ્રસિદ્ધ ગાયિકા ફરીદાબેન મીર તથા તા.૮ ઓક્ટોબરના રોજ અમદાવાદના શ્રી ભદ્રકાલી મંદિર ખાતે ગાયક અરવિંદ વેગડાની ઉપસ્થિતિમાં ગરબા યોજાશે. આ ઉપરાંત અન્ય સાત દેવસ્થાનો પર પણ વિવિધ ગાયક કલાકારો ખેલૈયાઓને ગરબા રમાડી માતાજીની આરાધના કરાવશે.

# સરકારી અને અર્ધ સરકારી હૉસ્પિટલોમાં વિઝિટિંગ તબીબોના માનદ્ વેતનમાં વધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સી.એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વિઝિટિંગ તજજ્ઞો-સુપર સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોના માનદ્ વેતનમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હૉસ્પિટલો અને જિલ્લા હૉસ્પિટલો ખાતે ફરજ બજાવતા આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે રૂ. ૭૦૦ થી રૂ. ૯૦૦ વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે વધારો કરાયો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયની માહિતી આપતા પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂ. ૩,૦૦૦ તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોને પ્રતિ દિન રૂ. ૨,૦૦૦ માનદ્ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુતમ ૩ કલાકની ફરજિયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડૉક્ટરોને રૂ. ૩૦૦ થી ૨,૦૦૦ સુધીનું ઈન્સેન્ટીવ પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની ૫૦ ટકા રકમ અલગથી એનેસ્થેટીસ્ટને આપવામાં આવશે. આ તજજ્ઞ ડૉક્ટરો કોઇપણ મર્યાદા વગર મહિનામાં જેટલા દિવસ સેવા આપવી હોય તેટલા દિવસ સેવા આપી શકશે. ડૉક્ટરોએ આપેલી સેવાઓના આધારે જ તેમને મહેનતાણું ચૂકવવામાં આવશે.

રાજ્યની સરકારી મેડિકલ કોલેજ અથવા જીએસઇઆરએસ સંચાલિત મેડિકલ કોલેજ સંલગ્ન હૉસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે રૂ. ૨,૭૦૦ ચૂકવવામાં આવતા હતા, જેમાં વધારો કરીને હવે રોજના રૂ. ૮,૫૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે. તદુપરાંત, નોન સર્જિકલ સુપર સ્પેશિયાલીટીવાળા સ્પેશિયાલીસ્ટને દિવસના રૂ. ૮,૫૦૦ મુજબ અને મહિનામાં જેટલા દિવસ આવા તબીબો સેવા આપી શકે તેટલા દિવસ તેઓ સેવા આપી શકશે. જેની સામે આ તબીબોએ લઘુત્તમ ત્રણ કલાક ફરજિયાત સેવાઓ આપવાની રહેશે.

આ ઉપરાંત ગ્રાન્ટ ઇન એઇડ હૉસ્પિટલોમાં વિઝીટીંગ ડૉક્ટરનો આશરે ૫૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર અત્યારે રૂ. ૭૦૦ છે, જેને હવે વધારીને રૂ. ૧,૦૦૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ૫૧ થી ૧૦૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર રૂ. ૮૦૦ થી વધારીને રૂ. ૧,૨૫૦ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૦૦ કિ.મી.થી વધારે અંતર માટે માનદ વેતનનો દર જે અત્યારે રૂ. ૯૦૦ છે, તેને વધારીને રૂ. ૧,૫૦૦ કરવામાં આવ્યો છે.

# આણંદ જિલ્લામાં 3 મહિનામાં ડેન્ગ્યુના ૬૨ અને મલેરિયાના ૧૮ કેસઃ ૪૦,૨૫૮ ઓપીડી નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લામાં ચોમાસાની શરૂઆત થતાં જ રોગચાળાએ માથું ઊંચક્યું હતું. જિલ્લામાં વાઈરલ ઇન્ફેકશન, બેવડી ઋતુ અને દૂષિત પાણીના કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. ચાલુ વર્ષે જિલ્લામાં જૂનથી સપ્ટેમ્બર માસ દરમિયાન ડેન્ગ્યુના ૬૨ અને મલેરિયાના ૧૮ કેસ નોંધાયા છે. જ્યારે આણંદ સિવિલ હૉસ્પિટલમાં જૂનથી ઓગસ્ટ માસ દરમિયાન ૪૦,૨૫૮ ઓપીડી નોંધાઈ હતી. જયારે ૧૧,૩૦૦ દર્દીઓને દાખલ કરવામાં આવ્યાં હતાં.

આણંદ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદની સાથે કાળઝાળ ગરમી તેમજ ભેજયુક્ત વાતાવરણ સર્જાતા જિલ્લાવાસીઓએ બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચકતા જિલ્લામાં ચાર મહિનામાં ડેન્ગ્યુના ૬૨ અને મલેરિયાના ૧૮ કેસો નોંધાયા હતા.

આ ઉપરાંત શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, તાવ, શરીરનો દુઃખાવો, માથાનો દુઃખાવો સહિતના રોગના મોટી સંખ્યામાં દર્દીઓ આણંદ સિવિલ હૉસ્પિટલ ખાતે સારવાર માટે આવી રહ્યાં છે. તેમજ ખાનગી દવાખાનાઓમાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

# કેનેડાથી ગાંજો આયાત કરનાર સૂત્રધારની જામીન અરજી ભુજની વિશેષ એનડીપીએસ કોર્ટે નામંજૂર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આજથી બે વર્ષ પહેલાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ કચ્છના મુંદરા અદાણી બંદર પરથી પકડેલાં ૫૯ કિલો ૩૭૦ ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં અટકમાં લેવાયેલા પંજાબના જલંધરના દીપક યશપાલ મિત્તલની ચાર્જશીટ બાદની નિયમિત જામીન અરજી ભુજ એનડીપીએસ કોર્ટે ફગાવી દીધી છે.ગત ૧૫-૦૨-૨૦૨૨ના રોજ પંજાબની આરડીએમકે નામની પેઢીએ કેનેડાથી આયાત કરેલાં કન્ટેઈનરમાં રાખવામાં આવેલી કારના કાટમાળમાં યુક્તિપૂર્વક છૂપાવાયેલો ગાંજાનો જથ્થો એનસીબીએ જપ્ત કર્યો હતો. આયાત કાર આરડીએમકેના માલિક દિનેશ ગર્ગની ધરપકડ કરી પૂછપરછ કરતાં તેણે દીપક યશપાલ મિત્તલ (૪૬)ના કહેવાથી કેનેડાસ્થિત અરુણદીપ સુદ પાસેથી માદક પદાર્થ અહીં આયાત કર્યો હોવાનું કબૂલ્યું હતું અને આ ગુનામાં દિલ્હી સ્થિત નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ ગત ૧૫મી ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરી હતી. કારના સ્ક્રેપમાંથી જપ્ત ગાંજાનો જથ્થો કોમર્સિયલ ક્વોન્ટિટીનો હોવાનું તથા ગુનામાં આરોપીની સક્રિય અને પ્રથમ દર્શનીય સંડોવણીને મહત્ત્વની ગણાવી ભુજની વિશેષ એનડીપીએસ કોર્ટના જજ વિશાલ શાહે દીપક મિત્તલની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે. આ અગાઉ ચાર્જશીટ દાખલ થયા પૂર્વે દીપકે કરેલી જામીન અરજી પણ આ કોર્ટ ફગાવી ચૂકી છે. હાઈડ્રોપોનિક્સ ગાંજો અતિ શુદ્ધ હોય છે અને તેની ગણના કોકેઈન અને હેરોઈનની સમકક્ષ થાય છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેની કિંમત પ્રતિ ગ્રામ ચાર હજાર રૂપિયા જેટલી થાય છે તેમ આ કેસમાં સરકાર પક્ષે વિશેષ વકીલ રહેલા કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું હતું.

# બોટાદના કુંડળી ગામે ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ કરનારા બે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદના કુંડલી ગામ નજીક ગત તારીખ ૨૫ના રોજ ઓખા ભાવનગર ટ્રેનને રાતના સમયે ઉથલાવવાના ગંભીર પ્રયાસથી સમગ્ર ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ટ્રેન ઊથલાવવાનું આ કાવતરું ઘડનારા રાણપુરના અલઉ ગામના ૨ આરોપીઓની બોટાદ પોલીસે ધરપકડ કરી હતી. બંને આરોપીઓ રમેશભાઈ કાનજીભાઈ સલીયા - (ઉ. ૫૫ વર્ષ) અને જયેશભાઇ નાગરભાઈ બાવળિયા - (ઉં. ૨૪ વર્ષ)ને ઘટનાસ્થળે નજીક વાડીમાંથી પોલીસે ઝડપી પાડ્યા હતા. આર્થિક દેણું થઈ જવાના કારણે ૨ આરોપીએ ટ્રેનને ઉથલાવવાનું આ ષડ્યંત્ર રચ્યું હતું. ટ્રેનને ઊથલાવી ટ્રેનના ડબામાંથી પેસેન્જર નીચે પડે પછી તેને લૂંટવાના ઇરાદે સમગ્ર પ્લાન ઘડ્યો હતો. આ ઘટનાના પગલે પોલીસ તંત્રે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતાં, પોલીસ વિભાગે એલઆઈબી, એસઓજી, ડોગ્સ સ્કવોડ, ડ્રોન સર્વેલન્સ, હ્યુમન સર્વેલન્સ તથા ટેક્નિકલ રિસોર્સિસને કામે લગાવી આ ઘટનાની ગૂંચવણને ઉકેલી નાખી હતી.

બંને આરોપીઓએ ટ્રેન કેવી રીતે લૂંટાય તે અંગે યુટ્યૂબમાં વીડિયો પણ જોયા હોવાના પુરાવા મળ્યા છે. તેમણે રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો ગર્ડર મૂકી ટ્રેનને નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ રેલવે પટ્ટાના ટુકડા રેલવે રિપેરિંગ કામ દરમિયાન ચોરી લીધા હોય તેમ પણ જાણવા મળ્યું હતું.

# વડોદરામાં હરણી બોટ દુર્ઘટના કેસના ૫ આરોપીઓ જામીન ઉપર મુક્ત

અગાઉ આ કેસમાં ચાર મહિલા આરોપીઓને જામીન આપવામાં આવ્યા હતા. હજુ એક આરોપી જેલમાં છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ગત જાન્યુઆરી ૧૮ ના રોજ હરણી તળાવમાં બોટિંગ દરમિયાન બાર બાળકો અને બે શિક્ષકો ડૂબીને મૃત્યુ પામવાના કેસમાં કુલ પાંચ આરોપીઓ દ્વારા કરવામાં આવેલી જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે મંજૂર કરી હતી.

આ આરોપીઓમાં તળાવનો કોન્ટ્રાક્ટ જેને આપાયો હતો તે કોટીયા પ્રોજેક્ટના પરેશ શાહ અને વત્સલ શાહ, બોટિંગનો પેટા કોન્ટ્રાક્ટ ધરાવનાર ડોલ્ફિન કંપનીના નિલેશ જૈન અને શાંતિલાલ સોલંકી અને બોટમેન નયન ગોહિલનો સમાવેશ થાય છે.

આ કેસમાં તેમની ધરપકડ કરાઈ હતી અને ચાર્જ શીટ દાખલ થતાં તેઓએ જામીન માગતા તેની સુનાવણી બાદ અરજી મંજૂર કરાઈ હતી. આ બાબતે વિગતવાર આદેશ બાદમાં જાહેર થશે. અગાઉ આ કેસમાં ચાર મહિલા આરોપીઓને જામીન આપવામાં આવ્યા હતા. હજુ એક આરોપી જેલમાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરાની ન્યુ સનરાઇઝ સ્કૂલના ધોરણ ૧થી ૬નાં બાળકો અને શિક્ષકો તા. ૧૮ જાન્યુઆરીના રોજ પ્રવાસે ગયા હતા ત્યારે શહેરના હરણી ખાતે આવેલા મોટનાથ તળાવમાં મોટી દુર્ઘટના ઘટી હતી. બોટિંગ દરમિયાન ક્ષમતા કરતાં વધુ બાળકોને બોટમાં બેસાડી તળાવનો રાઉન્ડ લગાવવામાં આવી રહ્યો હતો.તે દરમિયાન અચાનક બોટ પલટી મારી જતા ૨૩ વિદ્યાર્થી અને ૪ શિક્ષકો ડૂબ્યાં હતા. આ ઘટનામાં કુલ ૧૪ લોકોનાં મોત થયાં હતાં. જેમાં બે શિક્ષક અને ૧૨ બાળક હતાં. હાઇ કોર્ટ દ્વારા આ બાબતે સુઓ મોટો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદ મનપાએ નવરાત્રિમાં હરાજી વિના ગ્રાઉન્ડ ફાળવતા હાઈ કોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રિની ઇવેન્ટ માટે અમદાવાદ મહાનગરપાલિકા હસ્તક આવતા બે ગ્રાઉન્ડની મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ હરાજી કર્યા વગર જ ઠરાવ પસાર કરીને બે સંસ્થાને આ ગ્રાઉન્ડ ફાળવતા વિવાદ સર્જાયો હતો, આ સમગ્ર મામલે ગુજરાત હાઇ કોર્ટમાં સરકાર ઇવેન્ટ્સ એન્ડ હૉસ્પિટલ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી.

આ મામલે ૦૧ ઓક્ટોબરના રોજ સુનવણી હાથ ધરાશે. અરજદાર એક ભાગીદાર પેઢી છે, જે ઇવેન્ટ ઓર્ગેનાઇઝરનું કામ કરે છે. અરજદારની ફરિયાદ હતી કે, નવરાત્રિની ઇવેન્ટ માટે અમદાવાદ મહાનગરપાલિકાએ પૂર્વ નિર્ધારીત પ્રણાલિકાનું પાલન કર્યું નથી.

મળતી વિગતો મુજબ, અરજદારે આ નવરાત્રિ માટે ક્રાંતિવીર રાજગુરુ વ્યાયામ ગ્રાઉન્ડ અને કાકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડ ભાડે મેળવવા માટે અમદાવાદ મહાનગરપાલિકામાં અરજી કરી હતી. એસ્ટેટ ડિપાર્ટમેન્ટના સર્ક્યુલર મુજબ અમદાવાદના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને સેન્ટ્રલ ઝોનમાં એક દિવસનું ગ્રાઉન્ડનું મિનિમમ ભાડુ ૧૫ હજાર રૂપિયા હોય છે. જો જગ્યા ૦૨ હજાર સ્કવેર મીટરથી વધુ હોય તો પ્રતિ સ્કવેર મીટર ૭૫ રૂપિયા વધારાના ચૂકવવા પડે છે. જ્યારે અમદાવાદ પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમમાં એક દિવસનું ગ્રાઉન્ડનું ભાડું ૨૨,૫૦૦ રૂપિયા હોય છે. તેમાં પણ જો વિસ્તાર ૦૨ હજાર સ્કવેર મીટરથી વધી જાય તો વધારાનું ૧૫ રૂપિયા પ્રતિ સ્કવેર મીટર ભાડું ચૂકવવું પડે છે. આ ઉપરાંત ડિપોઝિટની રકમ પણ ભરવાની હોય છે. જો ગ્રાઉન્ડ મેળવવા માટે એક કરતાં વધારે અરજદારો આવે તો એસ્ટેટ ડિપાર્ટમેન્ટના સર્ક્યુલર મુજબ તેની હરાજી યોજવામાં આવે છે. આ હરાજીની પ્રક્રિયા નવરાત્રિના ૦૨ મહિના પહેલા કરવામાં આવે છે, પરંતુ સ્ટેન્ડિંગ કમિટીએ ક્રાંતિવીર રાજગુરુ વ્યાયામ ગ્રાઉન્ડ અને કાકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડની હરાજી કરવાની જગ્યાએ જૂન અને જુલાઈ મહિનામાં ઠરાવ પસાર કરીને અન્ય બે સંસ્થાઓને ઉપરોક્ત ગ્રાઉન્ડ ફાળવી દીધા હતા.

અરજદારે નિયમ વિરુદ્ધ કાર્ય કરવા બદલ અમદાવાદ મહાનગરપાલિકાને નોટિસ પણ પાઠવી હતી, જો કે તેનો કોઈ જવાબ મળ્યો નહોતો. આથી અરજદારે હાઈ કોર્ટમાં માગ કરી હતી કે, નિયમો વિરુદ્ધ કરાયેલી આ ફાળવણી રદ કરવામાં આવે.

# વડોદરામાં રાજમહેલના ગેટ પાસે મગર દેખાતા લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરમાં અનેક મગરો બહાર આવી ગયા હતા. વિશ્વામિત્રી નદીની જળ સપાટીમાં વધારો થતા સતત ત્રીજા દિવસે મગરો નીકળવાનો સિલસિલો યથાવત છે.

ગત મોડી રાત્રીએ વડોદરા શહેરના રાજમહેલ ગેટ નંબર ચાર પાસે આઠ ફૂટના મગરની શાહી લટાર જોવા મળી હતી. જિલ્લાના શિનોર તાલુકામાં પણ મગરની લટારથી લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. વડોદરાના રાજમાર્ગો તેમજ રહેણાક વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે પણ મગરની લટાર જોવા મળી રહી છે. સોમવાર રાત્રીના સમયે રાજમહેલ ગેટ નંબર ચાર પાસે મગરની શાહી લટાર જોવા મળી હતી. મહેલના કમ્પાઉન્ડમાં આઠ ફૂટનો મગર દેખાતા ફફડાટ વ્યાપી ગયો હતો.

બીજી તરફ લાલબાગ બ્રિજ નીચે પણ ચાર ફૂટના મગરે ડેરો જમાવ્યો હતો. જીવદયા પ્રેમીઓએ બંને મગરનું ભારે જહેમત બાદ સુરક્ષિત રેસ્કયુ કરી બંને મગરોને વન વિભાગને સોંપ્યા હતા.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે સાયબર કમાન્ડો માટે છ મહિનાનો કોર્સ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ) ખાતે મંગળવારે સાયબર કમાન્ડો માટે છ મહિનાના રેસિડેન્શિયલ કોર્સના લોન્ચિંગ પ્રસંગે ગુજરાતના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સાયબર કમાન્ડોને તાલીમ આપવી અને તૈયાર કરવા એ કેન્દ્ર અને રાજ્યના પોલીસ દળોને સાયબર ધમકીઓનો સામનો કરવા માટે આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક પગલું છે.

સહાયે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં, સાયબર સુરક્ષા એક વૈશ્વિક પડકાર બની ગયું છે, અને તેનો સામનો કરવા માટે પોલીસની તૈયારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે, કારણ કે તેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને પ્રભાવો છે.

સાયબર કમાન્ડો માટેનો તાલીમ અભ્યાસક્રમ દેશની વિવિધ સંસ્થાઓમાં શરૂ કરવામાં આવી રહ્યો છે. તેમાં તાલિમાર્થીઓને સાયબર સુરક્ષાના વિવિધ પાસાઓનું વ્યાપક જ્ઞાન અને અદ્યતન કૌશલ્યોથી સજ્જ કરવામાં આવે છે.

સહાયે પોલીસ ફોર્સને સતર્ક કરતા કહ્યું હતું કે, ‘‘આપણે (પોલીસ દળે), આપણા દેશ અને સમગ્ર વિશ્વના કાયદાકીય માળખાના રક્ષક તરીકે, સાયબર ધમકીના વધતા પડકારો માટે પોતાને સુસજ્જ કરવાની જરૂર છે.’’

પોલીસ દળને આ પડકારનો સામનો કરવા માટે પોતાને તૈયાર કરવા માટે ‘આત્મ નિર્ભર’ બનવાની જરૂર છે, અને તેથી, સાયબર કમાન્ડોની તાલીમ મેળવવી જરૂરી છે.

# નવરાત્રિમાં ચોટીલા ચામુંડા માતાના મંદિરે દર્શનના સમયમાં ફેરફાર, ૧૦મીએ હવન

અમદાવાદઃ ચોટીલા ચામુંડા માતાજીના મંદિરે આરતી અને દર્શનના તેમજ દ્વારના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, નવરાત્રિના તહેવારને પગલે મોટી સંખ્યામાં માઇભક્તો આવતા હોય છે. ત્યારે મંદિર ટ્રસ્ટે માતાજીના દર્શનના સમયમાં ફેરફાર કર્યો હતો. શ્રી ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ દરમિયાન સમયમાં ફેરફાર કર્યો હતો. આગામી તારીખ ૩ ઓક્ટોબરથી ૧૧મી ઓક્ટોબર દરમિયાન નવરાત્રિ દરમિયાન દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આસો સુદ નવરાત્રિ દરમિયાન ડુંગર પર ચડવાના દ્વાર સવારે ૪:૩૦ કલાકે ખોલવામાં આવશે. સવારની આરતી પાંચ વાગ્યે અને સાંજની આરતી રાબેતા મુજબ સૂર્યાસ્તના સમયે થશે. આ સિવાય તારીખ ૧૦ ઓક્ટોબર આઠમના દિવસે હવનાષ્ટમી યજ્ઞ ડુંગર પર યોજાશે અને ચાર વાગ્યે બીડું હોમાશે. નવરાત્રિ દરમિયાન આઠ નોરતાના દિવસે મંદિરના ભોજનાલયમાં ભોજન પ્રસાદનો સમય બપોરે ૧૧થી ૨ રહેશે. ત્યારે હવનાષ્ટમીના દિવસે પ્રસાદનો સમય સાંજે ૪ કલાકે રહેશે.

# મહુવાના બોરડી ગામે વીજશોક લાગતા સિંહનું મોતઃ એકની અટકાયત

અમદાવાદઃ ભાવનગરના મહુવા તાલુકાના બોરડી ગામે વીજશોક લાગતા સિંહનું મોત થતાં મહુવા સહિત સમગ્ર ગોહિલવાડ પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ તંત્ર દોડતું થયું હતું, વીજ થાંભલાથી સીધું જોડાણ તારમાં આપી દેવાતા નર સિંહનું શોક લાગતા મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવના પગલે શેત્રુંજી વન-વિભાગે એક શખ્સની અટકાયત કરી હતી. મુજબ, મહુવા તાલુકાના બોરડી ગામે નર સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં જ સ્થાનિક વન વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. અર્થે હૉસ્પિટલ ખસેડ્યો હતો. વન વિભાગની પ્રાથમિક તપાસમાં મૃતક સિંહની ઉંમર! આશરે ૩થી ૫વર્ષ હોવાનું અને મૃતક સિંહ નર હોવાનું જણાયું હતું. જ્યારે તેનું મોત ખેતરમાં રાખેલા વીજપ્રવાહના કારણે થયું હોવાનું ખુલ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહુવાના મોટા ખુંટવડા ગામે હજુ થોડા દિવસ પહેલા જ આવી જ રીતે વીજ પ્રવાહથી સિંહનું મોત નીપજ્યું હતું, આ ઘટના હજુ તાજી જ છે ત્યારે મહુવામાં આ બીજો બનાવ બન્યો હતો. સિંહ શેડ્યુલ વનમાં આવતું પ્રાણી છે, જો કે કરુણ રીતે જ સિંહનું મૃત્યુ થતા વન્ય પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો હતો.

# સોમનાથ મંદિર આસપાસ ડિમોલીશનનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પવિત્ર તીર્થધામ ગીર સોમનાથમાં ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવી હતી.જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવેલો ડિમોલીશનનો મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો અને સમસ્ત પટણી મુસ્લિમ જમાતે ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અવમાનનાની અરજી કરી હતી. ગત સપ્તાહે સોમનાથ મંદિર પાસે સરકારી જમીન પરનું દબાણ હટાવવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને આ વિસ્તારમાં ખડકી દેવાયેલાં ધર્મસ્થાનોને દૂર કરવામાં આવ્યા હતા.

આ તમામ ગેરકાયદેસર બાંધકામ હોવાનું બહાર આવ્યું હતું અને નોટિસ સહિતની પ્રક્રિયાઓ અપનાવવામાં આવી હોવાનું જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જણાવાયું હતું અને બુલડોઝરની મદદથી દબાણ દૂર કરાતા હવે વિવાદ સર્જાયો હતો. સુપ્રીમ કોર્ટે હાલમાં જ દેશભરમાં બુલડોઝર ચલાવવા સામે સ્ટે આપ્યો હતો.

જો કે ગેરકાનૂની બાંધકામોને કાનૂની પ્રક્રિયા સાથે તોડવા માટે કોઇ સ્ટે નથી તેવું પણ જણાવ્યું હતું. પરંતુ સમસ્ત પટ્ટણી મુસ્લિમ જમાતે આ અંગે સુપ્રીમમાં અરજી કરી હતી, હવે આ મામલે સર્વોચ્ચ અદાલત શું વલણ અપનાવે છે તેના પર નજર છે.

# સુરેન્દ્રનગરના વસ્તડીની ભોગાવો નદીમાં સ્કૂલ બસ ફસાઈઃ ૪૫ વિદ્યાર્થીઓનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના વસ્તડી ગામનો ડાયવર્જન વસ્તડી ગામની ભોગાવો નદીમાં કાચો ડાયવર્ઝન ધસમસતા પૂરમાં ધોવાઈ ગયો હતો, જેના કારણે સ્કૂલ બસ ફસાઈ ગઈ હતી, બસમાં વિદ્યાર્થીઓ પણ હતા. જેમને બહાર ઉતારવામાં આવ્યા છે.

ડ્રાઇવરની બેદરકારીને કારણે સ્કૂલ બસ ફસાઈ ગઈ હતી. જો કે સદ્નસીબે કોઈ દુર્ઘટના સર્જાઈ નહોંતી, ૪૫ જેટલા વિદ્યાર્થીઓને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાના પગલે સરકારી તંત્ર કેટલું બેદરકાર છે તે પણ બહાર આવ્યું છે અને સરકારી તંત્ર સામે આજુબાજુના ૧૦ જેટલા ગામડાઓના લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

# ખાવડાના ભીરંડિયારા નજીક વાછરડાની કતલ કરી કારમાં 30 કિલો ગૌ-માંસ લઈ જતી ત્રિપુટી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આદ્ય શક્તિની ઉપાસનાના મહાપર્વ નવરાત્રીની ધામધૂમ વચ્ચે કચ્છના સરહદી ખાવડા પંથકના ભીરંડિયારા નજીક એક વાછરડાની કતલ કરીને તેનું માંસ લઈને કારમાં ખાવડા તરફ જઈ રહેલાં ત્રણ નરાધમ શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. પૂર્વ બાતમીના આધારે ખાવડા પોલીસે વોચ ગોઠવી આ ત્રિપુટીને ઝડપી કારની તલાશી લેતાં કોથળાઓમાંથી ત્રણ હજારની કિંમતનું ૩૦ કિલો ગૌવંશ માંસ મળી આવ્યું હતું. પોલીસે ઝડપેલાં શખ્સોમાં કારચાલક મૌલાના અબ્દુલ સત્તાર હાસમ સમા, સુલતના નુરમામદ જુસબ સમા અને હુસેન ઉમર જુણસ સમા (રહે. ત્રણેય મોટા, ખાવડા)નો સમાવેશ થાય છે. આરોપીઓએ ભીરંડિયારા નજીક રણ વિલેજ રીસોર્ટ સામે આવેલી બાવળની ઝાડીમાં માતા સાથે રહેલાં નાનકડાં વાછરડાંની બેરહેમીપૂર્વક કતલ કરી હોવાનું કબૂલ્યું હતું.

ખાવડાના પીએસઆઈ એમ.બી. ચાવડાએ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

# ઓબીસી કાર્યકરને ધક્કે ચડાવાયોઃ પચીસ મરાઠાઓ સામે ગુનો નોંધાયો

પુણેઃ ઓબીસી કાર્યકર લક્ષ્મણ હાકેને મરાઠા સમુદાયના સભ્યો દ્વારા ધક્કે ચઢાવાયો હતો અને તેની સાથે શાબ્દિક દુર્વ્યવહાર કર્યો હતો. આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો, એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે રાત્રે કોંધવા નજીક બની હતી. આ પ્રકરણે પચીસ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં મરાઠા સમુદાયના લોકો હાકેનો વિરોધ કરી રહેલા નજરે પડે છે અને તેમણે દાવો કર્યો હતો કે હાકેએ દારૂ પીધો હતો. આ સિવાય તેઓ શાબ્દિક દુર્વ્યવહાર કરતા પણ નજરે પડે છે.

'હાકેને ધક્કે ચઢાવવા માટે સંબંધિત કલમો હેઠળ પીચસ જણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી છે', એમ કોંધવા પોલીસ સ્ટેશનના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

દેખાવકારોએ હાકેને પોલીસ સ્ટેશનમાં લઇ આવ્યા હતા અને તે નશામાં છે એવો આક્ષેપ કરીને તેની મેડિકલ ટેસ્ટ કરાવવાની માગણી કરી હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. હાકેની મેડિકલ ટેસ્ટની રિપોર્ટ બે દિવસમાં આવશે ત્યાર બાદ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)

# પિતા સાથે બાઈક પર સ્કૂલે જઈ રહેલી વિદ્યાર્થિનીનું અકસ્માતમાં મૃત્યુ

મુંબઈઃ પિતા સાથે બાઈક પર સ્કૂલે જઈ રહેલી વિદ્યાર્થિની પર ડમ્પર કાળ બનીને ધસી આવ્યું હતું. અકસ્માતમાં વિદ્યાર્થિનીએ જીવ ગુમાવ્યો હતો તો તેના પિતા ગંભીર રીતે ઘવાયા હતા. પોલીસે ડમ્પરના ડ્રાઈવરને પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. દિંડોશી પોલીસ અનુસાર ઘટના મંગળવારની સવારે ગોરેગામ પૂર્વમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પાસે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલી વિદ્યાર્થિનીની ઓળખ વિન્મયી મોરે (૧૩) તરીકે થઈ હતી.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની વિદ્યાર્થિની પિતા સાથે સ્કૂલે જઈ રહી હતી. હાઈવે પાસેના ઑબેરોય મૉલ નજીક વળાંક લેતી વખતે પાછળથી પૂરપાટ વેગે આવેલા ડમ્પરે બાઈકને ટક્કર મારી હતી. બાઈક પરથી ફંગોળાયેલી વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હોવાનું પોલીસનું કહેવું છે. વિદ્યાર્થિનીના જખમી પિતાને સારવાર માટે જોગેશ્વરીના ટ્રોમા કૅર સેન્ટરમાં દાખલ કરાયો હતો.

# આઇફોન સાથેની પોણા પાંચ લાખની બૅગ ટ્રેનમાં ભૂલ્યો, પોલીસે શોધી આપી

થાણેઃ અમેરિકાથી ભારત આવેલા ૪૪ વર્ષના એન્થની ડી'કોસ્ટા બધું મળી ૪.૭૪ લાખ રૂપિયાના મૂલ્યના અમેરિકન ડૉલર્સ અને અન્ય ચીજવસ્તુઓ ભરેલી બૅગ લોકલ ટ્રેનમાં ભૂલી ગયો હતો. જોકે, પોલીસે એ બૅગ શોધી કાઢી માલિકને સોંપી દીધી હોવાની જાણકારી એક અધિકારીએ મંગળવારે આપી હતી.

૨૯ સપ્ટેમ્બરે ભારત આવેલા એન્થનીનો પરિવાર થાણા નજીક મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના નેરળમાં રહે છે. લોકલ ટ્રેનમાં ત્રણ બૅગ સાથે મુસાફરી કરી રહેલો એન્થની નેરળ ઊતરતી વખતે એક બૅગ ટ્રેનમાં જ ભૂલી ગયો હતો. ભુલાઈ ગયેલી બૅગમાં ત્રણ પાસપોર્ટ, ૪,૯૦૦ ડૉલર અને એક આઇફોન સહિત વિવિધ ચીજવસ્તુઓ હતી. બૅગ ભૂલી જવાનો ખ્યાલ આવતા ડી'કોસ્ટાએ તાબડતોબ રેલવે હેલ્પલાઇનને ફોન કરીને આ બાબતની જાણ કરી હતી.

ટ્રેન કર્જત (રાયગઢમાં) પહોંચી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) તરફ પાછી ફરી રહી હતી ત્યારે ફોન આવ્યો હતો એમ કલ્યાણ ગવર્નમેન્ટ રેલવે પોલીસના સિનિયર ઇન્સ્પેક્ટર પંઢરી કાંડેએ જણાવ્યું હતું. થાણાના બદલાપુરમાં પોલીસને સતર્ક કરી દેવામાં આવી હતી. પોલીસે શોધખોળ કરી ૨૯ સપ્ટેમ્બરે જ ટ્રેન અંબરનાથ જઈ રહી હતી ત્યારે બૅગ શોધી કાઢી હતી એમ તેમણે જણાવ્યું હતું. સામાન અકબંધ મળતા ડી'કોસ્ટાએ કલ્યાણ જીઆરપીનો આભાર માન્યો હતો. (પીટીઆઈ)

# રેલવે પ્રધાને કરી વાડી બંદર ડેપોની સમીક્ષા

મુંબઈઃ રેલવેના પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે મધ્ય રેલવેના વાડી બંદર કોચિંગ ડેપોની સમીક્ષા કરી હતી તથા પ્રવાસીઓની સુરક્ષા અને રેલવે સિસ્ટમમાં સંશોધનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. ૧૮૬૦થી કાર્યરત વાડી બંદર ડૅપો મધ્ય રેલવે નેટવર્કનું સૌથી જૂના ડેપોમાંથી એક છે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો સહિત ૩૦થી વધુ મેલ-એક્સપ્રેસ ટ્રેનોનું સમારકામ આ ડેપોમાં કરવામાં આવે છે. રેલવે પ્રધાને ડૅપોના માળખાની સમીક્ષા કરી હતી અને સ્વચ્છતા, પ્રવાસીઓની સુરક્ષા અને સેવાની વિશ્વનીયતા વધારવા સાથેની ભવિષ્યની યોજનાઓ અંગે ચર્ચા કરી હતી. 'બેસ્ટ ફ્રોમ વેસ્ટ' પ્રદર્શનમાં કચરો ઉપાડવા માટેની ઇનહાઉસ ડિઝાઇન સહિત સ્વચ્છતા અંગેના ડેપોના સંશોધનોની તેમણે પ્રશંસા કરી હતી. વંદે ભારત એક્સપ્રેસમાં થતી '૧૪ મિનિટમાં ચમ્કારી સફાઇ' માટે ઉપયોગમાં લેવાતા ડાયસન વેક્યુમ સહિત આધુનિક સફાઇ ઉપકરણોનું પ્રદર્શન પ્રધાન સમક્ષ કરાયું હતું, એમ મધ્ય રેલવે દ્વારા રજૂ કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું.

લિંકે હૉફમેન બુસ્ચ (એલએચબી) કોચીસમાં કરાયેલા ફેરફાર, જેમકે ટીપીયુ રિંગ્સનો ઉમેરો જેનાથી સ્પ્રિંગ ફેલ્યોરની સમસ્યાને ઘટાડી શકાય છે, તેની સમીક્ષા પણ વૈષ્ણવે કરી હતી. સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં ટેક્નોલોજીના ઉપયોગને ટાંકતા રેલવે પ્રધાને નોંધ્યું હતું કે અલ્ટ્રા-સોનિક એર લીકેજ ડિટેકશન સિસ્ટમ અને ફિબા (ફ્લશિંગ ઈન્ડિકેટર એન્ડ બ્રેક એપ્લિકેશન) સિસ્ટમ જેવા આધુનિક ઉપકરણો ટ્રેનના મેઇનટેનન્સ માટે ઉપયોગી છે.

# કોરેગાંવ ભીમાના બલિદાનના ઈતિહાસને ભૂંસી નાખવાનો પ્રયાસ થાય છેઃ શરદ પવાર

પુણેઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી))ના અધ્યક્ષ શરદ પવારે કહ્યું છે કે મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં સ્થિત કોરેગાંવ ભીમાનો ઇતિહાસ લોકોના બલિદાનનો છે પરંતુ કેટલાંક સાંપ્રદાયિક તત્ત્વો એ ઈતિહાસ હટાવી દેવાની કોશિશ કરી રહ્યા છે.

૧૮૧૮માં થયેલી કોરેગાંવ ભીમા લડતની સ્મૃતિમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસે પુણેમાં આયોજિત કરવામાં આવેલા એલગાર પરિષદ સંમેલનના એક દિવસ બાદ હિંસા ફાટી નીકળી હતી. બે સદી પહેલાં થયેલી લડતમાં દલિતોની બનેલી બ્રિટિશ સેનાએ પેશવાઓને પરાજિત કર્યા હતા. મહારાષ્ટ્ર સરકારે આ હિંસાની તપાસ કરવા માટે હાઈ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જે.એન.પટેલના વડપણ હેઠળ ફેબ્રુઆરી ૨૦૧૮માં કોરેગાંવ ભીમા તપાસ પંચની રચના કરી હતી.

કમિશન સમક્ષ કેટલાક સાક્ષીઓનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ રાહુલ મખારે એનસીપી (એસપી)માં જોડાયા એ નિમિત્તે સોમવારે આયોજિત કરવામાં આવેલા એક કાર્યક્રમમાં હિંસાને કારણે રાજ્ય અને દેશમાં અશાંતિનું વાતાવરણ સર્જાયું હતું' એમ જણાવી શરદ પવારે દાવો કર્યો હતો કે 'કમિશન સમક્ષ હાજર રહેવા માટે મને સમન્સ મળ્યું ત્યારે ઊલટતપાસ દરમિયાન કેટલાક લોકોએ મને કેટલીક વાતો કહેવા મારા પર દબાણ કરવાનો પ્રયાસ કર્યો. કોરેગાંવ ભીમાનો ઇતિહાસ એ લોકોનો ઇતિહાસ છે જેમણે પોતાના જીવનું બલિદાન આપ્યું હતું. પરંતુ કેટલાક સાંપ્રદાયિક તત્ત્વો તે ઇતિહાસને ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક યુવાનોએ પહેલ કરી સમાજ સમક્ષ સત્ય રજૂ કર્યું. મખારે તેમાંના એક છે.' 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમાજ માટે ખતરો છે અને તેમની વિચારસરણી સમાનતા માટે હાનિકારક' છે. વર્તમાન સમયમાં શાસકો બાબાસાહેબ આંબેડકર દ્વારા આપણને આપવામાં આવેલા બંધારણ માટે ખતરો બની રહ્યા છે' એવી દલીલ કરી પૂર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે 'જો ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં તેમના પક્ષને ૪૦૦ બેઠક મળશે તો તેઓ બંધારણમાં ફેરફાર કરશે

# ત્રણ વિદ્યાર્થિનીનો વિનયભંગઃ પ્રિન્સિપાલ સહિત ત્રણ સામે ગુનો

રત્નાગિરિઃ કોળંબે ખાતે મુળયે હાઇ સ્કૂલ એન્ડ જુનિયર કોલેજની ત્રણ વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવાના આરોપસર સંસ્થાના અધ્યક્ષ, તેના પુત્ર અને પ્રિન્સિપાલ સામે પોક્સો (પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

સંસ્થાની લાઇબ્રેરિયને આ પ્રકરણે રત્નાગિરિ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અધ્યક્ષ નયન મુળયે, તેના પુત્ર પ્રથમેશ મુળયે અને પ્રિન્સિપાલ સંજય મુળયે સામે ગુનો દાખલ કરાયો હતો. કેસ બાદમાં સંગમેશ્વર પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો. કમળજાબાઇ પાંડુરંગ મુળયે હાઇ સ્કૂલ એન્ડ જુનિયર કોલેજની ત્રણેય વિદ્યાર્થિની ગણેશોત્સવ દરમિયાન પોતાના વતન ગઇ નહોતી. આમાંની ૧૭ વર્ષની વિદ્યાર્થિની એ સમયે ફરિયાદીને ત્યાં રહેવા માટે ગઇ હતી. ફરિયાદી બાદમાં પોતાના વતન ગઇ ત્યારે વિદ્યાર્થિની સંસ્થાના અધ્યક્ષ નયન મુળયેના નિવાસે રોકાઇ હતી. એ સમયે તેનો કથિત વિનયભંગ કરાયો હતો, જ્યારે નયન મુળયેના પુત્રએ તેને ધમકાવી હતી. વિદ્યાર્થિનીએ આ અંગે પ્રિન્સિપાલ સમક્ષ ફરિયાદ કરી હતી, પણ તેણે દુર્લક્ષ કર્યું હતું. આથી ગણેશોત્સવની રજા પત્યા બાદ તેણે ફરિયાદીને હકીકત જણાવી હતી. બાકીની બે વિદ્યાર્થિનીનો વિનયભંગ ક્યાં કરાયો તેની સંગમેશ્વર પોલીસ તપાસ કરી રહી છે.

### નાયર હૉસ્પિટલમાં વિદ્યાર્થિનીની જાતીય સતામણીઃ

# સીએમ ઍક્શનમાંઃ ડીનની બદલીનો આદેશ

મુંબઈઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રખ્યાત નાયર હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થિનીની જાતીય સતામણીનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. એક રાજકીય પાર્ટીના નેતા દ્વારા સવારે આ મામલે પ્રેસ કોન્ફરન્સ કરી અને ઉચ્ચ કક્ષાના મહિલા અધિકારીની નિમણૂક કરીને તપાસની માગ કરી તેના થોડા કલાકો બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ મામલાની નોંધ લીધી છે. નાયર હોસ્પિટલમાં જાતીય સતામણીના કેસમાં હોસ્પિટલના ડીનની બદલી કર્યા બાદ મુખ્ય પ્રધાને વિશેષ તપાસ સમિતિની નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે.

આ મામલો સામે આવ્યા બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેની ગંભીર નોંધ લીધી છે. તેમણે આ કેસમાં કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે અને પીડિતોને ન્યાય મળશે તેવી ખાતરી આપી હતી. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને તાત્કાલિક હોસ્પિટલના ડીનની બદલી કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલાની સંપૂર્ણ તપાસ કરવા માટે એક વિશેષ સમિતિની રચના કરવામાં આવશે. હોસ્પિટલના સ્ટાફ અને વિદ્યાર્થીઓની સલામતી માટે વધારાના પગલાં લેવામાં આવશે એમ પણ મુખ્ય પ્રધાને કહ્યું છે.

આરોગ્ય ક્ષેત્રે આવી ઘટનાઓ ખૂબ જ ગંભીર છે. અમે આ મામલે તપાસ કરીશું અને દોષી સામે કડક કાર્યવાહી કરીશું એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું અને એવી ખાતરી આપી હતી કે હોસ્પિટલમાં દરેક માટે સલામત વાતાવરણ ઊભું કરવું એ અમારી ફરજ છે.

મહિલા આંતરિક સમિતિ દ્વારા એક વ્યક્તિને દોષી ઠેરવવામાં આવ્યો હતો. તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, પરંતુ સસ્પેન્શન બાદ પણ તેને કોલેજ દ્વારા હાંકી કાઢવામાં આવ્યો ન હતો. ડીન દ્વારા સસ્પેન્શનમાં કરવામાં આવેલા વિલંબને કારણે તેમની સામે કાર્યવાહી કરવાની માગણી થઈ રહી હતી.

# અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવનારા બૅન્ક મેનેજરનો મૃતદેહ જેએનપીટીથી મળ્યો

મુંબઈઃ મુંબઈ અને નવી મુંબઈને જોડતા અટલ સેતુ પર કાર થોભાવ્યા બાદ દરિયામાં ઝંપલાવનારા ૪૦ વર્ષના બેન્ક મેનેજરનો મૃતદેહ મંગળવારે સાંજના નવી મુંબઇમાં જેએનપીટી (જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ) ખાતેથી મળી આવ્યો હતો. શિવડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રોહિત ખોતે જણાવ્યું હતું કે સોમવારે સવારે અટલ સેતુ પરથી દરિયામાં છલાંગ લગાવનારા સુશાંત ચક્રવર્તીનો મૃતદેહ મંગળવારે સાંજે ૫.૧૫ વાગ્યે જેએનપીટી ખાતેથી મળી આવ્યો હતો. મૃતદેહને ત્યાર બાદ પોસ્ટમોર્ટમ માટે ઉરણની હોસ્પિટલમાં મોકલાયો હતો. સુશાંતના પરિવારજનોને આની જાણ કરવામાં આવી હતી. પરેલ વિસ્તારમાં રહેતો અને રાષ્ટ્રીયકૃત બેન્કમાં મેનેજર તરીકે કામ કરતો સુશાંત ચક્રવર્તી સોમવારે સવારે કામે જઇ રહ્યાનું કહીં ઘરેથી નીકળ્યો હતો. જોકે તે કારમાં અટલ સેતુ પર પહોંચ્યો હતો, જ્યાં તેણે બ્રિજના દક્ષિણ તરફના ભાગ પર કાર થોભાવી હતી. કારમાંથી ઊતર્યા બાદ સુશાંતે દરિયામાં ઝંપલાવી દીધું હતું.

પોલીસ અને અન્ય સર્ચ ટીમો દ્વારા દરિયામાં શોધ ચલાવવામાં આવી હતી, પણ મોડી રાતે સુધી તેનો કોઇ જ પત્તો લાગ્યો નહોતો.

# રસ્તા બનતા જશે એ સાથે જ તેની ગુણવત્તાની ચકાસણી થતી જશે

મુંબઈઃ મુંબઈમાં ચોમાસું પૂરું થવાની સાથે જ શહેરમાં અનેક ઠેકાણે રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટીકરણના કામ પહેલી ઑક્ટોબરથી ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, ત્યારે રસ્તાના કામની ગુણવત્તા તપાસવા માટે નીમવામાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-બોમ્બેએ પણ રસ્તાના કામની સાથે જ પોતાનું ઈન્સ્પેકશન કરવાનું કામ ચાલુ કરી દેવાનો નિર્દેશ સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ આપ્યો છે.

મુંબઈના તમામ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન કરવામાં આવવાનું છે. પહેલા તબક્કામાં ૩૯૨ કિલોમીટર તો બીજા તબક્કામાં ૩૦૯ કિલોમીટર એમ કુલ ૭૦૧ કિલોમીટર રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટીકરણ કરવામાં આવવાનું છે. તે માટે વર્ક ઓર્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે. સિમેન્ટ-કૉંક્રીટીકરણના કામની ગુણવત્તા સારી રહે તે માટે આઈઆઈટીને થર્ડ પાર્ટી તરીકે નિમવામાં આવી છે, તે માટે સુધરાઈએ આઈઆઈટી સાથે એમઓયુ સાઈન કર્યા છે. બીજા તબક્કાના પાંચ પૅકેજ (શહેરમાં એક, પૂર્વ ઉપનગરમાં એક અને પશ્ચિમ ઉપનગરમાં ત્રણ) અને પહેલા તબક્કાના પૅકેજ એકના કામની ગુણવત્તા તપાસવાનું કામ આઈઆઈટી કરવાની છે. પહેલી ઑક્ટોબર, ૨૦૨૪થી રસ્તાના કામની પૂર્વ તૈયારી ચાલુ કરી દેવામાં આવી છે ત્યારે રસ્તાના નવેસરથી ચાલુ થનારા રસ્તાના કામની ગુણવત્તા પહેલેથી છેલ્લે સુધી જળવાઈ રહે તે માટે પાલિકાના રોડ ડિપાર્ટમન્ટના એન્જિનિયર અને આઈઆઈટીની ટીમે આપસમાં સતત સંવાદ જાળવી રાખવાનો રહેશે. રસ્તાના કામ જાણીજોઈને હલકી ગુણવત્તા કરવામાં આવે નહી, તેથી સતત વિજિલન્સ રહે એ સાથે જ અજાણતામાં ભૂલ થાય નહીં તે માટે આઈઆઈટી પણ સતત માર્ગદર્શન કરવાની છે. રસ્તાના કામ ચાલત હશે ત્યારે સરપ્રાઈઝ વિઝિટ પણ કરવામાં આવવાની છે. કૉંક્રીટ પ્લાન્ટમાં મટિરિયલ બનાવવાથી લઈને કૉંક્રીટના રસ્તાનું કામ પૂરું થાય નહીં ત્યા સુધી જુદી જુદી ટેસ્ટ પણ આઈઆઈટીએ કરવાના રહેશે.

# વીર સાવરકરનું અપમાનઃ રાહુલ ગાંધીને સમન્સ

મુંબઈઃ હિન્દુત્વવાદી વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ કથિત વાંધાજનક ટિપ્પણી કરવા બદલ કૉંગ્રેસના સંસદ સભ્ય રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા બદનક્ષી કેસમાં મહારાષ્ટ્રના નાશિક જિલ્લાની એક અદાલતે રાહુલ ગાંધીને સમન્સ પાઠવ્યું છે.

નાશિકના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દીપાલી પરિમલ કડુસકરે ૨૭ સપ્ટેમ્બરે રાહુલ ગાંધીને સમન્સ જારી કર્યું હતું. આ સમન્સમાં 'દેશભક્ત વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવેલું નિવેદન પ્રથમ દૃષ્ટિએ બદનામી કરનારું લાગે છે' એવું જણાવવામાં આવ્યું છે. કેસની આગામી તારીખે રાહુલ ગાંધીએ વ્યક્તિગત રીતે અથવા તો તેમના કાનૂની પ્રતિનિધિ દ્વારા હાજર થવું પડશે.

એનજીઓના ડિરેક્ટર ફરિયાદીએ દાવો કર્યો હતો કે તેમણે હિંગોલીમાં રાહુલ ગાંધીની પત્રકાર પરિષદ અને નવેમ્બર ૨૦૨૨માં તેમણે કરેલા ભાષણની વિગતો ચકાસી હતી. આ બંને પ્રસંગોએ રાહુલ ગાંધીએ તેમની વાણી અને દ્રશ્ય રજૂઆત દ્વારા ઈરાદાપૂર્વક વીર સાવરકરની પ્રતિષ્ઠાને ખરડી સમાજમાં તેમની છબી બદનામ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર ગાંધીએ કહ્યું હતું કે 'સાવરકર ભાજપ અને આરએસએસના જિન છે'. આ નિવેદન બદનામી કરનારું છે.

# ફિલ્મના શૂટિંગ માટે ભાડે આપવાને બહાને લીધેલાં ૨૮ વાહનો વેચી નાખનારો પકડાયો

મુંબઈઃ ફિલ્મના શૂટિંગ માટે વાહનો ભાડે જોઈતાં હોવાનું કહીને મલાડના માલવણી પરિસરમાં રહેતા યુવકે ૨૮ વાહનો ગુજરાત, ગોવા સહિત અન્ય રાજ્યોમાં વેચી નાખ્યાં હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણે પોલીસે આરોપીની ધરપકડ કરી ૨૬ વાહનો હસ્તગત કર્યાં હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

માલવણી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ આકાશ બ્રિજેશ સિંહ (૨૧) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના ઉન્નાવના વતની આકાશનો પરિવાર છેલ્લાં બે વર્ષથી માલવણીના જનકલ્યાણ નગરમાં ભાડેના ફ્લૅટમાં રહેતો હતો. આકાશ પોલીસથી બચીને વચ્ચે વચ્ચે પરિવારને મળવા આવતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ફિલ્મના શૂટિંગમાં આપવાને બહાને માલિકો પાસેથી કાર, બાઈક અને અન્ય વાહનો લઈને આરોપી નિયમિત રીતે ભાડાં આપવાની ખાતરી આપતો હતો. આ પ્રકરણે માલવણીના ચીકુવાડી ખાતે રહેતા ૨૪ વર્ષના યુવકે ૭ સપ્ટેમ્બરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

એફઆઈઆર અનુસાર આરોપી સિંહ ઑગસ્ટમાં ફરિયાદીને મળ્યો હતો અને ફિલ્મના શૂટિંગ માટે ભાડા પર જોઈતી કાર્સ, બાઈક્સ અને અન્ય વાહનો અંગે પૂછપરછ કરી હતી. સારા ભાડાની લાલચમાં ચાર જણ તેમની બાઈક્સ અને કાર્સ ભાડે આપવા તૈયાર થઈ ગયા હતા.

વાહન લીધા પછી સિંહે નક્કી થયેલું મહિનાનું ભાડું ચૂકવ્યું નહોતું અને વાહનો પણ પરત કર્યાં નહોતાં. બાદમાં તેનો મોબાઈલ ફોન સ્વિચ ઑફ્ફ આવતો હતો. પોતે છેતરાયા હોવાની જાણ થતાં એક યુવકે માલવણી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી આરોપીને પકડી પાડ્યો હતો.

## જૈન મરણ

### દશા શ્રીમાળી જૈન

કોકાના પાડાના સ્વ. સુલોચનાબેન લલીતભાઈના પુત્રવધૂ જયશ્રી વિકેશ શાહ, તે વિકેશના ધર્મપત્ની, મેઘા મહેન્દ્રના માતુશ્રી. ચેતના મુકેશના ભાઈ. લાજવંતી ગોકલાનીજીની દીકરી, અનીલ, અશોક, અને આશાના બેન. તા. ૩૦-૯-૨૦૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

સાંગાણા નિવાસી હાલ ગોરેગાંવ વિમળાબેન ફતેચંદ શાહના સુપુત્ર જેચંદભાઇ (ઉં. વ. ૮૫) તે સ્વ. અ. સૌ. ભારતીબેનના પતિ. હેમંત, સુખીલાબેન રસિકલાલ વાસા, મૃદુલાબેન બિહારીલાલ હેમાણી, પ્રફુલ્લાબેન જયસુખલાલ શાહ, સુનંદાબેન શશીકાંત શાહ, ઇલા જીતેન્દ્ર શાહના વડીલ બંધુ, ઝરણા રાજેન્દ્ર પારેખ, અમિષા નિખિલ શાહ, જિગીશા અલ્પેશ ગાંધી, મેઘના અમિત દોશી, દિપાલી પિયુષ દોશીના પિતાશ્રી. ઘોઘા હાલ મુલુંડ ચુનીલાલ છોટાલાલ શાહના જમાઇ. તા. ૨૭-૦૯-૨૪ના અવસાન પામેલ છે. પિતૃવંદના તા. ૫-૧૦-૨૪ના ૧૦થી ૧૨. ઠે. પાવન ધામ દહાણુકર વાડી, કાંદિવલી (વેસ્ટ).

### વાગડ વિ. ઓ. જૈન

ગામ ભરૂડિયાના સ્વ. મીણાબેન છાડવાના (ઉં. વ.૭૮) મંગળવાર તા. ૨૪-૯-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી નાંઇબેન પરબત ડાઇયા છાડવાના પુત્રવધૂ. સ્વ. વાલજીના ધર્મપત્ની. નવીન, ચેતનના માતુશ્રી. નયના, પ્રવિણાના સાસુ. સમીર, ફોરમ, ડોલી, જૈનમના દાદી. ભરૂડિયાના સ્વ. વિસાબેન કરશન ગોવર ડાઘાના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

### વાગડ વિ. ઓ. જૈન

ગામ આધોઇના સ્વ. રમણીક રવજી જેસંગ ફરીયા (ઉં. વ. ૬૫) તા. ૨૮-૯-૨૪ના શનિવારના અવસાન પામેલ છે. સ્વ. દિવાળીબેન કસ્તુરબેન રવજીના પુત્ર. વેલુબેનના પતિ. નીલેશ, સચીન, નીતાના પિતાશ્રી. પૂર્વી, ભારતી, રાજેશના સસરા. કિશોર, કલ્યાણજી, નિતીન, સ્વ. મંજુ, દર્શના, સ્વ. ચંપા, ચંદ્રિકાના ભાઇ. આધોઇના ડાઘા સ્વ. જોમાબેન શીવજી પ્રેમજીના જમાઇ. પ્રાર્થના બુધવાર, તા. ૨-૧૦-૨૪ના સવારે ૧૦થી ૧૧.૩૦, પછી બરવિધી સ્થળઃ એમ.એમ. પ્યુ પીલ્સ સ્કૂલ, ખાર-વેસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નાની તુંબડીના જયેશ કોરશી બૌઆ (ઉં.વ. ૫૭) તા. ૨૭-૯-૨૪નાં રોજ એટલાન્ટા (યુ.એસ.એ.) મધ્યે અવસાન પામેલ છે. સ્વ. કેસરબેન કોરશીના સુપુત્ર. સુજાતાના પતિ. રીયા, સન્નાના પિતાશ્રી. સ્વ. મહેશ, ભાવેશ, પત્રીના શારદાબેનના ભાઇ. અલકા અભય ગોખલે (યુ.એસ.એ.)ના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવેશ બૌઆ, ૧૦૩, ટ્રીપોલી, સ્કાઇ લાઇન કો.ઓ.સો., વિદ્યાવિહાર (વે.).

નવીનાર હાલે હૈદ્રાબાદના નરેશ દામજી વોરા (ઉં.વ. ૭૩) તા. ૨૯-૯-૨૪ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી દમયંતીબેન દામજીના સુપુત્ર. નિલમબેનના પતિ. મયુર, સ્વ. તન્વીના પિતા. અમૃતલાલ, કાંતિલાલ, વસંતના ભાઈ. માતુશ્રી ભાણબાઈ વેલજી ઓભાયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મયુર વોરા, ૨૦૧/સી ડી.સી.આર. ફોરચ્યુન પ્રાઈમ, માધાપુર, હૈદ્રાબાદ-૫૦૦૦૮૧.

વડાલાના અમૃતબેન છેડા (ઉં.વ. ૮૧) તા. ૩૦/૯ના અવસાન પામેલ છે. સ્વ. મનસુખલાલ ઉમરશી ચના છેડાના પત્ની. વડાલા ભાણજી દેવજી સાવલાની સુપુત્રી. નીતા, નીશા, ફાલ્ગુનીના માતુશ્રી. વડાલા નાથાલાલ સાવલા, ગેલડા ભાનુબેન ભાણજી લાપસીયા, સમાઘોઘા સુષ્માબેન કાંતિલાલ સાવલા, લુણી હર્ષાબેન મણીલાલ સોનીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીતા રશ્મિકાંત વિસરીઆ- બી/૧૨૧, દત્તાણી ટાવર, કોરા કેન્દ્ર, ઓફ એસ. વી. રોડ, બોરીવલી (વે).

વાંઢ (ગજપુરી)ના કલ્યાણજી કાનજી શાહ/બોરીચા (ઉં.વ. ૮૬) તા. ૩૦-૯-૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી પાનબાઈ કાનજી ભીમશીના સુપુત્ર. જયાબેનના પતિ. જયેશ, સરોજ, મમતા, સોનલના પિતાશ્રી. વાંઢના હંસરાજ કાનજી, દેવજી કાનજી, ડોણના રતનબેન હીરજીના ભાઈ. કોડાયના માતુશ્રી વેલબાઈ મુલજી નાનજી નંદુના જમાઈ. પ્રાર્થનાઃ માટુંગા ક.શ્વે.મૂ. જૈન સંઘ સં. : નારાણજી શામજી વાડી, ૧લે માળે, ટા. ૪ થી ૫.૩૦. વેલે પાર્કીંગ છે. નિવાસ : જે.કે. શાહ : ૫૦૧, આઈવરી ટાવર, ગોખલે રોડ સાઉથ, પ્રભાદેવી, મુંબઈ-૨૫.

નાગલપુરના રામજી નાનજી ગંગર (ઉં.વ. ૯૬) તા. ૨૯-૧૦-૨૪ના અવસાન પામેલ છે. ખીમઈબાઈ નાનજી વેલજીના પુત્ર. જમનાબેનના પતિ. કોકિલ, કિરણ, ધર્મેશ, ભારતીના પિતા. મગનલાલ, અમૃતલાલ, લાયજા ગંગાબેન વસનજી, કોડાય મણીબેન લક્ષ્મીચંદ, ત્રગડી ઝવેરબેન શામજી, નવાવાસ હેમલતા છોટાલાલ, મંજુલા જયંતિલાલના ભાઈ. લાયજા હીરબાઈ ખીમજી ભુલા છેડાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ સ્વામીનારાયણ મંદિરની પાસે, દાદર (સે.રે.). ટા.૩ થી ૪.૩૦. નિ. રામજી ગંગર, ૪૦૨, ઈન્દર ટાવર, કે.જી. માર્ગ, ગોખલે રોડ (સાઉથ), દાદર (વે).

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

### લોહાણા

સરલાબેન વિઠ્ઠલદાસ સચદેવ તા. ૩૦-૯-૨૪, સોમવારના રોજ અવસાન પામેલ છે. તેઓની પ્રાર્થનાસભા તા. ૩-૧૦-૨૪ને ગુરૂવારના રોજ સાંજે શ્રી લોહાણા સમાજ, પ્લોટ નં-૧૪, સેક્ટર ૧૦, કોપરખેરાણે, નવી મુંબઈ-૪૦૦૭૦૯ ખાતે રાખેલ છે. શોકાતુર-હસમુખભાઈ વિઠ્ઠલદાસ સચદેવ, નરેશભાઈ વિઠ્ઠલદાસ સચદેવ, પ્રફુલાબેન તથા વિણાબેન પ્રવિણાબેન અને જીતેન્દ્રકુમાર ઉનડકટ, કાજલબેન-ચિરાગભાઈ, જીનલબેન-હર્ષભાઈ, ઉદય સચદેવ, માહિર સચદેવ.

### હાલાઇ ભાટિયા

રશ્મિ (ઉં. વ. ૭૩) દમયંતિ દિલીપસિંહ ત્રિભોવનદાસના સુપુત્ર, ભાવનાબહેનના પતિ. કુનાલ, ચૈતાલી, પ્રિયંકાના પિતાશ્રી. નંદુબેન ગોપાલભાઇના જમાઇ. ભામિનીના ભાઇ. તા. ૧-૧૦-૨૪ના શ્રીજીનાશરણ પામેલ છે. ઉઠમણું : તા. ૩-૧૦-૨૪ના ૫થી ૬, પ્રાર્થનાસભા ઠે. ભાટીયા ભગીરથી, દાદીશેઠ અગિયારીલેન, મધ્યે રાખેલ છે.

### હાલાઇ લોહાણા

જામસલાયાવાલા હાલ ઘાટકોપરના લક્ષ્મીદાસભાઇ મશરૂ (ઉં.વ. ૯૧) તે સ્વ. જશોદાબેન તથા પોપટલાલ મશરૂના પુત્ર. તે વિમળાબેનના પતિ. તે કિંતેશ, દક્ષા ભરત નાગ્રેચા, ભારતી અશ્વિન ઠક્કર, યોગિની સુરેશ ઉનડકટ, મનિષા નિલેશ ખાખરિયાના પિતાશ્રી. તે હિનાબેનના સસરા. પૂર્વાંગના દાદા. ગોપાલદાસ જીવણદાસ જોબનપુત્રા કલ્યાણવાળાના જમાઇ. સ્વ. વસંતભાઇ તેમ જ સ્વ. દમયંતીબેન હસમુખલાલ બાટવિયાના ભાઇ. તા. ૩૦-૯-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી ભાટિયા

ગં. સ્વ. ભાનુમતી (દમાબેન) (ઉં. વ. ૯૦) તે સ્વ. ભગવાનદાસ વિઠ્ઠલદાસ ઝવેરીના ધર્મપત્ની. તે સ્વ. વલ્લભદાસ મોરારજીના પુત્રી. તે હેમંત, મુકુંદ, સ્મિતાના માતુશ્રી. તે નીતા, વૃંદા અને વિરેન મર્ચંટના સાસુજી. તે નિયતિ, કોમલ, ધ્વનીલ, પાર્થના દાદી. ક્રીષ, ધીરના નાની. તા. ૩૦-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૧૦-૨૪ના ગુરુવારે સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ), સાંજે ૪.૩૦થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

### પચીસ ગામ ભાટીયા

કુડુવાડી નિવાસી હાલ વિરાર મુંબઇ અ. સૌ. સ્વાતિ જયેશ ભાટિયા (ઉં. વ. ૫૧) તે અજિતકુમાર કિશનભાઇ, આરતી (યશોધરા) અજિતકુમાર, રાજેશ્રી શુરસિંહભાઇ કિસનદાસના પુત્રવધૂ. તે સિદ્ધિ, મૈત્રી, બાની અને દક્ષના માતુશ્રી-કાકી. તે સેજલ, કેતન અજિતકુમાર, વૈશાલી પરેશ, મીનલ આનંદ, શિતળના ભાભી. પ્રમિલાબેન ચંદુભાઇ નેગાંધીના પુત્રી. પરાગ ચંદુભાઇ નેગાંધીના બેન. તા. ૩૦-૯-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી મોઢ વણિક

ધાંગધ્રા નિવાસી હાલ મુંબઇ સ્વ. વસંતગૌરી અને સ્વ. સૂરજલાલ અમૃતલાલ પરીખના પુત્ર. વિનોદ પરીખ (ઉં. વ. ૮૨) તે સ્વ. હંસાબેનના પતિ. ગૌરાંગ તથા પ્રીતીના પિતા. માયા તથા રાજેશના સસરા. સ્વ. ઇંદુબેન હરેન્દ્રભાઇ પારેખ, સ્વ. રમાબેન ઇન્દ્રવન પરીખ તથા સ્વ. રેખાબેન કૃષ્ણકાંત વોરાના ભાઇ. સ્વ. ચીમનલાલ ભગવાનજીભાઇ પરીખના જમાઇ. સોમવાર, તા. ૩૦-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કપોળ

ડુંગરવાળા હાલ બોરીવલી સ્વ. પુષ્પાબેન હરિલાલ છગનલાલ વોરાના પુત્ર જયપ્રકાશભાઈ વોરા (ઉં.વ. ૭૬) ૩૦/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચેતનાના પતિ. ઝંખના ધર્મેશ મહેતાના પિતા. સ્વ. મધુરીબેન કાંતિલાલ મહેતા, સ્વ. રજનીબેન મહેશકુમાર સંઘવી, ઉર્વશીબેન પ્રકાશચંદ્ર મહેતા, સ્વ. ગીતાબેન મહેન્દ્રકુમાર સંઘવી તથા મહેન્દ્રભાઈના ભાઈ. ઓથાવાળા સ્વ. વિઠ્ઠલદાસ ગીરીધરલાલ પારેખ, સ્વ. દિવાળીબેનના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### શ્રીમાળી બ્રાહ્મણ

મૂળગામ દિહોર નિવાસી હાલ બોરીવલી અ.સૌ. ગીતાબેન તથા રમેશભાઈ લક્ષ્મીશંકર ત્રિવેદીના પુત્રવધૂ તથા વિપુલભાઈના ધર્મપત્ની અ.સૌ. નિકિતા ત્રિવેદી (ઉં.વ. ૪૨) ૩૦/૯/૨૪ના રામશરણ પામેલ છે. તે દિયા તથા જીયાના માતુશ્રી. કાજલ શૈલેષભાઇ ત્રિવેદીના દેરાણી. પિયરપક્ષે અમદાવાદવાળા સ્વ. જયશ્રીબેન તથા પ્રકાશભાઈ રામચંદ્ર ત્રિવેદીના દીકરી. પ્રાર્થનાસભા ૩/૧૦/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

### હાલાઈ લોહાણા

મુળગામ દ્વારકા હાલ થાણા નિવાસી કલ્પેશ માવાણી (ઉં.વ. ૪૯) સોમવાર, તા. ૩૦/૯/૨૪નાં શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હરકિશનદાસ ગોરધનદાસ માવાણી અને ગં.સ્વ. જયાબેન માવાણીના પુત્ર. વર્ષાના પતિ. ધરા અને જીતના પિતા. છાયા પરાગ કક્કડ, સ્વ. અજયના ભાઈ. મીનાના દેર. ગં.સ્વ. શ્રધ્ધા અને સ્વ. શ્રીપાદ વિનાયક વૈદ્યના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ છે.

### કપોળ વૈષ્ણવ

રાજુલાવાળા હાલ કાંદીવલી, સ્વ. હીરાલક્ષ્મી ચંપકલાલ પારેખના પુત્ર સ્વ. પ્રકાશભાઈના પત્ની ગં.સ્વ. તરુલત્તા (ઉં.વ. ૭૧) ૩૦/૯/૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. તે સોનલ, હેમાંગ, હેતલના માતુશ્રી. ચંદ્રેશ, હર્ષ, બિંદિયાના સાસુ. ચારુબેન, પ્રતિમાબેન (પ્રીતિ), સરોજબેન, પંકજભાઈ, હિતેશભાઈના ભાભી. પિયરપક્ષે મહુવાવાળા સ્વ. બાબુભાઇ અમીદાસ વોરાના દીકરી, પ્રાર્થનાસભા ૩/૧૦/૨૪ ગુરુવારના ૫ થી ૭ સનરાઈઝ પાર્ટી હોલ, આનંદીબાઈ કોલેજની બાજુમાં, સાઈબાબા નગર, બોરીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા
રોજેરોજ ઈનામોની વણઝાર
રમો, ઝૂમો અને જીતો
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...

આ સેન્ટર્સમાં અમારા જજ બેસ્ટ ખૈલેયાઓની પસંદગી કરશે

| | | | |
|---|---|---|---|
| પહેલું નોરતું | ૩ ઑક્ટો | થાણે | રાસ રંગ કે સાથ... ઓક્ટ્રોય ગ્રાઉન્ડ કોપરી થાણે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, હરિઓમ નગરની નજીક, થાણે (પ.) |
| બીજું નોરતું | ૪ ઑક્ટો | બોરીવલી | ભૂમિ ત્રિવેદી, ૧૧૦૧-સન સુમીત એન્કલેવની ઉપર, બોરીવલી લિંક રોડ, બોરીવલી (પ.) |
| ત્રીજું નોરતું | ૫ ઑક્ટો | પાર્લા | નવરાત્રિ જલસો, સહારા સ્ટાર હોટેલ, શેફાયર બેન્કવેટ, ૭૦-સી નેહરુ રોડ, નાગપાડા એરપોર્ટ એરિયા, પાર્લા (પૂ.) |
| ચોથું નોરતું | ૬ ઑક્ટો | બીકેસી | પર્પલ બ્લુ રેડિયન્સ દાંડિયા, જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, બીકેસી, બાંદ્રા (પૂ.) |
| પાચમું નોરતું | ૭ ઑક્ટો | ડોંબિવલી | રાસ રંગ-૨૦૨૪, ડીએનસી સ્કૂલ ગ્રાઉન્ડ, ડોંબિવલી (પૂ.) |
| છઠ્ઠું નોરતું | ૮ ઑક્ટો | મુલુંડ | પ્રેરણા રાસ, કવિ કાલિદાસ ગ્રાઉન્ડ, પી.કે. રોડ, મુલુંડ (પ.) |
| સાતમું નોરતું | ૯ ઑક્ટો | થાણે | રાસ રંગ કે સાથ... ઓક્ટ્રોય ગ્રાઉન્ડ કોપરી થાણે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, હરિઓમ નગરની નજીક, થાણે (પ.) |
| આઠમું નોરતું | ૧૦ ઑક્ટો | બોરીવલી | ફાલ્ગુની પાઠક, શ્રી પ્રમોદ મહાજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, બોરીવલી (પ.) |

visit: www.bombaysamachar.com

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે

મહાસ્પર્ધામાં બમ્પર ઈનામો
થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ)
ભૂતાનની ટિકિટ સ્ટે (બે કપલ)
ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી
ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ
+ લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪
ફાઈનલના સ્થળ માટે જોતા રહો મુંબઈ સમાચાર

પ્રાયોજક:
Chandan Mouth Freshener Khaane Ki Happy Ending!
B.N. Jewellers India Private Limited Platinum Jewellery Maker Trophy partner
Renddezvous where soulmates meet
NanoNine Innovative Kitchenware
Rachna Salon Since 1980 Event sponsored by
JVM Spaces a mehta group venture
B Seen Get Noticed
Hairlogic The Right Basics Gifting partners
Friends Resort
Hari Hari Hair Studio Since 1983 Gifting partners
Palkhe (Brand by Palkhi)
DS Damji Shamji Shah Group Since 1962
Arihant Holidays
Jash Holidays & Memories
Summer Plaza Fun on the Mountains
Aron Resort
Khanvel Resort Silvassa
Digital Global Garba

# ત્યારે મહારાષ્ટ્રમાં ભાજપની જ સરકાર આવશેઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે કહ્યું હતું કે '૨૦૨૪માં રાજ્યમાં મહાયુતિની સરકાર આવશે એ કાળા પથ્થર પરની રેખા છે.' આગળ વધીને વધુ એક મોટું નિવેદન આપ્યું હતું કે, '૨૦૨૪માં, મહારાષ્ટ્રમાં મહાયુતિની અને ૨૦૨૯માં માત્ર ભાજપની સરકાર લાવીશું. ત્યારે એકલા કમળની સરકાર હશે.'

મુંબઈમાં ભાજપના કાર્યકર્તા મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં અમિત શાહે કાર્યકર્તાઓને સંબોધિત કરતા ઉપરોક્ત નિવેદન આપ્યું હતું.

અમિત શાહના આ નિવેદનનું વધુ મહત્ત્વ છે. કારણ કે મહારાષ્ટ્રમાં બે પ્રાદેશિક પક્ષોમાં મોટું ભંગાણ પડ્યું છે અને આ બંને પક્ષોનું મોટું જૂથ હાલમાં સત્તાધારી ભાજપ સાથે મહાયુતિમાં સામેલ છે.

અમિત શાહે ૨૦૨૯ની ચૂંટણીમાં કમળની સરકાર આવશે એવું નિવેદન આપ્યું છે તો તે સમયે મહાયુતિમાં સામેલ અન્ય સહયોગીઓનું શું થશે? તેવો પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે.

જે સરકારો કામ કરે છે તેઓ જ ચૂંટણી જીતે છે, અમે કેન્દ્રમાં સતત ત્રીજી સરકાર બનાવી છે. તમારી હતાશાને દૂર કરો. કોઈપણ સર્વેનો વિચાર કરશો નહીં. હું કહું છું કે રાજ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર બનશે. તેના માટે સખત મહેનત કરો. આ વર્ષે ૨૦૨૪માં મહાયુતિની સરકાર આવશે, આ છે કાળા પથ્થર પરની રેખા. ૨૦૨૯માં ભાજપ એકલા હાથે શાસન કરવા માગે છે. આ વર્ષે જ સાંભળો, ૨૦૨૪માં ગઠબંધનની સરકાર બનશે, પરંતુ ૨૦૨૯માં શુદ્ધ કમળની સરકાર હશે, એવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે. ■



(જયપ્રકાશ કેળકર)

## અમિત શાહની મુલાકાતનું કારણ

અમિત શાહે મુંબઈની મુલાકાત લીધી કેમ કે મુંબઈમાં વિધાનસભાની ૩૬ બેઠક છે. ૨૦૧૯માં ભાજપ આમાંથી ૧૬ બેઠક પર વિજયી થયું હતું. આ પહેલાં અમિત શાહે વિદર્ભની મુલાકાત પણ લીધી હતી અને ત્યાં ૨૦૧૯માં વિદર્ભની ૬૨માંથી ૪૪ બેઠકો પર ઉમેદવાર આપનારી ભાજપને ૨૯ બેઠકો પર વિજય મળ્યો હતો. જ્યારે લોકસભાની ચૂંટણીમાં વિદર્ભમાંથી ફક્ત ૧૦ બેઠકમાંથી બે પર વિજય મળ્યો હતો. અહીં કોંગ્રેસે સારો દેખાવ કર્યો હતો. અમિત શાહે વિદર્ભના કાર્યકર્તાઓને હાકલ કરી હતી કે ૨૦૧૯ની સરખામણીએ મતદાનની ટકાવારીમાં ૧૦ ટકાનો વધારો કરવા માટે કમર કસો. ■

# મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ?: ઉદ્ધવ અને ફડણવીસ વચ્ચે માતોશ્રીમાં મિડનાઈટ મીટિંગ?

### આ બેઠકના થોડા દિવસો પહેલાં જ દિલ્હીમાં રાઉત મળ્યા હતા નડ્ડાને એવો પણ દાવો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને શિવસેનાના નેતાઓ વચ્ચે બેઠક થઇ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વંચિત બહુજન આઘાડીએ દાવો કર્યો છે કે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે બેઠક થઈ હતી.

પાર્ટીએ એવો પણ દાવો કર્યો છે કે રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે દિલ્હીમાં ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા સાથે પણ મુલાકાત કરી હતી. જોકે, આ અંગે બંને પક્ષોએ સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી.

વીબીએના મુખ્ય પ્રવક્તા સિદ્ધાર્થ મોકલે દ્વારા એક વીડિયો સંદેશ જારી કરવામાં આવ્યો છે. મોકલેનો દાવો છે કે રાઉત પચીસ જુલાઈના રોજ ૭ ડી મોતીલાલ માર્ગ પર બે વાગ્યાના સુમારે નડ્ડાને મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે, આ પછી પાંચમી ઓગસ્ટની મધ્યરાત્રિએ ૧૨ વાગે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ માતોશ્રી બંગલે ગયા હતા. તેઓ એકલા જ ગયા હતા. બંને વચ્ચે બે કલાક સુધી મુલાકાત ચાલી હતી.

તેમણે કહ્યું હતું કે, 'આ પછી ૬ ઓગસ્ટે ઠાકરે દિલ્હી ગયા હતા.' મોકલેનું કહેવું છે કે ઠાકરેએ સ્પષ્ટ કરવું જોઈએ કે તેમની દિલ્હી મુલાકાત દરમિયાન તેમની સાથે કોણ હતું અને તેઓ કોને મળ્યા હતા. મોકલેએ એમ પણ જણાવ્યું હતું કે અમે જે માહિતી મેળવી છે તે લોકો સમક્ષ મૂકી રહ્યા છીએ. તેની પાછળનું કારણ એ છે કે રાજ્યના આરક્ષણવાદી મતદારો જાણે છે કે ભાજપ અને તેના સાથી પક્ષો અનામતની વિરુદ્ધ છે, પરંતુ આ આરક્ષણવાદી મતદારોએ શિવસેનાના ઉમેદવારો અને ઉદ્ધવ ઠાકરેને મત આપ્યો છે.

તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૫ વર્ષની રાજકીય ગતિવિધિઓને જોતા આવતીકાલે રાજ્યમાં જો કોઈ પ્રતિકૂળ ઘટના બને તો અમે આ માહિતી શેર કરીએ છીએ જેથી અનામત મતદારો છેતરપિંડીનો અનુભવ ન કરે. ખાસ વાત એ છે કે વીબીએ દ્વારા આ દાવો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. શિવસેના-ભાજપ અને એનસીપી એટલે કે ડેપ્યુટી સીએમ અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી દાવો કરી રહી છે કે સીટ વહેંચણીની ફોર્મ્યુલા ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. અગાઉ એવા અહેવાલો વહેતા થયા હતા કે વીબીએ વિપક્ષી ગઠબંધનમાં જોડાઈ શકે છે, પરંતુ આવું બન્યું નથી. ■

# ભાજપના નેતાઓ પાસે ૮-૧૦ બેઠકો માગી છેઃ રામદાસ આઠવલે

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ મંગળવારે કહ્યું હતું કે તેમણે ભાજપના વરિષ્ઠ નેતાઓને જાણ કરી છે કે તેમની પાર્ટી આરપીઆઈ (આઠવલે) આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ૮ થી ૧૦ બેઠકો પર ચૂંટણી લડવા માગે છે.

આરપીઆઈ (આઠવલે) મહાયુતિનો એક ઘટક પક્ષ છે, જેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળ ભાજપ, શિવસેના અને અજિત પવારની એનસીપી મુખ્ય ઘટક પક્ષો છે.

આરપીઆઈ (એ)ના વડાએ કહ્યું કે બેઠકોની વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે અને તેમણે ભાજપના મહારાષ્ટ્ર ચૂંટણી પ્રભારી ભૂપેન્દ્ર યાદવ સાથે તેમની પાર્ટીની માગણીઓ વિશે વાત કરી હતી.

અમે તેમને સંદેશો આપ્યો કે આરપીઆઈ (એ)ને આઠથી દસ બેઠકો મળવી જોઈએ. મને અમારા સહયોગી પક્ષો ભાજપ, શિવસેના અને એનસીપીમાં વિશ્વાસ છે. આરપીઆઈ (એ)ની અલગ વોટ બેંક છે અને દલિત સમુદાયના ઘણા લોકો પાર્ટી સાથે છે, તેથી અમને સીટની વહેંચણીમાં યોગ્ય ભાગ મળવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

આઠવલેએ સ્પષ્ટતા કરી હતી કે પાર્ટી માત્ર ૮ થી ૧૦ સીટો માગી રહી છે, જેથી દરેક ક્ષેત્રમાં એક કે બે સીટ થાય છે, આનાથી પાર્ટીની તાકાતમાં વધારો થશે.

મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકો માટે નવેમ્બરમાં ચૂંટણી યોજાવાની શક્યતા છે.

વર્તમાન વિધાનસભામાં ભાજપ ૧૦૩ વિધાનસભ્ય સાથે એકમાત્ર સૌથી મોટો પક્ષ છે, ત્યારબાદ શિવસેના ૪૦, એનસીપી ૪૧, કોંગ્રેસ ૪૦, શિવસેના (યુબીટી) ૧૫, એનસીપી (એસપી) ૧૩ અને અન્ય ૨૯ વિધાનસભ્ય ધરાવે છે. કેટલીક બેઠકો ખાલી છે. (પીટીઆઈ) ■



**બોલો, જય અંબે...:** નવરાત્રિ આંગણે આવી છે ત્યારે ગરબીઓ પણ સજાવવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ધારાવીમાં આવા જ એક કલાકારે સજાવેલી આકર્ષક ગરબીઓ તસવીરમાં નજરે પડે છે. (જયપ્રકાશ કેળકર)

# ફાલ્ગુની પાઠકની મહારાષ્ટ્રની સૌથી મોટી નવરાત્રિ એટલે જાણે સૂર-તાલ અને ગરબાનો ત્રિવેણી સંગમ!



મુંબઈઃ મહારાષ્ટ્રની સૌથી મોટી નવરાત્રિ ખાતે વિશ્વ વિખ્યાત ગરબા ક્વીન ફાલ્ગુની પાઠકના તાલે ગરબે ઝૂમવા નાનાં બાળકો, યુવાનો અને સિનિયર સિટિઝનો થનગની રહ્યા છે. સ્વર્ગીય પ્રમોદ મહાજન મેદાન ખાતે સતત સાતમા વરસે ફાલ્ગુની પાઠક પર્ફોર્મ કરી રહી છે. આ ભવ્યાતિભવ્ય નવરાત્રિમાં પ્રતિદિન ત્રીસ હજારથી વધુ ભક્તો માતાજીના ગરબા રમવા આવે એવી શક્યતા છે. નવરાત્રિ દરમિયાન કુલ પાંચ લાખ જેટલા લોકો અહીં ગરબે ઘૂમવા આવી પહોંચશે.

ગરબા ક્વીન ફાલ્ગુની પાઠકની નવરાત્રિ હંમેશ આકર્ષણનું કેન્દ્ર રહી છે. અને એના અનેક કારણો છે. સૌથી પહેલું તો ફાલ્ગુની પાઠકના કંઠે ગવાતા પારંપારિક અને આધુનિક ગરબાઓ. એ સાથે છે ધમાકેદાર ઑર્કેસ્ટ્રા. તાલ અને સૂરના જબરજસ્ત સમન્વયને કારણે ખેલૈયાઓ પણ દિલથી ઝૂમી ઊઠે છે. જાણે સૂર-તાલ અને ગરબાનો ત્રિવેણી સંગમ! નવરાત્રિ દરમિયાન સતત દસ દિવસ ખેલૈયાઓ સાથે તાદાત્મ્ય સાધવાની સાથે ગરબા ગાવા માટેની આટલી ઊર્જા ક્યાંથી મળે છે? મીડિયા દ્વારા પુછાયેલા પ્રશ્નના જવાબમાં ફાલ્ગુનીએ જણાવ્યું કે, ખેલૈયાઓનો ઉત્સાહ-ઉમંગ અમારા જોશ અને જુસ્સામાં વધારો કરે છે. અમારી ઊર્જાનો સ્રોત તો મારા લાખો ચાહકો છે. મને ખબર છે કે દર વરસે કંઇક નવું આપવાનો મારો ટ્રેન્ડ રહ્યો છે અને આ વરસે પણ સરપ્રાઇઝ તો હશે જ.

સતત સાતમા વરસે બોરીવલી ખાતે યોજાઈ રહેલી ફાલ્ગુની પાઠકની નવરાત્રિમાં ખેલૈયાઓ મન મૂકીને ગરબા રમી શકે એ માટે અનેક બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમ કે હજારો ગરબા પ્રેમીઓ છૂટથી રાસ ગરબા રમી શકે એવા વિશાળ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિનું આયોજન કરાયું છે. ઉપરાંત સમગ્ર ગ્રાઉન્ડ પર બે લાખ ચોરસફૂટનો વિશાળ ડાન્સ ફ્લોર બનાવવામાં આવ્યો છે જેથી ખેલૈયાઓને કોઈ શારીરિક તકલીફ ન થાય અને નચિંત બની ગરબા રમી શકે. એમ મહારાષ્ટ્રની સૌથી મોટી નવરાત્રિનું આયોજન કરનાર સાઈ ગણેશ વેલફેર અસોસિયેશન અને શોગ્લિટ્ઝ નવરાત્રિના ડિરેક્ટર શ્રી સંતોષ સિંહે જણાવ્યું હતું. સંતોષ સિંહે વધુમાં જણાવ્યું કે, માતાજીનું પર્વ હોય અને ગરબાના ગ્રાઉન્ડ પર માતાજીનું મંદિર ન હોય એવું તો શક્ય જ નથી. મેદાન પર માતાજીનું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે જેમાં અંબા માતા બિરાજમાન છે. માતાજીની મૂર્તિ એટલી આકર્ષક છે કે જાણે સાક્ષાત્ માતાજી જ બિરાજમાન છે અને તમામ ખેલૈયાને આશીર્વાદ આપવા પધાર્યા હોય એવી લાગણી અનુભવાય છે. ■

# લઘુમતી ઉમેદવારો માટે ૧૦ ટકા બેઠકઃ અજિત પવાર

બીડઃ એનસીપી દ્વારા મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં લઘુમતી ઉમેદવારોને ૧૦ ટકા બેઠક ફાળવવામાં આવશે, એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પાવરે જણાવ્યું હતું. 'હું લઘુમતીઓને કહેવા ઇચ્છુ છું કે એનસીપી દ્વારા લઘુમતી ઉમેદવારો માટે ૧૦ ટકા બેઠક ફાળવવામાં આવશે', એમ પવારે જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણીમાં ૪૮ બેઠકમાંથી ૧૪ બેઠક પર 'વૉટ જેહાદ' થયું હોવાનો દાવો નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરાયાના એક દિવસ બાદ પવારે ઉક્ત નિવેદન આપ્યું હતું. ■

# કૉંગ્રેસીઓએ ટિકિટ માટે ઈન્ટરવ્યૂ આપવા પડશે

મુંબઇઃ મહારાષ્ટ્રમાં આ વર્ષે ચૂંટણી યોજાવા જઈ રહી છે. દરેક પક્ષોએ રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. નેતાઓના આરોપ-પ્રત્યારોપનો સિલસિલો પણ ચાલુ થઇ ગયો છે. કૉંગ્રેસે પણ પોતાની રીતે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે કૉંગ્રેસે ટિકિટ વહેંચણીને લઈને નવી સિસ્ટમ તૈયાર કરી છે. જેમાંથી તમામ ઉમેદવારોએ પસાર થવું પડશે. પાર્ટીએ તમામ રસ ધરાવતા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવાનું નક્કી કર્યું છે.

કૉંગ્રેસે જાહેરાત કરી છે કે આગામી વિધાનસભા ચૂંટણીમાં ટિકિટની વહેંચણીને લઈને કૉંગ્રેસ તેના ઉમેદવારોને આમ જ ટિકિટ આપશે નહીં. તેના માટે ઉમેદવારોએ પહેલા તેમનો ઈન્ટરવ્યૂ આપવાનો રહેશે. તેમાં તેઓ સફળ થશે તો જ મામલો આગળ વધશે. ■

# લવ જેહાદની ૧ લાખથી વધુ ફરિયાદો; ૧૪ લોકસભા મતક્ષેત્રમાં વોટ જેહાદઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે એક લાખથી વધુ ફરિયાદોએ ઇરાદાપૂર્વકના 'લવ જેહાદ' ષડ્યંત્રને હાઇલાઇટ કર્યું છે, જેમાં હિન્દુ મહિલાઓને પુરુષો દ્વારા નકલી ઓળખનો ઉપયોગ કરીને લગ્નની લાલચ આપવામાં આવી રહી હતી. વિપક્ષી મહા વિકાસ અઘાડીને નિશાન બનાવતાં ફડણવીસે એવો દાવો કર્યો કે તાજેતરની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ૪૮ માંથી ૧૪ મતદારસંઘમાં 'વોટ જેહાદ' જોવા મળી હતી.

સોમવારે સાંજે કોલ્હાપુરમાં એક સાર્વજનિક કાર્યક્રમને સંબોધતાં ફડણવીસે એવા કિસ્સાઓ દર્શાવ્યા હતા કે જેમાં મહિલાઓને આંતરધર્મી લગ્નમાં ફસાવવામાં આવી હતી અને ત્યારબાદ બાળકોને જન્મ આપ્યા બાદ તેમને છોડી દેવામાં આવ્યાં હતાં.

ફડણવીસની ટિપ્પણી પર કૉંગ્રેસ તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી જેમણે ફડણવીસ પર બંધારણીય શપથનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો અને તેઓ માફી માગે એવી માગણી કરી હતી. એક દાયકા પહેલા, અમે માનતા હતા કે લવ જેહાદની વાત એ એકલદોકલ ઘટના છે. અમે માનતા હતા કે આ કોઈ ષડયંત્ર નથી. અમે હવે જોયું છે કે એક લાખથી વધુ ફરિયાદો આવી છે જેમાં હિન્દુ મહિલાઓને અલગ-અલગ ધર્મના પુરુષો દ્વારા લગ્નની લાલચ આપીને ભાગી જવામાં આવે છે, એમ ફડણવીસે કહ્યું હતું, જેઓ રાજ્યનું ગૃહ મંત્રાલય સંભાળે છે.

લવ 'જેહાદ' એ હિંદુ જૂથો દ્વારા ઉપયોગમાં લેવાતો બિનસત્તાવાર શબ્દ છે જે મુસ્લિમ પુરુષો દ્વારા પ્રેમ અને લગ્નના બહાને હિંદુ છોકરીઓનું ધર્માંતરણ કરવાના કથિત અભિયાનનો સંદર્ભ આપે છે.

ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે તેઓ આંતર-ધર્મ લગ્નની વિરુદ્ધ નથી. 'જોકે, ઘણા કિસ્સાઓમાં વ્યક્તિઓએ નકલી ઓળખનો ઉપયોગ કર્યો છે અને લગ્ન માટે પોતાના વિશે ખોટી માહિતી પ્રદાન કરી છે. આ વ્યક્તિઓએ તેમના જીવનસાથીને પણ એકસમાન રીતે બાળકોના જન્મ પછી છોડી દીધા છે, એમ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

'આ પ્રેમનું કૃત્ય નથી, પરંતુ તે જાણી જોઈને રચાયેલું કાવતરું છે અને તે લવ જેહાદ છે. તે આપણા ધર્મની મહિલાઓને છેતરવાનો અને બગાડવાનો એક રસ્તો છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

ભાજપ નેતાએ 'વોટ જેહાદ' માટે ધુળે લોકસભા મતવિસ્તારના પરિણામનો સંદર્ભ આપ્યો જ્યાં 'ભાજપના ઉમેદવારની વિરુદ્ધમાં માલેગાંવ સેન્ટ્રલ એસેમ્બલી સેગમેન્ટમાં મોટા પાયે મતદાન'ના કારણે એમવીએનો ઉમેદવાર વિજયી થયો હતો. 'લોકસભાની ચૂંટણીમાં વોટ જેહાદ જોવા મળ્યો હતો. ધુળે મતવિસ્તારમાં પાંચ વિધાનસભા બેઠકો પર ભાજપના ઉમેદવાર ૧.૯૦ લાખ મતો સાથે આગળ હતા. જો કે, અમારા હરીફ ઉમેદવાર ૧.૯૪ લાખ મત મેળવીને વિજયી થયા હતા એમ ફડણવીસે કહ્યું હતું. ■

# ભાજપ લડશે ૧૬૦ બેઠક પરથી? કોને લાગશે પરબીડિયાં-લોટરી?

### સાથી પક્ષોને માત્ર ૧૨૮ બેઠક આપવાની તૈયારી કરનાર ભગવા પક્ષે દરેક બેઠક પરથી ત્રણ સંભવિત નામ સાથેના પરબીડિયાં બનાવ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપના ઉમેદવારો નક્કી કરવા માટે રાજ્યની દરેક સંભવિત બેઠકો પર નિરીક્ષકોને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ધોરણે રાજ્યમાં દરેક બેઠક પર જે-તે મતદારમથકોના ૮૦-૧૦૦ મહત્ત્વના નેતાઓ-પદાધિકારીઓ-કાર્યકર્તા પાસેથી બંધ પરબીડિયામાં અપેક્ષિત ઉમેદવારના નામ એકઠા કરવાની પ્રક્રિયા ભાજપ તરફથી શરૂ કરવામાં આવી રહી છે અને આને માટે કુલ ૧૬૦ બેઠકો પર પ્રતિનિધિઓ/નિરીક્ષકો જવાના છે એવી માહિતી ભાજપનાં આધારભૂત સાધનો પાસેથી મળી હોવાથી એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે કે ભાજપ રાજ્યની ૧૬૦ બેઠક પર ઉમેદવારો ઊભા રાખવાની તૈયારી કરી રહ્યું છે.

જો આવું થાય તો શિવસેના, એનસીપી જેવા બે મુખ્ય ઘટકપક્ષો ઉપરાંત આરપીઆઈ (આઠવલે) સહિતના અનેક નાના પક્ષોને મળીને ફક્ત ૧૨૮ બેઠકો જ મળશે એવી સંભાવના દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં મહાયુતિમાં સંઘર્ષ થવાની શક્યતા જોવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ રાજ્યની ૧૬૦ વિધાનસભા બેઠકો પર ભાજપના ઉમેદવાર કોણ હશે એ નક્કી કરવા માટે દરેક મતવિસ્તારમાં પાર્ટીના મુખ્ય પદાધિકારીઓ/કાર્યકર્તાઓને એક પરબીડિયું આપવામાં આવશે. દરેક વ્યક્તિએ પસંદગીના ક્રમમાં ત્રણ વિકલ્પો લખવાના રહેશે અને નોંધ પરબીડિયામાં મૂકીને બંધ કરી દેવાનું રહેશે.

બે દિવસમાં આ પ્રક્રિયા પૂર્ણ થશે. ઉમેદવારોના નિર્ધારણ માટે આ પરબીડિયાઓ મહત્ત્વપૂર્ણ રહેશે.

ઉમેદવાર નક્કી કરવા માટે ભાજપ પક્ષના હોદ્દેદારોનાં મંતવ્યો જાણવા આ પ્રયોગ કરવા જઈ રહી છે. કેન્દ્રીય મંત્રી અને મહારાષ્ટ્ર ભાજપ એસેમ્બલીના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે છેલ્લા ચાર દિવસમાં સમગ્ર રાજ્ય માટે એક બેઠક અને દરેક વિભાગ માટે એક બેઠક યોજી છે કે તેનો અમલ કેવી રીતે કરવો.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે હાજર રહ્યા હતા. હવે બંધ પરબીડિયામાંથી કોને લોટરી લાગશે તેના પર ધ્યાન રહેશે.

૧૬૦ પક્ષના નિરીક્ષકો ૧૬૦ મતવિસ્તારોમાં રવાના થઈ ગયા હતા. નિરીક્ષકોએ વિધાનસભા મતવિસ્તારના ૮૦ થી ૧૦૦ પક્ષના હોદ્દેદારોને જિલ્લા પ્રમુખ દ્વારા વિધાનસભા સંપર્ક વડાઓને આપવામાં આવેલા પરબીડિયાઓ સોંપશે. તેમને તેમની ત્રણ પસંદગીઓ કાગળના ટુકડા પર લખવા અને એક પરબીડિયામાં મૂકવા માટે કહેવામાં આવશે. ■

# નવરાત્રિ પહેલાં નવરાત્રિનો જલસો કરાવ્યો મુંબઈ સમાચારે







(અહેવાલ : જયદીપ ગણાત્રા, ભરત પટેલ, જિજ્ઞેશ પાઠક, યોગેશ પંડ્યા અને જયેશ ભાલિયા
તમામ તસવીરો અમય ખરાડે - જયપ્રકાશ કેળકર)







## ગરબા વર્કશોપને જબરદસ્ત પ્રતિસાદઃ ચણિયા-ચોળી અને કેડિયું પહેરીને આવેલા ખેલૈયાઓએ રંગ રાખ્યો

એશિયાનું સૌથી જૂના અને જાણીતા સમાચાર પત્ર ‘મુંબઈ સમાચારે’ સતત બીજા વર્ષે ગરબા વર્કશોપનું આયોજન કરીને લોકોને અવનવાં સ્ટેપ્સ શીખવાની તક આપી છે. આ ઈવેન્ટને સફળ બનાવવા માટે ડીજીજી ગ્રુપનાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ અને તેમની ટીમે પણ ખભેથી ખભા મિલાવ્યા હતા. એટલું જ નહીં કાર્યક્રમને સફળતા મળે એ માટે મેજિક કલર્સ - પ્રાઉડલી ઈન્ડિયન, ઈલેક્ટ્રોનનો ટેકો સાંપડ્યો હતો. ગરબા શીખવા આવેલા ખેલૈયાઓના આનંદમાં બમણો વધારો તો ત્યારે થયો કે જ્યારે તેઓને છેલ્લે દિવસે એટલે કે ૨૯મી સપ્ટેમ્બરે બી સીન અને હેરલોજિક-મિશાએ ૨૫૦ રૂપિયાની ગિફ્ટ કૂપન આપી હતી.

રોમેરોમ ગુજરાતી અભિયાન હેઠળ ગુજરાતી ભાષાની અસ્મિતાને જીવંત રાખવા માટે અને ગુજરાતીઓ એક છત્ર નીચે આવે એ માટે ‘મુંબઈ સમાચાર’ ગરબા વર્કશોપ, રંગોળી સ્પર્ધા, ખેલ મહોત્સવ, ડ્રોઈંગ સ્પર્ધા, નવરાત્રિ સ્પર્ધા તેમ જ અનેક કાર્યક્રમો કરતું આવ્યું છે. ગરબા વર્કશોપની બીજા વર્ષની સફળતા જોતાં અન્ય કાર્યક્રમોની જાહેરાત ક્યારે કરવામાં આવશે, એવી જિજ્ઞાસા હાજર લોકોને હતી એટલે મુંબઈ સમાચાર દ્વારા નજીકના સમયમાં જ રંગોળી સ્પર્ધા અને ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવશે તેની જાહેરાત કરવામાં આવી હતી. આવા કાર્યક્રમોની માહિતી મેળવવા માટે ‘મુંબઈ સમાચાર’ કે પછી તેમની ઓફિશિયલ સોશિયલ મીડિયા સાઈટ પર માહિતી મળી શકે એમ છે. ‘મુંબઈ સમાચાર’ની ઈન્સ્ટાગ્રામ, એક્સ, ફેસબુક અને યુ-ટ્યૂબ પર હાજરી છે જ. ગરબા વર્કશોપમાં આ અંગેની માહિતી મળી એ સમયે અનેક લોકોનો ‘મુંબઈ સમાચાર’ની ઓફિશિયલ વેબસાઈટ્સ પર સબ્સ્ક્રાઈબ થવા માટે ધસારો વધી ગયો હતો.

‘મુંબઈ સમાચાર’ની આ વર્કશોપમાં જાણે નવરાત્રિનો માહોલ સર્જાયો હતો અને ખેલૈયાઓને ગરબાના સ્ટેપ્સ શીખવાની ખૂબ મજા પણ આવી. મુંબઈ સમાચાર નવરાત્રિમાં હરીફાઈ રાખતું હોવાથી ખેલૈયાઓમાં એવી પણ ચર્ચા થઇ હતી કે આ વર્ષે ‘મુંબઈ સમાચાર’નો ખિતાબ મેળવીને જ રહીશું. આવી રીતે સૌના સથવારે ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપની આ ઇવેન્ટે લોકોને નવરાત્રી પહેલાં સજ્જ કરી દીધા છે.

ફરી એક વાર ‘મુંબઈ સમાચાર’ આયોજિત આ વર્કશોપમાં નિઃસ્વાર્થભાવે સ્થળ પૂરાં પાડનારા મુલુંડમાં પદ્માવતી હોલના મીતેશભાઈ પલાન, ઘાટકોપરમાં રામજી આસર સ્કૂલ, માટુંગામાં ગુજરાતી સેવા મંડળ અને કાંદિવલીમાં હાલાઈ લોહાણા મહાજન વાડીનો ભરપૂર સહયોગ મળ્યો એ બદલ ‘મુંબઈ સમાચાર’ તેમનું આભારી રહેશે.

### શાબ્બાશી, કિશોરીની ઈમાનદારી

બાળક એટલે ભગવાનનું રૂપ એ સૌકોઈ જાણે છે, પણ કાંદિવલીમાં આવા જ એક ભગવાનનાં દર્શન થયાં હતાં. કાંદિવલી સેન્ટરમાં વર્કશોપના બીજા અઠવાડિયાના પહેલા દિવસે એટલે કે ૨૮મી સપ્ટેમ્બર, શનિવારે ગરબાની પ્રેક્ટિસ કરતાં એક બહેનની સોનાની હીરાજડિત બુટ્ટી ખોવાઈ ગઇ હતી અને તેઓ શોધખોળ કરી રહ્યાં હતાં, ત્યારે જ એક ૧૧ વર્ષની કિશોરીએ એ બહેનને એ બુટ્ટી પાછી આપી હતી. આ જોઈને આખા હોલમાં તાળીઓના ગડગડાટથી એ કિશોરીને વધાવી લેવામાં આવી હતી.

## ઘાટકોપર

### ગયા વર્ષે પણ આવી હતી



હું ગયા વર્ષે પણ ગરબા વર્કશોપમાં આવી હતી. ઘણા નવા સ્ટેપ્સ શીખવા મળ્યા. કોરિયોગ્રાફરો પણ ખૂબ જ ધ્યાન આપીને ગરબાના સ્ટેપ્સ શીખવાડે છે. થેંક્સ મુંબઈ સમાચાર.

**- રિયા પટેલ**

### ઈન્સ્ટાગ્રામ પર કાર્યક્રમની જાણ થઇ



ઈન્સ્ટાગ્રામ પર જ્યારે આ કાર્યક્રમની માહિતી મળી ત્યરે એવું જણાયું કે કેવા ક્લાસ હશે, પણ જ્યારે પહેલા દિવસે જઇને જોયું ત્યારે વાતાવરણ કંઇક અલગ જ જોવા મળ્યું હતું. કોરિયોગ્રાફરો જે રીતે રસપૂર્વક શીખવા આવેલાઓની સાથે રહીને ધ્યાન દઈને શિખવાડતા હતા એ જોઇને ઘણો આનંદ થયો. હવે હું ગરબા કોમ્પિટિશનમાં ભાગ લઇશ અને જીતી શકીશ એવો આત્મવિશ્વાસ કેળવાયો છે. થેંક્સ ‘મુંબઈ સમાચાર.’

**- ભાવિ પટેલ**

### ગરબા શીખવા માટે ક્લાસ જ શોધતો હતો



ગરબા શીખવા માટે આમ પણ હું ક્લાસ ક્યાં ચાલી રહ્યા છે એ શોધતો હતો અને મુંબઈ સમાચારની એડ વાંચી. મુંબઈ સમાચારે નિઃશુલ્ક ગરબાની વર્કશોપ રાખી હતી, જેથી તેનો લાભ મળ્યો. કોરિયોગ્રાફરે સારી મહેનત કરી હતી અને નવા સ્ટેપ્સ શીખવા મળ્યા.

**- પ્રથમ રાજગોર**

### મને કંઇ જ નહોતું આવડતું



હું અને મારી બહેન પહેલી વાર ગરબા વર્કશોપમાં આવ્યાં હતાં. મને કે મારી બહેનને ગરબાના એક પણ સ્ટેપ્સ આવડતા નહોતા, પણ વર્કશોપમાં એટલી સરસ રીતે શીખવા મળ્યું કે હવેના શનિ-રવિમાં બધા સ્ટેપ્સ શીખીને હું નવરાત્રિમાં રમવા માટે જઇશ. એક રીતનો આત્મવિશ્વાસ કેળવાયો અમારી અંદર. થેન્ક્સ મુંબઈ સમાચાર.

**- યશ છેડા**

### નવા નવા સ્ટેપ્સ શીખવા મળ્યા



મને ગરબા રમવાનો શોખ છે, પણ અઘરા સ્ટેપ્સની ફાવટ નહોતી. ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપમાં નવા સ્ટેપ્સ શીખવા મળ્યા અને જે રમવાના ફાવતા નહોતા એ કોરિયોગ્રાફરોએ ધ્યાન આપીને શીખવાડ્યા. કોરિયોગ્રાફરોએ બધા પર સારી રીતે ધ્યાન આપ્યું.

**- વિધિ પરમાર**

### કોરિયોગ્રફરોની બેસ્ટ ટીમ હતી



આજના સમયમાં કોરિયોગ્રાફરોની ફી એફોર્ડ કરી નથી શકતકા એવા લોકો માટે ‘મુંબઈ સમાચાર’ની આ ગરબા વર્કશોપ આશીર્વાદ સમાન બની હતી. કોરિયોગ્રાફરોની બેસ્ટ ટીમ હતી અને આવા કોરિયોગ્રાફરો સાથે શીખવાનો લ્હાવો મિસ કરવા જેવો નહોતો. અમારા જેવા સિનિયર સિટિઝન માટે આ વર્કશોપ ઘણી ફાયદામંદ રહી હતી. આવું આયોજન મેં ક્યાંય પણ જોયું નથી અને દર વર્ષે આવું આયોજન થતું રહે એવી વિનંતી. ‘મુંબઈ સમાચારે’ વર્કશોપનું આયોજન કરીને લોકોનાં દિલ જીતી લીધાં હતાં.

**- દર્શના દેસાઈ**

### દિલથી આભાર



મને મારી ફ્રેન્ડે ગરબા વર્કશોપની જાણ કરી હતી. અહીં આવી તો ઘણું શીખવા મળ્યું. વર્કશોપમાં જે સ્ટેપ્સ શીખી છું એને કારણે નવરાત્રિમાં ગરબા રમવાની ઘણી મજા આવશે. આવી વર્કશોપ દર વર્ષે કરવામાં આવે તો અમને ઘણો લાભ મળી શકે. આવતા વર્ષે હું વધુ ને વધુ મારા મિત્રોને લઇને આવીશ. મુંબઈ સમાચારનો દિલથી આભાર.

**- રિયા પટેલ**

### પરફેક્ટ મેનેજમેન્ટ-એરેન્જમેન્ટ



‘મુંબઈ સમાચાર’ આયોજિત ગરબા વર્કશોપમાં કરવામાં આવેલું મેનેજમેન્ટ અને એરેન્જમેન્ટ ખૂબ જ સુંદર હતું. કોઇ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની તકેદારી રાખવામાં આવી હતી. મેં એક પણ દિવસ વર્કશોપને મિસ નહોતી કરી અને ‘મુંબઈ સમાચાર’ આવું આયોજન દર વર્ષે કરવામાં આવે એવી વિનંતી.

**- મોના પટેલ**

### વેરી ગુડ એક્સપિયરિન્સ



વર્કશોપમાં એકદમ સારો અનુભવ થયો. ખૂબ જ સુંદ રીતે આયોજન કરવામાં આયું હતું. કોઇ કારણસર હું દરેક દિવસે જઇ નહોતી શકી, પણ આવતા વર્ષે જો આવું આયોજન થશે તો એક પણ દિવસ મિસ નહીં કરું. ખરેખર એક સારો અનુભવ રહ્યો.

**- ફાલ્ગુની મહેતા**

### મારી મિત્ર સાથે આવી હતી



છેલ્લાં બે વર્ષથી મારી એક મિત્ર આ વર્કશોપ એટેન્ડ કરે છે. તેના કહેવાથી જ હું અહીં આવી હતી. સારું થયું વર્કશોપમાં આવી, નહીં તો ઘણું મિસ થાત. આમ તો ગરબા રમવાનો શોખ હતો અને ‘મુંબઈ સમાચાર’ની વર્કશોપમાં ઘણું શીખવા મળ્યું એટલે અનેક સ્ટેપ્સ પણ આવડી ગયા. આવી વર્કશોપનું આયોજન દર વર્ષે થાય એવી વિનંતી.

**- રાજવી પટેલ**

### ‘મુંબઈ સમાચાર’ને કારણે સારી પ્રેક્ટિસ થઇ



આમ તો મારા ઘરમાં મને ગરબા શીખવા મળતા જ હોય છે, કારણ કે મારી મમ્મી પણ પોતે કોરિયોગ્રાફર છે, પણ વર્કશોપમાં શીખવાની મજા જ અલગ હતી. આવો અનુભવ તમે જાતે જઇને માણો તો જ જાણવા મળે. ખરેખર મિત્રો સાથે જઇને આ લ્હાવો લેવા જેવો હતો. આવતા વર્ષે પણ હું જઇશ અને મારા મિત્રોને પણ આવવા માટે કહીશ. રામજી આસર સ્કૂલના પ્રાંગણમાં ખાસ્સી સ્પેસ હોવાને કારણે અહીં શીખવાની મજા આવી.

**- ટ્વિશા સંઘવી**

## મુલુંડ

### કોરિયોગ્રાફરો સારું શીખવાડે છે



હું મારી મમ્મી સાથે અહીં આવ્યો હતો અને અહીં મારી ઉંમરનાં બાળકો પણ આવ્યાં હતાં. તેઓ સાથે રમવાની ખૂબ મજા આવે અને બધા ટીચર પણ સારા હતા અને ન આવડે તો ફરી શીખવાડતા હતા.

**- મોક્ષ મહુવા**

### સોશિયલ મીડિયાના માધ્યમથી ગરબા વર્કશોપની જાણ થઈ



‘મુંબઈ સમાચાર’ આવા આયોજન કરે છે એ જાણીને ખૂબ આનંદ થયો. ગરબા વર્કશોપ થઇ રહી હોવાની જાણ મને સોશિયલ મીડિયાના માધ્યમથી થઇ હતી. આ ઉપરાંત અને મને જાણવા મળ્યું કે મુંબઈ સમાચાર ગરબા કોમ્પિટીશન પણ કરી રહ્યું છે તો હું જરૂર એમાં ભાગ લઇશ અને જીતવાનો પૂરો પ્રયાસ કરીશ.

**- નિરવિ મોતા**

### હું ગરબા કોમ્પિટિશનમાં રમવા માટે આતુર છું



‘મુંબઈ સમાચાર’ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આટલું સારું આયોજન ચાર દિવસ અને એ પણ ફ્રીમાં. મને ગરબા રમતા નથી આવડતું પણ જયારે મને આ આયોજનની ખબર પડી ત્યારે અહીં આવ્યા અને જોયું તો બહોળી સંખ્યામાં લોકો અહીં આવ્યા હતા અને આટલા જાણીતા કોરિયોગ્રાફર અહીં શીખવાડી રહ્યા હતા. બધા ઉપર તેઓ એક સરખું ધ્યાન આપીને શીખવી રહ્યા હતા.

**- વનિશા જોશી**

### ‘મુંબઈ સમાચાર’ની આ એક સારી પહેલ હતી



અમને અહીં રમવાની બહુ મજા આવી હતી. ઘણું શીખવા પણ મળ્યું અને કોરિયોગ્રાફર પણ સારા હતા. ગરબાના સ્ટેપ્સ શીખવાનો એક અનેરો અનુભવ મળ્યો. ‘મુંબઈ સમાચારે’ આ એક સારી પહેલ કરી છે. મારા માટે એક જુદો જ અનુભવ હતો. આવી ટ્રેનિંગ તો પૈસા ખર્ચીને પણ ન મળે.

**- તન્વી ઠક્કર**

### સુંદર આયોજન સાથે ઉત્તમ વ્યવસ્થા



ગરબા વર્કશોપનું ખૂબ જ સુંદર રીતે આયોજન અને વ્યવસ્થા પણ સારી રીતે કરવામાં આવ્યું હતું. કદાચ મુંબઈમાં આ પહેલી સંસ્થા હશે જે ચાર દિવસ ત્રણ ત્રણ કલાકના સેશન ફ્રીમાં શીખવાડતું હશે. આટલી મોટી પ્રોફેશનલ કોરિયોગ્રાફરની ટીમ અહીં શીખવાડી રહી હતી એ અહીં શીખવા આવેલાઓ માટે સોનામાં સુગંધ જેવું કહેવાય.

**- હેતલ ઠક્કર**

### ‘થેન્ક્સ ટુ મુંબઈ સમાચાર’



અહીં આવીને ઘણા નવા નવા સ્ટેપ્સ શીખવા મળ્યા. બીજે દિવસે પણ આવી હતી અને ત્યારે પણ નવા સ્ટેપ્સ શીખવા મળ્યા. કોરિયોગ્રાફરો બહુ સારું શીખવાડતા ગયા અને ધ્યાન પણ પૂરું આપતા હતા. મારે હવે મુંબઈ સમાચારની ગરબા કોમ્પિટીશનમાં પણ ભાગ લેવો છે.

**- જેનીશા જસાની**

### મહોલ જોઈને મન થનગનાટ કરતું થઇ ગયું



આ એક લ્હાવો હતો અને અન્ય લોકોની સાથે ગરબાના સ્ટેપ્સ પણ સારી રીતે થતા હતા. ગરબા શીખવા માટે બહોળી માત્રામાં લોકો આવ્યા હતા અને આટલા સારા કોરિયોગ્રાફરો અને બધાને સાથે રમતા જોઈને મન આપોઆપ થનગનાટ કરવા મજબૂર થઈ ગયું હતું. ખરેખર મુંબઈ સમાચાર દ્વારા સરસ આયોજન કરવામાં આવ્યું હતું.

**- નીતિ ઝવેરી**

### જાણીતા કોરિયોગ્રાફરો પાસેથી શીખવા મળ્યું એ લ્હાવો




જાણીતા કોરિયોગ્રાફરો પાસેથી શીખવાનો લ્હાવો મળ્યો એ આનંદની વાત હતી. હજારો રૂપિયા ખર્ચ્યા પછી પણ આવી તાલીમ ન મળે. એટેન્શન આપીને આનાથી વધુ લોકોને શું જોઈએ. કોરિયોગ્રાફરો પણ એટલું જ એટેન્શન આપીને શીખવાડતા હતા. આવી વર્કશોપ થઇ હોય એવું ક્યારે પણ સાંભળ્યું નહોતું. નવો જ અનુભવ થયો. થેંક યુ ‘મુંબઈ સમાચાર.’

**- દીપા નાકર**


# ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપના સહયોગીઓ

## દુષ્યંત સોની



દુબઈ સ્થિત મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકોન એવોર્ડ્સ ૨૦૨૩ના આયોજક અને કોરોના કાળમાં વિશ્વની સૌથી મોટી ઓનલાઈન ગરબા કોમ્પિટિશનના સ્થાપક અને મુંબઈ સમાચારની નવરાત્રિ ઈવેન્ટમાં સંપૂર્ણ સહયોગ આપનારા ગરબા ગુરુ દુષ્યંતભાઈ છેલ્લાં પાંચ વર્ષથી દુબઈમાં ગરબાની વર્કશોપ ચલાવી રહ્યા છે. મુંબઈની અનેક નવરાત્રિમાં તેઓ વિજેતા રહી ચૂક્યા છે અને તેમણે ટી-સિરીઝ આલ્બમ ગરબા ગુજરાત અને ટી-સિરીઝના અન્ય આલબમ ક્રિષ્નામાં દિગ્દર્શન કોરિયોગ્રાફી અને અભિનય પણ કર્યો છે.

## અમિત સોની



મુંબઈની વિવિધ નવરાત્રિઓમાં જજ તરીકે સેવા આપતા અમિતભાઈ ૧૯૯૦થી ગરબા રમવાનો શોખ ધરાવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ મુંબઈ સમાચારની નવરાત્રિમાં થતી ગરબા હરીફાઈમાં સહયોગ આપી રહ્યા છે. દુબઈમાં થયેલા મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકોનના તેઓ આયોજક હતા. દુબઈ સ્થિત તેઓ ડોમમાં સૌથી મોટી નવરાત્રિનું આયોજન કરી રહ્યા છે.

## મનીષા શેઠ



વર્ષોથી ડાન્સનો બહોળો અનુભવ ધરાવતાં મનીષાબહેને ૧૯૯૦માં સમકાલીન સ્પર્ધામાં બેસ્ટ ડાન્સર તરીકેનો ખિતાબ મેળવ્યો હતો. આ ઉપરાંત સહારા સ્ટાર, જુહૂ જિમખાના ક્લબ, જૈન જાગૃતિ જુહૂ અને ઓનલાઈન ડીજીજીસી જેવી અનેક નવરાત્રિની કોમ્પિટિશનમાં વિજેતા રહ્યાં છે. હાલમાં તેઓ ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપમાં કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી રહ્યાં છે.

# માટુંગા

### ઘણું નવું શીખવા મળ્યું



ગરબા વર્કશોપ ખૂબ જ યુનિક હતી અને ખૂબ જ સરસ આયોજન હતું. બીજું પ્રવેશ ફ્રીમાં હતું. ‘મુંબઈ સમાચાર’ની આ પહેલ યુવાનો માટે ખૂબ જ ફાયદાકારક છે, આવી વર્કશોપ વધુ દિવસો ચાલે તો સોનામાં સુગંધ ભળી જશે.

**- વીરેન પટેલ, વિરાર**

### હું અને મારી દીકરી બંને આવ્યાં હતાં



હું સ્કૂલમાં જતી હતી ત્યારે મારા પપ્પા અને મારા દાદા ‘મુંબઈ સમાચાર’ વાંચતા હતા, આજે હું પણ વાંચું છું એટલે આ ગરબા વર્કશોપ વિશે ખબર પડી. આ ગરબા વર્કશોપમાં હું અને મારી દીકરી બંને આવ્યાં હતાં. ગરબા વર્કશોપમાં દરેકે પારંપરિક ગરબા શીખવાનો લ્હાવો લીધો. દર વરસે આવી વર્કશોપ યોજવી જોઈએ.

**- શ્વેતા શાહ**

### આવી વર્કશોપ કરતા રહો



હમણાં ગરબાની સીઝન ચાલી રહી છે જેમાં ‘મુંબઈ સમાચારે’ શહેરના અનેક ઠેકાણે ફ્રી ગરબા વર્કશોપનું આયોજન કર્યું છે જે વખાણવાલાયક છે, ખૂબ જ સુંદર આયોજન અને કોરિયોગ્રાફરો ખૂબ જ સરસ રીતે શીખવાડે છે, જે ખરેખર ઊર્જા પ્રદાન કરે છે. માટુંગા ગુજરાતી સેવા મંડળમાં જે જગ્યામાં આયોજન કરવામાં આવ્યું તેને કારણે સગવડતા થઇ.

**- અલ્પા સુનીલ સૈયા**

### ખૂબ જ સુંદર આયોજન



‘મુંબઈ સમાચાર’ની વર્કશોપ ખરેખર સુંદર છે. ગયા શનિ-રવિ આવ્યા બાદ આ શનિ-રવિએ શીખવાની બહુ મજા આવી. કોરિયોગ્રાફરોની શિખડાવવાની પદ્ધતિ બહુ સરસ હતી એટલે મને એવું લાગી રહ્યું છે કે આ વરસે તો હું ઈનામ જીતીશ જ.

**- જાન્વી શાહ, માહિમ**

### ખરેખર અદ્ભુત વર્કશોપ



હું મારી લાઈફમાં પહેલી વાર ગરબા વર્કશોપમાં આવી છું. ખરેખર અહીંની ગરબા વર્કશોપ અદ્ભુત હતી, આવી વર્કશોપ હંમેશાં કરતા રહેજો, જેથી અમે દર વરસે નવા નવા પ્રકારના ગરબાના સ્ટેપ્સ શીખી શકીએ. થેંક યુ ‘મુંબઈ સમાચાર.’

**- કેશિકા લાખાણી, શિવરી**

### સરળ અને પારંપરિક ગરબા



હું મહારાષ્ટ્રીયન છું, મને ગરબા રમવાનો ખૂબ શોખ હોવાથી મારી એક ગુજરાતી ફ્રેન્ડ પણ અહીં આવી હતી તેની સાથે અહીં આવી હતી. ‘મુંબઈ સમાચાર’નો આ પ્રયાસ બહુ સરસ છે. નાના-મોટા બધા અહીં શીખી શકે એવા ગરબા શિખવાડવામાં આવી રહ્યા છે. વેલ ડન મુંબઈ સમાચાર.

**- પ્રાંજલ વાલકર, અગ્રીપાડા**

### નવો ઉત્સાહ જાગ્યો



અહીં ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપમાં ગરબા શીખવા જવા મારા પપ્પાએ મને કહ્યું હતું. હું મારા ફ્રેન્ડ સાથે આવ્યો છું. કોરિયોગ્રાફરો એક એક જણ પર ધ્યાન આપી રહ્યા છે, જેને સ્ટેપ્સ ન સમજાય તેમને અલગથી શીખવાડી રહ્યા છે. થેંક યુ ડીજીજી અને મુંબઈ સમાચાર.

**- હર્ષ કુરિયા, ઘાટકોપર**

### એક પણ દિવસ મિસ નહોતો કર્યો



વ્યવસાયે હું યોગા ટીચર છું, પણ મને ગરબા રમવામાં ખૂબ જ રસ છે. વર્કશોપમાં નવાં સ્ટેપ્સ શીખવાની તક મળી. પૈસા આપતા પણ આવું શીખવા મળે નહીં. કોરિયોગ્રાફરો સારી જહેમત ઉઠાવી હતી. મેં એક પણ દિવસ મિસ નહોતો કર્યો. ગરબાના નવા સ્ટેપ્સ શીખવા મળ્યા એ માટે હું મુંબઈ સમાચારની આભારી છું.

**- નીતા પરમાર**

### નોનસ્ટોપ રમું છું



‘મને રાસ-ગરબાનો ખૂબ શોખ છે. હું ચાર વર્ષની હતી ત્યારથી જ સ્ટેજ પર પર્ફોર્મ કરતી આવી છું. હું હંમેશાં ગરબા રમું છું અને ઈનામ પણ જીતું છું. અમે એક વખત ગરબા રમવાનું શરૂ કરીએ પછી થોભતા નથી. આ વર્કશોપ’માં આવીને કોરિયોગ્રાફર્સ અને યંગસ્ટર્સ પાસેથી જે સ્ટેપ્સ શીખવા મળ્યા એની અમને ખુશી છે.’

**- વિભૂતિ બદિયાણી**

### અન્યો પણ વર્કશોપ અટૅન્ડ કરે



‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપ’માં આવીને ખૂબ મજા પડી ગઈ. કોરિયોગ્રાફર્સે ખૂબ સરસ રીતે સ્ટેપ્સ શીખવાડ્યાં હતાં. આવતા વર્ષે પણ આ વર્કશોપને અટૅન્ડ કરવાની છું. મારું એવું માનવું છે કે અન્ય લોકોએ પણ આ વર્કશોપ અટૅન્ડ કરવી જોઈએ.’

**- રીના શાહ**

### કોઈપણ વયના શીખી શકે



‘‘મુંબઈ સમાચાર’માં ઍડ વાંચીને હું આ ગરબા વર્કશોપમાં હાજર રહી. જેમને સ્ટેપ્સ સમજમાં નથી આવતા તેમને કોરિયોગ્રાફર્સ પર્સનલી શીખવાડે છે. કોઈપણ ઉંમરના લોકો ગરબાના સ્ટેપ્સ સરળતાથી આ વર્કશોપમાં શીખી શકે છે. મને અહીં ખૂબ મજા આવી.’

**- નિહારિકા સોલંકી**

### મને ગરબા નહોતા આવડતા



‘હું નિતનવા ગરબાના સ્ટેપ્સ શીખી શકું એ માટે આ વર્કશોપમાં આવ્યો હતો. હવે મને એટલો આત્મવિશ્વાસ આવી ગયો છે કે હું ગરબાની સ્પર્ધામાં ભાગ લઈને જીતી પણ શકીશ. હું સરસ ગરબા રમી શકું એ માટે મુંબઈ સમાચારનો આભારી છું.

**- જસ**

# કાંદિવલી

### ખૂબ જ સુંદર આયોજન



હું મારી દીકરીને લઇને આવી હતી. શહેરનાં અનેક ઠેકાણે ગરબા વર્કશોપ કરવી અને એ પણ સુંદર આયોજન સાથે. દર વર્ષે આવું આયોજન થાય એવું કરશો. મુંબઈ સમાચારની ટીમે ભારે જહેમત ઉઠાવી છે. હેટ્સ ઓફ મુંબઈ સમાચાર.

**- નેહા ગોગરી**

### આગલે દિવસે જોયું એટલે બધાને લઇને આવી



આગલે દિવસે એટલે કે ૨૮મી સપ્ટેમ્બરે હું વર્કશોપમાં આવી હતી અને અહીં એટલી મસ્ત સ્ટાઈલથી ગરબાના સ્ટેપ્સ શિખડાવવામાં આવતા હતા કે હું મારી દીકરી અને અન્યોને સાથે લઇને આવી હતી. આવતા વર્ષે વધુ ને વધુ લોકોને આમાં જોડાવા માટે કહીશ. આવું આયોજન દર વર્ષે થતું રહે.

**- ચાર્મી સંઘવી**

### બંને અઠવાડિયાં આવીને ઘણું શીખ્યા



‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપમાં બંને અઠવાડિયાં આવી હતી. અહીં જે શીખવા મળ્યું એ ક્યાંય મળે એમ નહોતું. હું મારી સાથે છેલ્લે દિવસે એક ફ્રેન્ડની દીકરી મિશ્રી ટંકારિયાને પણ લઇને આવી હતી, જેણે પણ ખૂબ જ આનંદ આવ્યો. આ વર્કશોપમાં બીજો એક ફાયદો એ થયો કે વધુ લોકો સાથે ઓળખાણ થઇ.

**- ઉર્વશી શેઠ**

### મને ખૂબ જ શોખ છે



ગરબા રમવાનો મને ખૂબ જ શોખ છે. સારું કર્યું કે મુંબઈ સમાચારે કાંદિવલીમાં વર્કશોપ રાખી હતી, જેને કારણે મને નવાં નવાં સ્ટેપ્સ શીખવા મળ્યા. નવરાત્રિ પહેલાં આવી ટ્રેનિંગ મળી જાય તો ઘણો ફાયદો થતો હોય છે.

**- નાયશા કારિયા**

### બહુ મોડી ખબર પડી



ગરબા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હોવાની માહિતી મને થોડી મોડી મળી, પણ જે દિવસે ખબર પડી એટલે બંને દિવસ હું આવી હતી. સ્ટેપ્સ એટલા સારી રીતે શિખવાડવામાં આવતા હતા કે ખૂબ એન્જોય કર્યું. ખરેખર આવી વર્કશોપ થતી રહેવી જોઇએ.

**- સ્વાતિ ગુપ્તા**

### સાથે રમવાની ખૂબ મજા આવી



મુંબઈ સમાચારની વર્કશોપમાં ગરબાના સ્ટેપ્સ તો શીખવા મળ્યા જ સાથે અમે ચારેય ફ્રેન્ડ ઘણા સમયથી મળી નહોતી શકી એટલે એક મળવાનો પણ મોકો મળ્યો. ઘણા સમય પછી સાથે રમ્યા જેનો ખૂબ આનંદ આવ્યો. થેંક યુ મુંબઈ સમાચાર.

**- સુરમી બધેકા, પૂર્વી શાહ, નેહા અને દર્શના રાવલ**

## કરણ ઠક્કર



એક ખાનગી બેંક સાથે ૯ વર્ષનો અનુભવ ધરાવતા કિરણભાઈ ગરબા રમવાનો શોખ ધરાવે છે. તેમણે અનેક ગરબામાં અનેક ખિતાબ હાંસલ કર્યા છે. તેમને જજનો પણ બહોળો અનુભવ હોવાથી તેઓ અનેક ઠેકાણે જ્યુરીમાં પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૩ વર્ષથી ગરબા કિંગ તરીકે પ્રખ્યાત છે. ઘાટકોપર નવરાત્રિ ઉત્સવ, ફાલ્ગુની પાઠક, પ્રીતિ પિંકી, કાલિદાસ-મુલુંડ ખાતે તેમણે અનેક વાર પ્રાઈસ જીત્યા છે.

## અજિત બાગવે



ફોક ડાન્સમાં ગોલ્ડ મેડલિસ્ટ તેમ જ ગરબામાં પણ ૩૬ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા અજિતભાઈએ પાંચ વર્ષ બોલિવુડ કોરિયોગ્રાફર ફરાહ ખાન સાથે કામ કર્યું છે. તેમણે અનેક સ્કૂલ અને કોલેજોમાં લોકનૃત્ય પણ શીખવાડ્યું છે. હાલમાં જ તેમણે યુએસએ અને સાન ફ્રાન્સિસ્કોમાં પણ વર્કશોપ કરી હતી. લોકનૃત્ય આપણા દેશમાં વધુ ને વધુ પ્રસરે એવા તેમના ગુરુ મહેશ સિંગનું સપનું તેઓ પૂરું કરી રહ્યા છે.

## બિજલ વીસરિયા-શાહ



૧૯૯૭માં શ્રેષ્ઠ ડ્રામા અભિનેત્રી માટે દિવ્યા ભારતી રાષ્ટ્રીય પુરસ્કાર અને ૨૦૨૩માં પબ્લિક ફિગર ઓફ ધ યર માટે દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિજેતા બિજલબહેન ગરબા ક્વીન, મેન્ટોર અને કોરિયોગ્રાફર છે. તેમણે પ્રખ્યાત બોલિવુડ કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય સાથે અનેક શો કર્યા છે અને તેઓ સામાજિક સ્તરે પણ અનેક અગ્રેસર છે. આ ઉપરાંત અનેક નવરાત્રિમાં તેઓ વિજેતા છે અને જજ તરીકે પણ કાર્યરત છે.

## અવનિ ઠક્કર



ગરબામાં ૫૦થી વધુ ટ્રોફી મેળવનાર અવનિ ઠક્કર વ્યાવસાયિક રીતે મેકઅપ આર્ટિસ્ટ છે અને છેલ્લાં ૨૦ વર્ષથી તેઓ ગરબા શીખવાડે છે. મુલુંડમાં પ્રેરણારાસમાં તેઓ ૭ વર્ષ વિનર રહ્યાં હતાં અને રેડિયન્સ દાંડિયામાં તેઓ ફસ્ટ્ર પ્રાઈસ વિનર રહ્યાં છે.

## રાજેશ જોશી



પોપટ અને લહેરિયું જેવા સ્ટેપ્સને પ્રચલિત કરનારા રાજેશભાઈ પચીસ મેગા એવોર્ડ્સ જીત્યા છે. લંડનમાં પણ તેમનો ડંકો વાગ્યો છે. ફાલ્ગુની પાઠકથી લઇને નૈતિક નાગડાની નવરાત્રિ સહિત અનેક ઠેકાણે તેમણે જજિંગ પણ કર્યું છે. ઈન્ટિરિયર ડિઝાઈનર એવા રાજેશભાઈનો યંગસ્ટર્સને ગરબા શીખવવાનો શોખ રહ્યો છે.

## પ્રશાંત ચોસલિયા



ભારત અને વિદેશમાં ગરબાની વર્કશોપમાં ભાગ લેનારા અને સાલસ સ્વભાવ ધરાવતા પ્રશાંતભાઈ મુંબઈમાં ત્રણ વાર ગરબા ચેમ્પિયન રહ્યા છે. નેશનલ લેવલ ડાન્સ કોમ્પિટિશન અને અગ્રણી નવરાત્રિમાં તેમણે જજ તરીકેની સેવા આપી છે.

## દિવ્યા સોની



સમાજ સેવી સ્વભાવના દિવ્યા સોનીએ કલ્ચરલ ઈવેન્ટ જજ તરીકે અનેક ઠેકાણે સેવા આપી છે. તેઓ જ્વેલરીનો વ્યવસાય ધરાવે છે અને ગરબાના ઈન્સ્ટ્રક્ટર હોઈ મુંબઈના અનેક ઠેકાણે તેમના ગરબા ક્લાસ ચાલે છે.

## બિજલ ટેલર



૨૦૦૮માં કોકાકોલા ક્વીનનો ખિતાબ મેળવેલાં ગરબા ક્વીન બિજલબહેન શગુન ઈવેન્ટ્સના સ્થાપક છે. તેઓ ચાર વર્ષ ફાલ્ગુની પાઠકમાં વિજેતા રહી ચૂક્યાં છે અને તેમને નીતા અંબાણી અને અક્ષય કુમારના હસ્તે ઈલકાબ આપવામાં આવ્યા છે.

## પિંકી ત્રિવેદી



ગરબા ટ્રેઈનર પિંકીબહેન પાર્થિની નૃત્ય કલા ડાન્સ ક્લાસના સ્થાપક છે. તેમણે અનેક ડાન્સ કોમ્પિટિશનમાં કોરિયોગ્રાફી કરી છે. અનેક કોમ્પિટિશન અને ડાન્સ શોમાં તેઓ જજ તરીકે સેવા આપી ચૂક્યાં છે.

## પરેશ જોશી



પરેશભાઈ છેલ્લાં ૩૫ વર્ષથી ગરબા શીખવાડી રહ્યા છે અને તેઓ પચીસ વર્ષ સુધી ગરબાના વિનર રહ્યા છે. ફાલ્ગુની પાઠકથી લઇને પ્રીતિ પિંકી સહિત મુંબઈની અનેક નવરાત્રિમાં તેમણે સોલો અને કપલમાં ઈનામ મેળવ્યા છે. છેલ્લાં ૧૩ વર્ષથી જજ તરીકે પણ તેઓ સેવા આપી રહ્યા છે.

## ચાર્મી કક્કડ



સાઉન્ડ એન્જિનિયર અને બીએમએમની ડિગ્રી પ્રાપ્ત કરનાર ચાર્મીબહેન છેલ્લાં ૯ વર્ષથી લગ્નના સંગીત કાર્યક્રમોમાં ડાન્સ શીખવાડવાનો બહોળો અનુભવ ધરાવે છે. બાળકોને ફ્રી સ્ટાઈલ બોલિવુડ ડાન્સ શીખવાડે છે અને વાઈબ્રન્ટ ગરબા શીખવવામાં તેમની હથોટી છે.

## અરુણા પંચાલ



ભારતનાટ્યમ અને લોકનૃત્યમાં અગ્રણી એવાં અરુણાબેહનની પોતાની અરુણા નૃત્યશાલા કરીને સ્કૂલ છે. હાલમાં તેઓ આખા વિશ્વમાં અનેક લોકોને ઓનલાઈન અને ઓફલાઈન ગરબા શીખવાડી રહ્યાં છે. ગરબા અને લોકનૃત્ય હરીફાઈમાં તેમણે અનેક પ્રાઈસ અંકે કર્યા છે.

## વિદ્યા છેડા



સંગીત, લગ્ન અને વિવિધ હરીફાઈઓમાં એન્કરિંગ અને કોરિયોગ્રાફીનો બહોળો અનુભવ ધરાવતા વિદ્યાબહેન ઈવેન્ટ પ્લાનર પણ છે. તેમણે એક આલ્બમમાં પણ કામ કર્યું છે. આખા ભારતમાં તેમણે અનેક શો કર્યા છે.

## વૈશાલી સત્રા



થાણે, પનવેલ, પુણે સહિત અનેક ઠેકાણે વૈશાલીબહેન છેલ્લાં ૨૭ વર્ષથી ગરબા શીખવાડી રહ્યાં છે. રાસ લીલા ગરબાત્સોવનાં તેઓ સ્થાપક છે. તેઓ પાવર ગરબા ફિટનેસ ટ્રેનર ઝુમ્બા અને બોલિવુડ ફિટનેસ ટ્રેનર કોરિયોગ્રાફર છે. ગરબા શીખવવા તેમનો શોખ છે.

## સ્વાતિ ઠક્કર



બૃહદ્ મુંબઈ ગરબા ક્વીન સ્વાતિબહેન દાદાસાહેબ ફાળકે, નારી રત્ન અને હિંદુસ્તાન રત્ન એવોર્ડ વિજેતા છે. અનેક વર્ષોથી તેઓ ગરબાની ટ્રેનિંગ આપી રહ્યાં છે. અનેક ફેશન શો અને સૌંદર્ય સ્પર્ધામાં તેમણે કોરિયોગ્રાફી પણ કરી છે.

## સંજય સોની



છેલ્લાં ૩૫ વર્ષથી નૃત્ય અને ફિફ્ટીન પ્લસ માટે કોરિયોગ્રાફી કરતા સંજયભાઈ જજ તરીકે પણ સેવા આપે છે. ૯ વર્ષથી પ્રેરણા રાસમાં જજ કો-ઓર્ડિનેટર તરીકે કાર્યરત તેઓ પાંચ વાર ફાલ્ગુની પાઠક, બે વાર મુંબઈ સમાચાર અને ૩ વાર જૈન જાગૃતિ ફાઈનલ્સના વિજેતા રહી ચૂક્યા છે. તેમણે મસ્કત અમેરિકન વીમેન એસોસિયેશન અને નૈરોબીના ગુજરાતી સમાજમાં શો અને કોરિયોગ્રાફી કરી છે.

## મેઘના શેઠ



ક્લાસિકલ એન્ડ ફોક ડાન્સર, ગરબા ક્વીન, મેન્ટર અને કોરિયોગ્રાફર, આ છે મેઘનાબહેનની ખ્યાતિ. શિંગર મણિ એવોર્ડ વિજેતા લસ્યાંગના નૃત્યકલા મંદિરમાં તેઓ ઓપરેટર અને ડિરેક્ટર છે. સૌરાષ્ટ્રમાંથી તેઓ ગુજરાતનું ગૌરવનાં વિજેતા રહ્યાં છે. આઈઆઈટી મુંબઈનાં બેસ્ટ ડાન્સર અને કોરિયોગ્રાફર તરીકે તેમણે ખિતાબ મેળવ્યા છે. ગુજરાતી-મરાઠી અને બોલિવુડની ફિલ્મોમાં તેમણે અભિનય અને કોરિયોગ્રાફી પણ કરી છે.

## આકૃતિ બાગવે



કથ્થકમાં પારંગત આકૃતિબહેને રાજ્ય સ્તરે અનેક એવોર્ડ જીત્યા છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે સારો દેખાવ પણ કર્યો છે. બોલિવુડનાં જાણીતાં કોરિયોગ્રાફર ફરાહ ખાન સાથે પણ તેમણે કામ કર્યું છે. થોડાં વર્ષ પહેલાં તેમણે તેમના પતિ સાથે ગરબા શીખવવાનું શરૂ કર્યું અને મુંબઈ સમાચારની વર્કશોપમાં પણ તેમણે આ વર્ષથી સેવા આપવાનું શરૂ કર્યું.

## જૈનેશ શાહ



વ્યવસાયે વકીલ છે, પણ પહેલો શોખ તો ગરબા રમવાનો જ છે. છેલ્લાં ૨૩ વર્ષથી ગરબા રમતા જૈનેશભાઈએ ફાલ્ગુની પાઠક, સહારા સ્ટાર, જુહૂ જાગૃતિ સહિત અનેક ઠેકાણે વિવિધ કેટેગરીમાં ૬૫થી વધુ ખિતાબ મેળવ્યા છે. તેઓ મુંબઈ સમાચારની ફાઈનલ સ્પર્ધામાં વિજેતા રહ્યા છે. આ ઉપરાંત તેઓ જજ તરીકેની પણ સેવા આપી રહ્યા છે.

## નમિતા ભરત ઠક્કર

ફાઈનાન્શિયલ એડવાઈઝર નમિતા ઠક્કરનો પ્રથમ શોખ ગરબા શીખવવાનો છે. છેલ્લાં ૩૨ વર્ષથી કચ્છી લોહાણા સમાજ અને ઘાટકોપરનું ગૌરવ સમ્માન તેમણે પ્રાપ્ત કર્યું છે અને ફેશન ડિઝાઈનર તરીકે પણ તેઓ કાર્યરત છે. આ ઉપરાંત તેમણે મિસ કચ્છનો પણ ખિતાબ મેળવ્યો છે.

## પ્રશાંત ઠક્કર

કચ્છી લોહાણા સમાજ અને ઘાટકોપરનું ગૌરવ સમ્માન પ્રાપ્ત કરનારા પ્રશાંતભાઈ છેલ્લાં ૩૨ વર્ષથી દાંડિયા કિંગનો ખિતાબ મેળવી રહ્યા છે. તેઓ કોરિયોગ્રાફર, એન્કર અને ક્રિયેટિવ આર્ટિસ્ટ છે. આ ઉપરાંત તેમણે બોલિવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે કેબીસીના નવ ઉત્સવ એપિસોડમાં કોરિયોગ્રાફી પર્ફોર્મ કર્યું છે.

## વૈશાલી સંઘવી

છેલ્લાં ૨૭ વર્ષથી ગરબા ક્વીન તરીકે પ્રખ્યાત ઈન્ડિયા આઈકોનિક પર્સનાલિટીમાં પ્રથમ રનર-અપ તરીકે ઝળકેલી વૈશાલી શાઈના એનસી અને આમિર ખાન સાથે રેમ્પ વોક શેર કરવાની તક મળી હતી. છેલ્લાં ત્રણ વર્ષથી મુંબઈ સમાચાર સહિત સમગ્ર મુંબઈમાં તેઓ ગરબા જ્યુરી તરીકે સેવા આપી રહ્યાં છે. ફાલ્ગુની પાઠક, પ્રીતિ પિંકી અને રેડિયન્સ દાંડિયામાં વિનર થયેલાં છે.

## ચૈતાલી ગડા

ક્લાસિકલ ભારતનાટ્યમ અને લોકનૃત્યમાં નિષ્ણાત ચૈતાલીબહેન કોરિયોગ્રાફી અને ગરબામાં માસ્ટરી ધરાવે છે. છેલ્લાં ૨૦ વર્ષથી તેઓ આ ટીચિંગ કરી રહ્યાં છે. તેઓ ગરબા ખેલાડી, વિજેતા અને તાલીમ પણ આપે છે. બોલીવુડની ધક ધક ગર્લ માધુરી દીક્ષિત સાથે પણ તેમણે ફિલ્મ ‘મજામાં’માં પર્ફોર્મ કર્યું છે. ક્રોશિયા ઈન્ટરનેશનલ ફૉક ડાન્સ ફેસ્ટિવલ-૨૦૨૪માં તેમણે ભારતનું નેતૃત્વ કર્યું છે અને તેઓ જજ તરીકે પણ સેવા આપી રહ્યાં છે.

## ખુશ્બૂ ઠક્કર

ભારત નાટ્યમમાં વિશારદ એવાં ખુશ્બૂ ઠક્કર લેખનનો પણ શોખ ધરાવે છે. છેલ્લાં ૨૩ વર્ષથી તેઓ ગરબા હરીફાઈમાં ભાગ લઇ રહ્યાં છે અને અનેક ખિતાબ તેમણે અંકે કર્યા છે. ગરબા અને લોકનૃત્યમાં અનેક ઠેકાણે રમીને તેમણે ઈનામો અને ટ્રોફીઓ જીતી છે. હાલમાં છેલ્લાં ૧૫ વર્ષથી તેઓ જજ તરીકેની સેવા આપી રહ્યાં છે. ‘મુંબઈ સમાચાર’ની જ્યુરીમાં તેઓ છેલ્લાં બે વર્ષથી કાર્યરત છે.

# ગુજરાતને પૂર રાહત માટે ₹ ૬૦૦ કરોડ મળ્યા

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ ખાતાએ પૂરથી પ્રભાવિત દેશના ૧૪ રાજ્ય માટે રૂ. ૫,૮૫૮.૬૦ કરોડનું ભંડોળ ફાળવ્યું છે જેમાંથી ગુજરાત રાજ્યને રૂ. ૬૦૦ કરોડ, મહારાષ્ટ્રને રૂ. ૧,૪૯૧ કરોડ, આંધ્ર પ્રદેશને રૂ. ૧,૦૩૬ કરોડ, આસામને રૂ. ૭૧૬ કરોડ, બિહારને રૂ. ૬૫૫ કરોડ, પ. બંગાળને રૂ. ૪૬૮ કરોડ, તેલંગણાને રૂ. ૪૧૬ કરોડ. હિમાચલ પ્રદેશને રૂ. ૧૮૯.૨૦ કરોડ, કેરળને રૂ. ૧૪૫.૬૦ કરોડ, મણિપુરને રૂ. ૫૦ કરોડ, ત્રિપુરાને રૂ. પચીસ કરોડ, સિક્કિમને રૂ. ૨૩.૬૦ કરોડ, મિઝોરમને રૂ. ૨૧.૬૦ કરોડ અને નાગાલેન્ડને રૂ. ૧૯.૨૦ કરોડ ફાળવવામાં આવશે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન આ રાજ્યોને અતિભારે વરસાદ, પૂર, ભેખડો ધસી પડવાની ઘટનાઓ તેમ જ વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓને કારણે અસર થઈ હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ તેમ જ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ કુદરતી આફતોના અસરગ્રસ્ત વિસ્તારના લોકોની સમસ્યાઓને પહોંચી વળવા મોદી સરકાર ખભેખભા મિલાવીને ચાલી રહી છે. (એજન્સી)

# નેત્રહીનોને મળશે દૃષ્ટિ

## વિજ્ઞાનીઓએ બનાવી દુનિયાની પ્રથમ બાયોનિક આંખ

મેલબોર્નઃ વિશ્વભરમાં લાખો લોકો દૃષ્ટિહીનતાથી ઝઝૂમી રહ્યા છે અને કોઇ પણ ટેક્નોલોજીથી તેમની આંખની રોશની લાવવી શક્ય નથી. આંખની ઓપ્ટિક નર્વ જો ડેમેજ થઇ જાય તો વ્યક્તિની આંખોની રોશની હંમેશાં માટે જતી રહે છે અને તે દૃષ્ટિહીન થઇ જાય છે. જોકે ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોએ દુનિયાની સામે પ્રથમ બાયોનિક આંખ બનાવવાનો દાવો કર્યો છે જેનાથી ઓપ્ટિક નર્વને બાયપાસ કરીને આંખોની રોશની પાછી લાવવામાં મદદ મળી શકે છે. જોકે આ આંખનું એનિમલ ટ્રાયલ પૂર્ણ થઇ ચૂક્યું છે અને હવે હ્યુમન ટ્રાયલ શરૂ કરવામાં આવશે. આજના સમયમાં ટેક્નોલોજી લગભગ તમામ સમસ્યાના સમાધાન સુધી પહોંચી રહી છે. ઓસ્ટ્રેલિયાની મોનાશ યુનિવર્સિટીના સંશોધકોએ દુનિયાની પ્રથમ બાયોનિક આંખ વિકસાવી છે. જેનારિસ બાયોનિક વિઝન સિસ્ટમ નામની આ ટેક્નિક લાખો દૃષ્ટિહીનો માટે આશાનું કિરણ બની શકે છે. આ એક અદ્યતન ટેક્નોલોજી છે જે એ લોકોને આંખોની રોશની આપી શકે છે જેમણે દૃષ્ટિ ગુમાવી દીધી છે અને આ ટેક્નોલોજી અંધત્વની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે. જેનારિસ સિસ્ટમ એ લગભગ એક દાયકાના સંશોધન અને વિકાસનું પરિણામ છે. તે ડેમેજ ઇન્ડસ્ટ્રિયલ નેટવર્કને બાયપાસ કરીને કામ કરે છે જે સામાન્ય રીતે આંખોમાંથી લઇને મગજ સુધી દૃશ્ય સંબંધી જાણકારી પ્રસારિત કરે છે. તેના બદલે તે સીધી મગજના વિઝન સેન્ટરને સીધા જ સિગ્નલ મોકલે છે, જેથી યુઝર્સ ચિત્રો જોઇ શકે. એનિમલ ટ્રાયલમાં આશાસ્પદ પરિણામો પછી બાયોનિક આંખ હવે મેલબોર્નમાં તેના પ્રથમ માનવ ક્લિનિકલ ટ્રાયલ માટે તૈયારી કરી રહી છે. આ ટેક્નોલોજી ઘેટાંના મગજમાં સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. હ્યુમન ટ્રાયલમાં ભાગ લેનારા લોકોને હેડગિયર પહેરાવવામાં આવશે, જેને વિશેષ રીતે બનાવવામાં આવશે અને તેમાં વાયરલેસ ટ્રાન્સમીટર અને કેમેરાથી સજ્જ હશે. સમગ્ર સિસ્ટમમાં નાના ૯ મિમીના પ્રત્યારોપણનો સમાવેશ થાય છે જે લોકો માટે કોઈપણ વિઝ્યુઅલ ડેટા મેળવવા અને તેનું વિશ્લેષણ કરવા માટે મગજની અંદર મૂકવામાં આવે છે. આ લોકોને વસ્તુઓ જોવામાં મદદ કરી શકે છે.

# જમ્મુ-કાશ્મીરમાં ભારે મતદાન

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં સાંજના પાંચ વાગ્યા સુધી ૬૫.૪૮ ટકા મતદાન થયું હતું અને આ વખતે સાત જિલ્લામાં મતદાન લોકસભાના મતદાનને વટાવી દેશે. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં આ જિલ્લામાં ૬૬.૭૮ ટકા મતદાન થયું હતું.

પહેલા અને બીજા તબકકામાં પણ મતદાનની ટકાવારી લોકસભાની ચૂંટણી કરતાં વધારે હતી.

પહેલા તબક્કામાં સાત જિલ્લામાં ૬૧.૩૮ ટકા મતદાન થયું હતું, જે લોકસભાના ૬૦ ટકા મતદાન કરતાં વધારે હતું.

કેન્દ્રશાસિત પ્રદેશમાં બીજા તબકકાની છ જિલ્લાની ચૂટણીમાં મતની ટકાવારી ૫૭.૩૧ ટકા હતી જે લોકસભાના ૫૨.૧૭ ટકા કરતાં વધારે હતી. એક દાયકા બાદ જમ્મુ ને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ૨૦૧૯માં બંધારણમાંથી ૩૭૦મી કલમ કાઢી નાખીને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યા ત્યાર બાદ પહેલી વાર ચૂંટણી યોજાઈ રહી છે. નવા સીમાંકન બાદ પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીર માટે ફાળવવામાં આવેલી બેઠકોને બાદ કરીને બેઠક ૮૩થી ૯૦ કરવામાં આવી હતી.

ગયા ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી ૩૦ સપ્ટેમ્બર સુધી કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

# જમૈકાની વિકાસયાત્રામાં ભારત વિશ્વાસપાત્ર ભાગીદારઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત જમૈકાની વિકાસયાત્રામાં ''વિશ્વાસુ ભાગીદાર'' રહ્યું છે અને તે કેરેબિયન રાષ્ટ્ર સાથે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બાયોફ્યુઅલ, ઈનોવેશન અને સ્વાસ્થ્ય સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં કુશળતા શેર કરવા તૈયાર છે.

મોદીએ જમૈકાના વડા પ્રધાન એન્ડ્રુ હોલનેસ સાથે વ્યાપક વાટાઘાટો કર્યા બાદ આ ટિપ્પણી કરી હતી.

તેમના મીડિયા નિવેદનમાં, મોદીએ કહ્યું કે તેમણે અને હોલનેસે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી અને સંમત થયા હતા કે તમામ તણાવ અને વિવાદો વાટાઘાટો દ્વારા ઉકેલવા જોઈએ અને બંને પક્ષો વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે.

ભારત અને જમૈકા સર્વસંમત છે કે યુએન સુરક્ષા પરિષદ સહિત તમામ વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા જરૂરી છે, એમ તેમણે કહ્યું, મોદીએ કહ્યું કે જમૈકાની વિકાસ યાત્રામાં ભારત ''વિશ્વાસુ અને પ્રતિબદ્ધ'' વિકાસ ભાગીદાર રહ્યું છે અને તે રહેશે.

''અમે જમૈકા સાથે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બાયોફ્યુઅલ, ઈનોવેશન, હેલ્થ, એજ્યુકેશન અને એગ્રીકલ્ચરનાં ક્ષેત્રોમાં અમારો અનુભવ શેર કરવા તૈયાર છીએ,'' એમ તેમણે કહ્યું.

સંરક્ષણ ક્ષેત્રમાં, અમે જમૈકાનાં સશસ્ત્ર દળોને તાલીમ અને ક્ષમતા નિર્માણ કરવા પર આગળ વધીશું, એમ મોદીએ જણાવ્યું હતું.

વડા પ્રધાને સંગઠિત અપરાધ, માદક દ્રવ્યોની હેરાફેરી, આતંકવાદને બંને રાષ્ટ્રો સામેના સામાન્ય પડકારો તરીકે ઓળખાવ્યા હતા.

ભારત-જમૈકા સંબંધો સહિયારા ઈતિહાસ, લોકતાંત્રિક મૂલ્યો અને લોકો વચ્ચેના મજબૂત સંબંધો પર આધારિત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

હોલનેસ સોમવારે અહીં પહોંચ્યા હતા. જમૈકાના વડા પ્રધાનની ભારતની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે.

# સાયબર હુમલા રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરોઃ રાષ્ટ્રપતિ મુર્મૂ

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે કહ્યું હતું કે સાયબર હુમલા રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો બની ગયા છે. તેમણે કહ્યું હતું કે નાગરિક સેવાઓ અને સશસ્ત્ર દળોએ સાથે મળીને એક સુરક્ષા વ્યવસ્થા બનાવવાની જરૂર છે જેથી કરીને આ હુમલાઓને રોકી શકાય. તેમણે કહ્યું હતું કે દેશની સુરક્ષા માત્ર સરહદોની સુરક્ષા પૂરતી સીમિત નથી. પરંતુ અર્થતંત્ર, પર્યાવરણ, ઊર્જા અને સાયબર સુરક્ષા જેવા અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પણ તેમાં સામેલ છે.

રાષ્ટ્રપતિ ભવન ખાતે મુર્મૂએ નેશનલ ડિફેન્સ કોલેજના ફેકલ્ટી અને સભ્યોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ ચિંતાઓને દૂર કરવા માટે સઘન સંશોધનની જરૂર છે અને આ મુદ્દાઓનો સામનો કરવા માટે એક સમગ્ર દ્રષ્ટિકોણ અપનાવવો પડશે. રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું હતું કે સાયબર હુમલાનો સામનો કરવા માટે હાઇ ટેકનોલોજી હસ્તક્ષેપ અને મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે. સાથે જ ટ્રેનિંગ અને એક્સપર્ટ્સ માણસોની પણ જરૂરી છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ મુદ્દો દેશના શાસન માળખાને અસર કરે છે. નાગરિક સેવાઓ અને સશસ્ત્ર દળોએ સાથે મળીને આ જોખમને રોકવા માટે એક મજબૂત વ્યવસ્થા ઊભી કરવી પડશે. મુર્મૂએ એમ પણ કહ્યું કે ગવર્નન્સ સિસ્ટમ્સમાં મોટી માત્રામાં ડેટા અને સંવેદનશીલ માહિતી ઉપલબ્ધ છે, જેને અસુરક્ષિત છોડી શકાય નહીં. તેમણે કહ્યું કે આ મુદ્દાની ગંભીરતાને સમજીને નક્કર પગલાં લેવાની જરૂર છે.

રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે સશસ્ત્ર દળોની ભૂમિકા પરંપરાગત લશ્કરી બાબતોથી આગળ વધી ચૂકી ગઈ છે. તેમણે એમ પણ કહ્યું કે અલગ-અલગ સંસ્થાઓ અને વિભાગો અલગ-અલગ કાર્યો કરે છે, જેના કારણે લક્ષ્યાંક હાંસલ કરવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. તેમણે કહ્યું કે આ કોર્સનો ઉદ્દેશ્ય અધિકારીઓને સહકાર અને કાર્યક્ષમતા વધારવા માટે તૈયાર કરવાનો છે.

તેમણે કહ્યું કે ઝડપથી બદલાતા વૈશ્વિક ભૂ-રાજકીય વાતાવરણમાં ઘણા પડકારો છે. અધિકારીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ જેવી ટેક્નોલોજીના ઝડપી વિકાસ સાથે ગતિ જાળવી રાખવાની આવશ્યકતા છે.

# સોનમ વાંગચુકની ધરપકડના વિરોધમાં લેહમાં સંપૂર્ણ બંધ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : સોનમ વાંગચુક સહિત ૧૨૦ પ્રદર્શનકારીની ધરપકડ બાદ કારગિલ ડેમોક્રેટિક અલાયન્સ (કેડીએ) અને એપેક્સ બૉડીએ મંગળવારે લદાખમાં બંધની હાકલ દીધી હતી જેની પૂરી અસર જોવા મળી. જાણીતા ગ્લબોલ વૉર્મિંગના એક્ટિવિસ્ટ વાંગચુક સહિત ૧૨૦ અન્ય લોકોની દિલ્હી પોલીસે સોમવારે રાતે સિંધુ સરહદે ધરપકડ કરી. તેઓ ક્ષેત્રમાં છઠ્ઠી અનુસૂચિ લાગુ કરવા અને ક્ષેત્રના અધિકારોના રક્ષણ માટે પ્રદર્શન કરી રહ્યા હતા. આ ધરપકડથી લદાખમાં બબાલ મચી હતી. લદાખમાં જનતા વાંગચુક અને પ્રદર્શનકારીની ધરપકડનો વિરોધ કરી રહી છે અને મોટા ભાગની દુકાનો બંધ છે. લોકો વાંગચુકની ઝડપી મુક્તિની માગણી કરી રહ્યા છે. એપેક્સ બૉડીના ૮૭ વર્ષીય કાર્યકર્તા ફાતિમા બાનોએ વાંગચુકની ધરપકડ બદલ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ લદાખના લોકો તરફથી છઠ્ઠી અનુસૂચિની હિમાયત કરે છે. તેમને બંધક ન બનાવી શકાય. બંધનો હેતુ લદાખમાં અધિક સ્વાયત્તા અને તેની સાંસ્કૃતિક ઓળખ જાળવવાના આંદોલન અંગે જાગૃતિ ફેલાવાનો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં પ્રતિબંધાત્મક હુકમો હોવા છતાં ૧૨૦ જણે પાછા ફરવાની ના પાડતાં તેમની ધરપકડ કરાઈ હતી. વાંગચુકે ધરપકડ પહેલાં ઈન્સ્ટાગ્રામમાં એક વિડીયો મૂક્યો હતો જેમાં દિલ્હીની સરહદે તેમની બસને રોકવામાં આવી હતી. વાંગચુકે કહ્યું કે પહેલાં તો એમ લાગ્યું કે મને પોલીસ એસ્કોર્ટ કરી રહી છે પરંતુ પછી સ્પષ્ટ થયું કે અમારી એરેસ્ટ થઈ રહી છે. અટકમાં લીધા બાદ તેમને અલીપુર સહિતના વિવિધ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા અને રાત સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા.

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું કે વાંગચુક તેમના સેંકડો સાથીદારો સાથે શાંતિમય રીતે કૂચ કરી રહ્યા હતા. તેમની ધરપકડ અસ્વીકાર્ય છે.

# ઑસ્ટ્રેલિયા ભારતીયોને વર્ષે ૧,૦૦૦ વર્ક, હોલીડે વિઝા આપશે

નવી દિલ્હી : ભારત અને ઑસ્ટ્રેલિયાએ એવા માળખા પર સંમત થયા છે જેમાં વ્યવસાયીક લાયકાતની માન્યતા અને પરવાના તથા રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયાને સરળ બનાવાશે.

ઑસ્ટ્રેલિયા પહેલી ઓક્ટોબરથી ભારતીય નાગરિકોને ૧૦૦૦ વર્ક, હોલીડે વિઝા આપશે. ભારત-ઑસ્ટ્રેલિયાની વચગાળાની મુક્ત વેપાર સંધી હેઠળ સંબંધો મજબૂત કરવાના ભાગરૂપે આ વિઝા અપાશે,

વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયુષ ગોયલ તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના ત્રણ દિવસના પ્રવાસેથી પાછા ફર્યા હતા. તેમણે કહ્યું હતું કે વિઝા કાર્યક્રમ ભારત અને ઑસ્ટ્રેલિયાના લોકો વચ્ચેનો નાતો મજબૂત બનાવશે.

ગોયલે એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે મને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે ઈન્ડિયા-ઑસ્ટ્રેલિયા ઈકોનૉમિક કોર્પોરેશન એન્ડ ટ્રેડ એગ્રિમેન્ટ પહેલી ઓક્ટોબર ૨૦૨૪થી અમલમાં આવશે. બે દેશો વચ્ચેની ગતિશીલતા વધારવા માટે આ મહત્ત્વનું પગલું હશે.

# બિહારના ભાગલપુરમાં વિસ્ફોટમાં સાત બાળકો થયા ઇજાગ્રસ્ત

ભાગલપુરઃ બિહારના ભાગલપુર જિલ્લામાં મંગળવારે કચરાના ઢગલા પાસે થયેલા વિસ્ફોટમાં સાત બાળકો ઘાયલ થયાં હતા. આ માહિતી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આપી હતી. ભાગલપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) આનંદ કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે વિસ્ફોટ શહેરના હબીબપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ખિલાફત નગર વિસ્તારમાં થયો હતો અને એવું લાગે છે કે બાળકોએ અજાણતા વિસ્ફોટક પદાર્થને સ્પર્શ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે ''આ ઘટનામાં સાત બાળકો ઘાયલ થયાં હતાં, જેમાંથી ત્રણ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. દરેકને નજીકની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ૧૯૧૭ | 'ભારત છોડો' આંદોલન |
| ૧૯૧૯ | સત્યના પ્રયોગો |
| ૧૯૨૫ | ગોળમેજી પરિષદ |
| ૧૯૩૧ | નવજીવનનો પ્રથમ અંક |
| ૧૯૪૨ | સાબરમતી આશ્રમ |

## ઓળખાણ રાખો




મોહનદાસ કરમચંદ ગાંધીના પ્રારંભિક જીવનના વર્ષો સાથે સંકળાયેલો 'કબા ગાંધીનો ડેલો' કયા શહેરમાં સ્થિત છે એ વિકલ્પમાંથી જણાવો.

અ) સુરત બ) જૂનાગઢ ક) રાજકોટ ડ) પોરબંદર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કો | ક | ૨ ર | ૩ વ | ૪ ર | ણો | | ૫ ઝા | ૬ ર | ણ |
| ડ | | ૭ મ | ચ | ક | | ૮ નિ | ક | ટ | |
| ૯ ભ | ર | ત | કા | મ | | ૧૦ વા | ળ | | ૧૧ અ |
| રી | | વા | | | ૧૨ આ | ર | | ૧૩ સા | વ |
| | ૧૪ ર | ત | ૧૫ વા | | ૧૬ ક | ણ | ૧૭ કી | | ધા |
| ૧૮ ભા | ણ | | ૧૯ હિ | ૨૦ જ | ડો | | ૨૧ ક | ગા | ર |
| ટ | | ૨૨ હ | યા | તી | | ૨૩ બિ | લી | | ણ |
| ચા | | ૨૪ ર | ત | | ૨૫ છા | યા | | ૨૬ અ | |
| ૨૭ ર | મ | | | ૨૮ વા | | ૨૯ ર | ઘ | વા | ૩૦ ટ |
| ણ | | ૩૧ અ | પ | હ | ર | ણ | | ૩૨ મ | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | | | ૫ | | | | | ૬ |
| ૭ | ૮ | | | ૯ | ૧૦ | | | ૧૧ | |
| ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | | |
| | ૧૫ | ૧૬ | | | | ૧૭ | | | |
| ૧૮ | | | | | ૧૯ | | | | |
| | | | | ૨૦ | | | | | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | | | | | |
| | | ૨૮ | | | | | | ૨૯ | |

### આડી ચાવી

૧. સારા કારણે થતો ઉજાગરો (૪)
૩. કારણ સાથે (૪)
૭. જાગીર (૩)
૯. બાર મહિના (૩)
૧૧. તેજ, પ્રકાશ, પ્રતિભા (૨)
૧૨. 'રમવું'નું આજ્ઞાર્થ (૨)
૧૩. --- ચડાવવો એટલે ઉત્સાહ આપવો (૩)
૧૪. પૈસાની તંગીવાલા (૩)
૧૫. રામની કથા (૪)
૧૭. થડકો લાગવો તે (૪)
૧૮. સતામણી (૪)
૧૯. પૃથ્વીની આસપાસ વાયુનું આવરણ (૫)
૨૦. દૂધ (૨)
૨૧. સમય (૩)
૨૩. આશ્ચર્ય (૩)
૨૫. સંગીતનું સાધન (૨)
૨૬. 'રડવું'નું આજ્ઞાર્થ (૨)
૨૭. મંદિરમાં વપરાતો પથ્થર (૬)
૨૮. મારવાનો તાંત્રિક પ્રયોગ (૩)
૨૯. એક મોટી માછલી (૨)

### ઊભી ચાવી

૧. જાદુ કરનાર (૪)
૨. અમીર, ધનવાન (૩)
૪. ખરબચડું (૨)
૫. આચ્છાદન, પડદો, વિઘ્ન (૪)
૬. રાજ માટેની ખટપટ (૫)
૮. સારું રાજ્ય, સુરાજ (૪)
૧૦. મને એ બાબતમાં ---- નથી (૨)
૧૧. પેટ ભરાયાની નિશાની (૪)
૧૩. રાતે ખીલતું ફૂલ (૩)
૧૪. ભાગ, કડવું, અધ્યાય (૪)
૧૬. સારવાર (૪)
૧૭. કોઇ કામ --- થઇ જાય (૨)
૧૮. આસપાસનું વાતાવરણ (૫)
૧૯. જીવાણું (સૂક્ષ્મ) (૪)
૨૦. ટૂંકો ઝભ્ભો (૪)
૨૨. ઘાસ (૨)
૨૪. તપ કરનાર (૩)
૨૫. ગરમ તપેલી નીચે ઉતારો (૩)
૨૭. અણી, ધાર (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વાચ કાછ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે' પંક્તિમાં કાછ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) કામ બ) કારણ ક) કાયા ડ) કસમ

## ગુજરાત મોરી મોરી રે

૧૯૪૨ના કારાવાસ દરમિયાન ગાંધીજીએ જીવનમાં સ્વાસ્થ્ય અંગે લખેલા પુસ્તકનું નામ કહો. એ વાંચ્યા પછી ડૉક્ટર પાસે નહીં જવું પડે એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

અ) દાદીમાનું વૈદું બ) સ્વાસ્થ્યનો નુસખો ક) આરોગ્યની ચાવી ડ) પાચનતંત્રનું પંચનામું

## માતૃભાષાની મહેક

ગાંધીજી પાયાની કેળવણીના આગ્રહી હતા. યેરવડા જેલમાં જતાંવેંત પહેલું કામ બાળકો માટે બાળપોથી લખવાનું કર્યું હતું. બાળકોના ઘડતર માટે તેમણે ત્રીસ પાઠ લખવા ધાર્યું હતું, પરંતુ પછી તેમને લાગ્યું હતું કે પોથી નાની હોય એ સારું રહેશે. ગાંધીજીની બાળપોથીમાં કુલ ૧૨ પાઠ (મહિનાનો એક પાઠ) છે.

## ઈર્શાદ

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપુ!
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો, બાપુ!

- ઝવેરચંદ મેઘાણી

## સુડોકુ-૬૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૩ | | | | | |
| ૮ | | | | | | | ૬ | ૨ |
| | ૭ | | | ૯ | | ૧ | | |
| | | ૪ | | | ૮ | ૨ | | ૭ |
| | | ૭ | ૯ | | ૧ | ૪ | | |
| ૬ | | ૫ | ૪ | | | ૯ | | |
| | | ૮ | | ૫ | | | ૨ | |
| ૯ | ૬ | | | | | | | ૫ |
| | | | | | ૪ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૪ |
| ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૬ | ૨ |
| ૪ | ૭ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ | ૮ | ૩ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૧ | ૪ | ૫ | ૬ |
| ૬ | ૨ | ૫ | ૪ | ૭ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૭ | ૪ | ૮ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૯ |

## માઈન્ડ ગેમ

ગાંધીજીના ચાર પુત્રો હતાઃ હરિલાલ, મણીલાલ, રામદાસ અને દેવદાસ. કઈ વ્યક્તિ ગાંધીજીના પાંચમા પુત્ર તરીકે ઓળખાઈ હતી એ કહી શકશો?

અ) વિનોબા ભાવે બ) જમનાલાલ બજાજ ક) મહાદેવ દેસાઈ ડ) જે સી કુમારપ્પા

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| SOP | પલાળવું |
| SOAP | સાબુ |
| SHOP | દુકાન |
| SINGE | દાઝવું |
| STING | ડંખ |

ઓળખાણ પડી?
આસામ

માઈન્ડ ગેમ
MAGLEV TRAIN

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઓળખાણ

ગુજરાત મોરી મોરી રે
બકરી બાંધીને ભેંસ છોડી જવી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ડભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મનીષા શેઠ (૨૫) મનીષા શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલીયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન જે. બજેરીયા (૩૩) મીનળ કાપડીયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હીનાબેન દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) ખુશરૂ કાપડીયા (૪૮) કમલેશ મૈઠિયા (૪૯) જગદીશ ઠક્કર (૫૦) નિખીલ બંગાળી (૫૧) એમીષી બંગાળી (૫૨) ધીરેન્દ્ર ઉદ્દેશી (૫૩) જયવંત પદમશી ચિખલ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# જોખમી આટાપાટા

## એફએન્ડઓના વિનાશક ખેલામાં ૯૩ ટકા સટોડિયાની ખાનાખરાબી



જગવિખ્યાત ગ્લોબલ ઇન્વેસ્ટર વોરેન બફેટે (ઉચ્ચારણ બફે) ફયુચર્સ એન્ડ ઓપ્શન (એફએન્ડઓ)ને બેધારી તલવાર અને સામૂહિક સંહારના હથિયાર ગણાવે છે અને રિટેલ રોકાણકારોને તો એનાથી દૂર જ રહેવાની સલાહ આપે છે. આ વાત ખૂબ જ જાણીતી અને સર્વસ્વીકાર્ય હોવા છતાં રોકાણકારો વધુ અને ઝડપી કમાઇ લેવાની લાલચના સંકજામાંથી મુક્ત થઇ શકતા નથી અને અંતે હણાઇ જાય છે!

તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ભારતીય રોકાણકારોના સંદર્ભમાં આ ખુવારીની વાત સાચી સાબિત થઇ છે. પાછલાં ત્રણ નાણાકીય વર્ષમાં ૧.૧૩ કરોડ યુનિક ઈન્ડિવિજયુઅલ ટ્રેડર્સે એફએન્ડઓ સેગમેન્ટમાં કુલ ૧.૮૧ લાખ કરોડ રૂપિયાની ખોટ સહન કરી છે. જોકે હાર્યો જુગારી બમણું રમે એવા તાલે આમાંના ૭૫ ટકા કરતા વધુ ટ્રેડર્સે એફએન્ડઓમાં ધોવાઇ ગયા બાદ પણ ટ્રેડિંગ ચાલુ રાખ્યું હતું.

જો તમારે ધનવર્ષાનો અનુભવ કરવો હોય તો, શેરબજારમાં એફએન્ડઓ ટ્રેડિંગ કરીને બહુ કમાણી કરી ધનના ઢગલા કરી શકાય છે, તેવો ભ્રામક પ્રચાર કેટલાક લોકો કરતા હોય છે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે. શેરબજારની નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના એક અભ્યાસ પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ વચ્ચે એફએન્ડઓમાં જેમણે સટ્ટાબાજી કરી હતી, તેમાંના ૯૩ ટકા વ્યક્તિગત ટ્રેડર્સે નાણાં ગુમાવ્યાં છે.

નોંધવું રહ્યું કે સેબીએ અગાઉ પણ, એકાદ બે મહિના પહેલા આ જ પ્રકારનો અભ્યાસ હાથ ધર્યો હતો અને તેના પરિણામો પણ લગભગ આવા જ હોવાથી હવે બજાર નિયામક ટૂંક સમયમાં જ આ બાબતે વધુ પગલાં જાહેર કરવાની તૈયારીમાં છે. મુંબઇ સમાચારની કવર સ્ટોરીમાં આ અંગેનો લેખ પણ પ્રકાશિત કરાયો હતો.

સેબીના તાજા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પાછલા ત્રણ નાણાકીય વર્ષમાં ૧.૧૩ કરોડ યુનિક ઈન્ડિવિજયુઅલ ટ્રેડર્સે એફએન્ડઓ સેગમેન્ટમાં કુલ ૧.૮૧ લાખ કરોડ રૂપિયાની ખોટ સહન કરી હતી. આનો અર્થ એ થયો કે એફએન્ડઓ સેગમેન્ટમાં પ્રત્યેક દસમાંથી નવ વ્યક્તિને નુકસાન જાય છે અને માંડ એકાદ ટ્રેડર કમાણી કરી શકે છે.

આથી જ કદાચ જાણીતા રોકાણકાર વોરેન બફેટે એફએન્ડઓને સામૂહિક સંહારના હથિયાર ગણાવ્યા છે. અહીં મહત્ત્વની વાત એ છે કે વ્યક્તિગત રોકાણકારોએ એફએન્ડઓમાં ભારે ખોટ સહન કરી છે ત્યારે એફઆઇઆઇ એટલે કે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ અને પ્રોપ્રાઈટરી ટ્રેડર્સે નફો કર્યો છે. એક અંદાજ અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫૬,૦૦૦ કરોડનો નફો ઘરભેગો કર્યો છે!

ઉપરોક્ત અભ્યાસ પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૪ વચ્ચે ૧.૧૩ કરોડ યુનિક ઈન્ડિવિજયુઅલ ટ્રેડર્સે લાખો કરોડ રૂપિયાની ખોટ સહન કરી છે. ત્રણ વર્ષનો ડેટા જોવામાં આવે તો માત્ર ૭.૨ ટકા વ્યક્તિગત એફએન્ડઓ ટ્રેડર્સ નફો કરી શક્યા હતા અને તેમાં પણ ટ્રાન્ઝેક્શન કોસ્ટને એડજસ્ટ કરવામાં આવે તો ફક્ત એક ટકા લોકો એવા હતા જેમને એક લાખ રૂપિયા કરતા વધારે નફો થયો હતો.

માત્ર એકલા નાણાકીય વર્ષ ૨૦૨૪માં જ વ્યક્તિગત ટ્રેડર્સે એફએન્ડઓમાં ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની તોતિંગ ચોખ્ખી ખોટ સહન કરી હતી. ત્રણ વર્ષનું પરફોર્મન્સ જોવામાં આવે તો એક કરોડ ટ્રેડર્સને એફએન્ડઓમાં સરેરાશ બે લાખ રૂપિયા કરતા વધારે ખોટ ગઈ હતી, જે કુલ વ્યક્તિગત ટ્રેડર્સના ૯૨.૮ ટકા થાય છે.

ખોટ નોંધાવનારાઓમાં ટોચના ૩.૫ ટકામાં લગભગ ચાર લાખ ટ્રેડર્સ આવે છે અને તેમણે ત્રણ વર્ષના ગાળામાં સરેરાશ ૨૮ લાખ રૂપિયાનું નુકસાન સહન કર્યું હોવાનું સેબીનો અભ્યાસ જણાવે છે.

દરમિયાન, નાણા મંત્રાલયે અગાઉ જ વૈશ્વિક શેરબજારોમાં સંભવિત કરેકશન અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિભાગે ચેતવણી આપી છે કે શેરબજારમાં આવેલા એકતરફી બુલ રન અને સૌથી મહત્ત્વનું કે ઓવરવેલ્યુએશનને કારણે આગામી સમયમાં બજારોમાં કડાકો આવી શકે છે અને આ કરેક્શનની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી શકે છે. નાણા મંત્રાલયે ઓગસ્ટની માસિક આર્થિક સમીક્ષામાં જણાવ્યું છે કે કેટલાક દેશોમાં તાજેતરની મોનિટરી પોલિસી સંબંધિત જાહેરાતોને કારણે શેરબજારમાં તેજી છે અને હવે કરેક્શનની શક્યતા વધી ગઈ છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જો જોખમ વધશે તો તેની અસર વૈશ્વિક સ્તરે જોવા મળશે. હકીકતમાં, વિકસિત દેશોમાં પણ મંદીની આશંકા તોળાઈ રહી છે. ભૌગોલિક રાજકીય સંઘર્ષો, વ્યાજદરમાં કાપના વૈશ્વિક ચક્રની શરૂઆત વગેરેને કારણે મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

મંત્રાલયે સ્થાનિક અર્થતંત્રમાં પડકારો તરફ પણ ધ્યાન દોર્યું અને કેટલાક વિસ્તારોમાં વરસાદના અભાવ અને કૃષિ ઉત્પાદન પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે. જોકે, નાણા મંત્રાલયનું કહેવું છે કે જો હવામાનની ગંભીર અસર નહીં થાય તો ગ્રામીણ વિસ્તારોમાં આવક અને માગમાં મજબૂતી આવી શકે છે.

અહેવાલ અનુસાર કેટલાક ક્ષેત્રોમાં દબાણના પ્રારંભિક સંકેતો પણ જોવા મળી રહ્યાં છે, જેમ કે પેસેન્જર વાહનોના વેચાણમાં ઘટાડો અને તેની ઇન્વેન્ટરીમાં વધારો થવો આમાંનું જ એક લક્ષણ છે. વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં શહેરોમાં એફએમસીજી વેચાણમાં પણ મંદી જોવા મળી હતી. ■

### ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ એટલે શું?

એફએન્ડઓ એટલે કે ફયુચર્સ એન્ડ ઓપ્શન્સ એ ડેરિવેટિવ્ઝ સાધનો છે અને તેમાં ટ્રેડર્સ પૂર્વનિર્ધારિત ભાવે અંડરલાઈંગ એસેટ્સ (શેરો) ખરીદે છે. એફએન્ડઓમાં ટ્રેડિંગ કરવું એ બહુ ખતરનાક હોય છે અને ઘણા રિટેલ રોકાણકારોએ તેમાં પોતાની મૂડી ગુમાવી છે.

ચાલુ વર્ષે જુલાઈ મહિનામાં સેબીએ એક કન્સલ્ટેશન પેપરમાં ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝમાં સટ્ટો રોકવા માટે કેટલાક શોર્ટ ટર્મ પગલાંની જાહેરાત કરી હતી. તેમાં મલ્ટિપલ કોન્ટ્રાક્ટ એક્સપાયરીને નિયંત્રિત કરવા, ઓપ્શન કોન્ટ્રાક્ટની સાઈઝ વધારવી અને પોઝિશન લિમિટના ઈન્ટ્રાડે મોનિટરિંગનો સમાવેશ થાય છે.

### સેબી ટૂંક સમયમાં ઓફએન્ડઓ સેગમેન્ટના નિયમો કડક બનાવશે

કેપિટલ માર્કેટ્સ રેગ્યુલેટર સેબી દ્વારા રોકાણકારોના રક્ષણને વધારવાના પ્રયાસરૂપે, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટ અંગે ખૂબ જ ટૂંક સમયમાં નવાં પગલાં જાહેર કરવાની તૈયારીમાં હોવાનું રેગ્યુલેટરના સંપૂર્ણ સમયના સભ્ય અશ્વની ભાટિયાએ જણાવ્યું હતું.

નિયમનકારે તાજેતરમાં તેના કન્સલ્ટેશન પેપરમાં, ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટેના નિયમોને કડક બનાવવા માટે સાત પગલાં સૂચવ્યા છે, જેમાં લઘુત્તમ કોન્ટ્રાક્ટના કદમાં સુધારો કરવો અને પોઝિશન લિમિટનું ઇન્ટ્રા-ડે મોનિટરિંગ, સ્ટ્રાઇક પ્રાઇસનું સુતાર્કિકીકરણ, એક્સપાઇરીના દિવસે કેલેન્ડર સ્પ્રેડના લાભની નાબૂદી અને નિકટના કોન્ટ્રેક્ટના એક્સપાઇરી માર્જિનમાં વધારાનો સમાવેશ હતો.

બજાર નિયામક માને છે કે, જો અમલ કરવામાં આવે તો, આ પગલાં જોખમ વ્યવસ્થાપન સુધારવામાં અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં પારદર્શિતા વધારવામાં મદદ કરશે. તેના કન્સલ્ટેશન પેપરમાં, રેગ્યુલેટરે બજાર વૃદ્ધિને ધ્યાનમાં રાખીને ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટે લઘુત્તમ કોન્ટ્રાક્ટના કદમાં બે તબક્કામાં સુધારો કરવાનું સૂચન કર્યું હતું.

પ્રથમ તબક્કામાં, પરિચય સમયે લઘુત્તમ કરાર મૂલ્ય રૂ. ૧૫ લાખ અને રૂ. ૨૦ લાખની વચ્ચે હોવું જોઈએ. છ મહિના પછી, બીજા તબક્કે લઘુત્તમ મૂલ્ય વધારીને રૂ. ૨૦ લાખ અને રૂ. ૩૦ લાખની વચ્ચે કરાશે. પાંચ લાખથી ૧૦ લાખ રૂપિયાનો વર્તમાન લઘુત્તમ કોન્ટ્રાક્ટ છેલ્લે ૨૦૧૫માં નક્કી કરવામાં આવ્યો હતો.

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## શ્રીલંકાના નવા ડાબેરી પ્રમુખ...

# ભારતની મુશ્કેલીઓ વધારશે



અનુરા કુમારા દિસાનાયક

શ્રમિકના પુત્ર અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાના નવા પ્રમુખ બનતાં મોટું આશ્ચર્ય ફેલાયું છે. નવા પ્રમુખ અગાઉના એમના પુરોગામી કરતાં નોખા અને અલગ પ્રકારના છે. એમનું ગૌત્ર માર્કસવાદીનું છે અને એ કોઈ રાજકીય પરિવારના નથી. જોકે એમની આસાન જીત છતાં એમણે તંગદોર પર ચાલવું પડશે. શ્રીલંકાની આર્થિક હાલત બદતર છે. આ દેશની ઈકોનોમી ‘ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ’ ના પેકેજ તથા બીજા દેશોએ આપેલી લોનના આધારે ચાલે છે. દિસાનાયકેએ ચૂંટણી જીતવા અનેક વચનો આપ્યાં છે અને આ વચન પૂરા કરવામાં શ્રીલંકાની આર્થિક કટોકટી મોટી અડચણ ઊભી કરશે. દિસાનાયકે બીજો બેલેન્સિંગ એક્ટ તેના બે શક્તિશાળી પડોશી ચીન અને ભારત બન્નેથી સલામત અંતર રાખવાનો કરવો પડશે.

એક સમયે જેમના પક્ષની બધા હાંસી ઉડાવતા હતા એ પક્ષે પ્રમુખપદની ચૂંટણીમાં કઈ રીતે ચમત્કાર કર્યો એ જાણવું રસપ્રદ છે. પંચાવન વર્ષીય દિસાનાયકે ‘જનતા વિમુક્તિ પેરામુના’ (જેવીપી) પાર્ટીના વ્યાપક મોરચા નેશનલ પીપલ્સ પાવર (એનપીપી)ના નેતા છે અને એમણે સામગી જન બાલવેગયા પક્ષના સાજિથ પ્રેમદાસાને પારજિત કર્યા. અનુરા દેશના નવમા પ્રમુખ બન્યા છે. પહેલા રાઉન્ડમાં કોઈ ઉમેદવારે ૫૦ ટકાથી વધારે મત ન મેળવતા ચૂંટણીનો બીજો રાઉન્ડ યોજવો જરૂરી બન્યો હતો. ભારતતરફી ગણાતા તત્કાલીન પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે પહેલા રાઉન્ડમાં જ રેસથી બહાર થઈ જતાં ભારતને મોટો ફટકો પડ્યો હતો. ૨૬ મહિનાના કાર્યકાળ બાદ રાનિલને વિદાય લેવી પડી હતી. એમણે કહ્યું હતું કે હું મારા લાડકા સંતાન શ્રીલંકાને દિસાનાયકેને સોંપી રહ્યો છું. ૨૦૨૨માં આર્થિક કટોકટી બાદ ગોટાબાયા રાજપક્ષેને સત્તા પરથી હટાવામાં આવ્યા ત્યાર બાદ આ પહેલી ચૂંટણી યોજાઈ હતી. જે દિસાનાયકને ૨૦૧૯ની પ્રમુખપદની ચૂંટણીમાં ફક્ત ત્રણ ટકા મત મળ્યા હતા એ આ વખતે પહેલા રાઉન્ડમાં ૫૬ લાખ એટલે કે ૪૨.૩૧ ટકા મત મેળવ્યા હતા. સાજિથ પ્રેમદાસા ૩૨.૮ ટકા મત સાથે બીજા સ્થાને હતા. રાનિલ ૧૬ ટકા મત સાથે ત્રીજા ક્રમાંકે રહ્યા હતા.

શ્રીલંકાના લોકો અને ખાસ કરીને સિંહાલીઓ અનુરાને ‘મસીહા’ તરીકે જોઈ રહ્યા છે. એમણે ગરીબ કલ્યાણ નીતિ અને ટેક્સમાં રાહત જેવાં વચન આપ્યાં છે.

એમનો જન્મ ૨૪ નવેમ્બર ૧૯૬૮માં શ્રીલંકાના અનુરાધાપુર જિલ્લામાં થયો હતો. વિદ્યાર્થી હતા ત્યારથી જેવીપીના સભ્ય છે. એ ‘એકેડી’ ના હુલામણા નામે ઓળખાય છે. કરપ્શન વિરુદ્ધનાં પ્રવચનો આપીને એમણે જનતાના દિલ જીત્યા છે. ૨૦૨૨માં આર્થિક સંકટ બાદ એમની લોકપ્રિયતાનો ગ્રાફ એકદમ ઉપર ગયો છે. દિસાનાયકેએ ૨૦૧૪માં પક્ષની કમાન સંભાળી. દિસાનાયકે એ કેલાનિયા યુનિવર્સિટીમાંથી ભૌતિક વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી છે. અલબત્ત, એમના આ વિજયને લીધે ભારતની મુશ્કેલીઓ વધી ગઈ છે. એ ચીનની નિકટ હોવાનું મનાય છે. ગયા વર્ષે જ ભારતને શ્રીલંકા તરફથી મુશ્કેલી નડી હતી. ભારતે પ્રમુખ રાનિલ પર દબાણ લાવીને ચીનનાં જહાજોને લંકાનાં બંદરોમાં લાગરવા પર પ્રતબિંધ મુકાવ્યો હતો. ચીન યેનકેન પ્રકારે આ પ્રતિબંધ રદ કરાવવા માગે છે. હવે નવા ડાબેરી પ્રમુખ સત્તા પર આવતાં ભારત માટે ખતરો વધ્યો છે. શ્રીલંકા માલદીવની જેમ ભારતવિરોધી વલણ લેશે તો આપણી મુસીબતો વધશે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ચીન લંકાનું સૌથી મોટું ફાયનાન્સિયલ ક્રેડિટર છે. જો વિક્રમસિંઘેથી વિપરિત દિસાનાયકે ચીન તરફ ઝુકશે તો ભારત અને હિન્દી મહાસાગરની સુરક્ષા જોખમમાં મુકાશે તેમ જ શ્રીલંકાના પ્રોજેક્ટ મેળવવામાં પણ ચીન મેદાન મારી જશે.

દિસાનાયકે ગયા ફેબ્રુઆરીમાં ભારતનાં ત્રણ શહેરની મુલાકાત લીધી હતી ત્યારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ઢોભળ અને વિદેશપ્રધાન વેદમ જયશંકરને એ મળ્યા હતા. શ્રીલંકાની આર્થિક કટોકટી વખતે ભારતે ચાર અબજ અમેરિકન ડૉલરની સહાય આપી હતી, જેને લીધે લંકા ‘આઈએમએફ’ પાસેથી બેલઆઉટ પેકેજ મેળવી શક્યું હતું. દિસાનાયકેએ હોદ્દો સંભાળ્યા બાદ કહ્યું છે કે ભારત અને ચીન વચ્ચે શ્રીલંકા સેન્ડવિચ બનવા માગતું નથી. બન્ને અમારા અમૂલ્ય મિત્રો છે અને અમે તેમને નિકટના ભાગીદાર બનાવવા માગીએ છીએ. આ તો વાત થઈ, પરંતુ ચીન નાણાંનો વરસાદ કરીને લંકાને પોતાની તરફ ખેંચવા માગે છે. ચીન-મ્યાનમાર ઈકોનોમિક કોરિડોરમાં લંકા સામેલ થાય એમ ચીન ઈચ્છે છે. શ્રીલંકાનું બહારનું ઋણ ૪૦ અબજ ડૉલર છે આમાંથી બાવન ટકા તેને ચીનને આપવાના છે. ભારત પાસે હાલમાં તો દિસાનાયકે ન્યુટ્રલ રહેશે એવી આશા રાખવા સિવાય બીજો કોઈ છૂટકો નથી.■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# માનવતાવાદ પર આધારિત છે ગાંધીજીની શિક્ષણની ફિલસૂફી...

## મહાત્મા ગાંધી કહેતા કે ‘શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી,જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે’

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦નો અમલ થવા જઈ રહ્યો છે ત્યારે શિક્ષણની ફિલસૂફી વિશે શિક્ષણના પૂર્વ ફિલોસોફરમાંથી મહાત્મા ગાંધીજીની શિક્ષણ ફિલોસૂફીને આજે અહીં આ ૨ ઓક્ટોબર - ગાંધીજયંતી અવસરે જરૂર યાદ કરવી જોઈએ.

મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શનમાં બાળકના આધ્યાત્મિક વિકાસ માટેના શિક્ષણ,સામાજિક વિકાસ માટેના શિક્ષણ,સ્વની શોધ માટેના શિક્ષણ, જીવનના અનુભવો માટેના શિક્ષણ જેવી પાયાની બાબતને સાંકળવામાં આવી છે.ટૂંકમાં ગાંધીજીનું શિક્ષણ દર્શન બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દૃષ્ટિ છે.

ગાંધીજીએ કહ્યું હતું કે શિક્ષણ દ્વારા બાળકના શરીર,મન અને આત્મામાં રહેલા સર્વશ્રેષ્ઠ અંશને બહાર લાવી એનો સર્વાંગી વિકાસ કરી શકાય છે.સ્ત્રી અને પુરુષ કોઈપણ જાતના બંધન અને ભેદભાવ વગર શિક્ષણ મેળવવાને હકદાર છે. શિક્ષણનું કાર્ય બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરી એને પૂર્ણતાની કક્ષાએ લઈ જવાનું છે. શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી,જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે,પછી ભલે ને એ છોકરો હોય કે છોકરી.શિક્ષણ દ્વારા સારા નાગરિકોનું નિર્માણ કરીને રાષ્ટ્રને વધુને વધુ શક્તિશાળી બનાવી શકાય છે.

ગાંધીજીનું શિક્ષણ દર્શન અહીં દર્શાવેલા હેતુને કેન્દ્રમાં રાખે છે:

આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષણ:


સાચું શિક્ષણ એ છે જે બાળકોના બૌદ્ધિક,આધ્યાત્મિક અને ભૌતિક પાસાઓને ઉશ્કેરી પોતાની તરફ ખેંચે છે એટલે કે એવું શિક્ષણ જે બાળકોને પૂરા પાડવામાં આવતા તમામ અનુભવો એમના સર્વાંગી વિકાસ - શારીરિક,માનસિક,નૈતિક, સૌંદર્યલક્ષી અને ધાર્મિક જેવા વિવિધ પાસાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે.જ્ઞાનરૂપી પાત્ર દ્વારા અંતમાં મુક્તિ તરફ લઈ જવા માટે ગાંધીજીએ નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ પર ભાર મૂક્યો અને આ માટે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી, જેમાં સાહિત્યિક તાલીમની સાથે સાથે વૈજ્ઞાનિક સંશોધન,ભાષાશાસ્ત્રો,વ્યવસાયો,અંગ્રેજીનો અભ્યાસ,સંસ્કૃત અને લલિત કલાની તાલીમને પણ મહત્ત્વ આપવામાં આવે છે.જ્ઞાન જે મુક્તિ માટે રચાયેલ છે,તે સમાજને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ દોરી જાય છે.ગાંધીજી કહે છે, ‘શિક્ષણએ આત્માની જાગૃતિ છે.’

વિકાસશીલ સમાજ અને લોકશાહીના વિકાસ માટે શિક્ષણ:

ગાંધીજીના શિક્ષણના હેતુઓમાં બાળકોમાં શિક્ષણ દરમિયાન સહાનુભૂતિ,સેવા,પ્રેમ, ભાઈચારો,સમાનતા અને સ્વતંત્રતા જેવા ગુણોનું સિંચન કરી આદર્શ નાગરિક બનાવવાના હેતુને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.ગાંધીજી કહે છે,‘વ્યક્તિગત અને રાષ્ટ્ર કલ્યાણ એકબીજાના પૂરક છે. તેથી એમનામાં વધુને વધુ લોકશાહી નાગરિકત્વના ગુણ વિકસાવવા જોઈએ, જેથી એક રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં તેઓ ભાગીદાર બને.’

સામાજિકતા અને સર્વોદયના વિકાસ માટે

ગાંધીજી કહે છે કે,શિક્ષણ દેશની જરૂરિયાતને પૂરી કરનાર હોવું જોઈએ. દેશ અને દેશની જરૂરિયાતોથી પરિચિત હોવાથી ગાંધીજી મફત અને હસ્તકળા કેન્દ્રિત શિક્ષણની



હિમાયત કરે છે,કારણ કે ભારતનાં ગામડાઓના ગરીબ લોકો શિક્ષણ માટે નાણાં ચૂકવી શકે તેમ નથી એટલી એમના માટે હસ્તકલાનાં શિક્ષણ દ્વારા રોજીરોટી મેળવવાની તક ઊભી કરી શકે તેવું શિક્ષણ મહત્ત્વનું છે.આ ગાંધીજીની સામાજિક ફિલસૂફી તરીકે પણ ઓળખાય છે, જેમાં વ્યક્તિગત વિકાસ દ્વારા સર્વના વિકાસની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.જાતિ,પંથ, જ્ઞાતિ અને રાષ્ટ્રીયતાના ભેદભાવ વિના સર્વાંગી વિકાસનો ધ્યેય રાખવામાં આવેલ છે.સર્વોદય દ્વારા સામાજિક અનિષ્ટોનું રાજકીય,આર્થિક અને સામાજિક રીતે વિકેન્દ્રિકરણ કરવાની જરૂર છે. ગાંધીજીની શિક્ષણની ફિલસૂફી માનવતાવાદ પર આધારિત છે એમ કહી શકાય.

સ્વશોધ માટે શિક્ષણ:

સ્વશોધને મહત્ત્વ આપતા ગાંધીજી જણાવે છે કે

‘હું વ્યક્તિગત સ્વતંત્રતાની કદર કરું છું,પરંતુ માણસ જે સમાજમાંથી આવે છે એ સમાજની જરૂરિયાતો અને પ્રગતિ માટે એણે પોતાના વ્યક્તિત્વને સંતુલિત કરતા શીખીને પોતાની જાતને ઉપર લાવવી જોઈએ.

‘કોલેજના વિદ્યાર્થીઓને સંબોધતા એ કહે છે કે, ‘તમારું શિક્ષણ જીવનને લગતું હોય તો તેની સુગંધ જરુર તેની આસપાસના યુવાનોમાં પ્રસરાવી જોઈએ.તમારે તમારા સમયનો થોડો ભાગ તમારી આસપાસ રહેતા લોકોની સેવા કરવામાં ખર્ચવો જોઈએ.એના માટે તમારે પાવડા,ઝાડુ અને ટોપલા લઈ તૈયાર થઈ જવું જોઈએ.આ પવિત્ર જગ્યાના સ્વચ્છ સફાઈ કામદાર બનવું જોઈએ.તે તમારા શિક્ષણનો સૌથી કિંમતી ભાગ હશે, નહીં કે સાહિત્યિક પુસ્તકોને ગોખવા.’

જીવન તથા અનુભવો માટે શિક્ષણ:

જીવન અનુભવોના શિક્ષણ માટે ગાંધીજી પાયાના શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણને પ્રાધાન્ય આપે છે.શિક્ષણ મેળવ્યા બાદ બાળક પોતાની જાતને સ્વનિર્ભર બનાવી શકે તે માટે ગાંધીજી કાર્ય શિક્ષણ અને માતૃભાષા દ્વારા શિક્ષણને મહત્ત્વ આપે છે. ગાંધીજીને મન માતૃભાષા એ માતાના ધાવણ સમાન છે. જે બાળકનું જીવન પોષણ કરે છે.જડ સમય પત્રક વિનાના શિક્ષણ દ્વારા શિક્ષણનો ભાર ઘટાડવાની વાત ગાંધીજી કહે છે.પ્રથમ સાત વર્ષ માટે મફત અને ફરજિયાત શિક્ષણની હિમાયત કરે છે.દેશમાં શાંત અને સામાજિક ક્રાંતિ લાવતા પાયાના શિક્ષણની વાત કરતા ગાંધીજી કહે છે કે ‘આના દ્વારા સામાજિક દૂષણથી ઘેરાયેલા સમાજમાં શહેર અને ગામડા તથા વિવિધ જાતિ વચ્ચેના વૈમનસ્યમાં ઘટાડો થશે અને નવા સંબંધો વિકસાવવામાં મદદરૂપ થશે.’


ગાંધીજી કાર્ય શિક્ષણ માટે જણાવે છે કે, ‘બાળકના શરીર,મન,અને આત્માનો સર્વાંગી વિકાસ કાર્ય શિક્ષણ દ્વારા થાય છે.તેના દ્વારા ઈતિહાસ,ભૂગોળ અને ગણિત જેવા વિષયોને કાર્ય શિક્ષણ સાથે સાંકળી સમવાયી શિક્ષણ દ્વારા બાળકમાં રહેલી શક્તિઓને બહાર લાવવાની છે.કાર્ય શિક્ષણમાં કાંતવું,સુથારીકામ,ખેતી, બાગાયત જેવા વિવિધ ગ્રામીણ કૌશલ્યોને મહત્ત્વના ગણાવ્યા છે.વ્યક્તિગત અને સામાજિક જરૂરિયાતો આધારિત, સ્થાનિક જરૂરિયાતો આધારિત,સ્થાનિક પરિસ્થિતિ આધારિત,બાળકના રસ, રુચિ અને વલણ આધારિત બિનખર્ચાળ અને સાદગી આધારિત અને બાળકોના સર્વાંગી વિકાસ આધારિત કાર્ય શિક્ષણ મનોવિજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત પણ હોવું જોઈએ.’

આમ ગાંધીજીનું શિક્ષણ દર્શન એ માત્ર બાળકના સર્વાંગી વિકાસને જ કેન્દ્રમાં રાખતું નહોતું,પરંતુ તેને મેળવ્યા બાદ એને પોતાને સ્વનિર્ભર બની પોતાનું અને પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બનાવનાર છે.બાળકમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવનાનો વિકાસ કરનાર છે.જે આજના સાંપ્રત સમયમાં ખૂબ જ જરૂરી પુરવાર થાય તેમ છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## એક અક્ષરની કિંમત ફક્ત અઢી કરોડ રૂપિયા!



પ્રેમિકાને જ્યારે પ્રેમી કહે કે 'તું મને ગમે છે' ત્યારે એ રાજી થાય પણ જો એમ કહે કે 'તું જ મને ગમે છે' તો એ રાજી રાજી રાજી થઈ જાય. બંને સંબોધન ધ્યાનથી જોશો તો ફરક માત્ર એક 'જ'નો જ દેખાશે. જોકે, એની હાજરીથી પ્રેમીને બીજું કોઈ જ નહીં, માત્ર પ્રેમિકા જ ગમે એવો અર્થ નીકળે છે. એકલો અક્ષર જ 'તેરે નામ સે શુરુ' તેરે નામ પે ખતમ'નો એહસાસ કરાવે છે. એક અક્ષરની પ્રચંડ તાકાતના પરચાએ ઉત્તર પ્રદેશના ગોરખપુર શહેરમાં રિયલ એસ્ટેટ કંપનીના હાજાં ગગડાવી નાખ્યા છે. વાત એમ છે કે ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ પહેલા खंडनीय मुख्तारनामा (પડકારી શકાય એવો પાવર ઓફ એટર્ની) માટે ફક્ત ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર તૈયાર થઈ રજિસ્ટ્રેશન થઈ જતું હતું, પણ જો अखंडनीय मुख्तारनामा (પડકારી ન શકાય એવો પાવર ઓફ એટર્ની) હોય તો નિર્ધારિત પૂરેપૂરી સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડતી હતી. કંપનીએ જમીન ખરીદી બાદ ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે કરેલા એગ્રીમેન્ટમાં अखंडनीय શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો અને કામના દબાવમાં એને खंडनीय તરીકે સ્વીકારી રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું. અચાનક ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે સરકારે નિયમમાં બદલાવ કરી खंडनीय मुख्तारनामा માટે ૫ હજાર રૂપિયા સ્ટેમ્પ ડ્યૂટી અને अखंडनीय मुख्तारनामा માટે જમીનની કિંમતના ૭ ટકા વસૂલ કરવાનો નિર્ણય લેવાયો. નવો નિયમ દાખલ થવાથી રિયલ એસ્ટેટ કંપનીને અઢી કરોડ ભરવા માટે કહેવામાં આવ્યું છે. એક અક્ષર 'अ' કંપનીને અઢી કરોડમાં પડ્યો છે. કંપનીએ અદાલતમાં અપીલ કરી છે.

## ફૂલ ખીલ્યું, FOOL બનાવ્યા!



તાળી આનંદના જયઘોષ તરીકે, સંગીતમાં તાલ આપવા માટે, ગરબે ઝૂમવા માટે તેમજ વધામણાં માટે કે ઉત્સાહ - ઉત્તેજન આપવા માટે પણ પડતી હોય છે. તાળી સાયકોલોજીનું કામ કરે છે.

તાજેતરમાં વાઈરલ થયેલા એક વીડિયોમાં કેટલાક લોકો એક છોડની સામે ઊભા રહી તાળીઓ વગાડે છે અને એનાથી ઉત્સાહિત થઈ પાંખડીઓ ખૂલતાં પીળા રંગનું ફૂલ ખીલી ઊઠે છે. 'મોગેમ્બો ખુશ હુઆ' એ જ રીતે તાળીઓની ગૂંજ સાંભળી ફૂલ રાજીનું રેડ થઈ ગયું અને એટલે એની પાંખડીઓ ખૂલી ગઈ એવું ઠસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હકીકત જાણ્યા પછી ફૂલના નામે FOOL-મૂરખ બનાવવાની કોશિશ થઈ હોય એવી લાગણી થાય છે. તાળીઓના તાલે ખીલી ઊઠેલું ફૂલ કોમન 'ઈવનિંગપ્રાઈમરોઝ' નામે જાણીતું છે અને એ સાંજે જ ખીલતું હોય છે. કોઈ જાણભેદુએ એ સમયે કેટલાક લોકો એકઠા કરી ક્લેપિંગ કરવાથી 'ફૂલ ખીલે ગુલશન ગુલશન' જેવી ભ્રમણા લોકોમાં ઊભી કરી. તાળીના તાલની વાડની એકબાજુ વિશ્વાસ તો બીજી બાજુ અંધવિશ્વાસ હતો.

## રાખનાં રોકડા જાપાને રળતા રાખ્યા રે !



'જીવતો હાથી સવા લાખનો, મૂએ તો સવા લાખનો' કહેવતમાં મૃત્યુ પછી જ પ્રાણીની કે માનવીની ખરી કિંમત થાય છે એવો ભાવાર્થ છે. જોકે, જાપાનમાં આ કહેવતનો સાક્ષાત્કાર સાવ અલગ સ્વરૂપે જોવા મળી રહ્યો છે. વિચિત્ર નિયમને કારણે વ્યક્તિના અંતિમ સંસ્કાર પછી દેહની થયેલી રાખમાંથી જાપાનની કંપનીઓએ લાખો રૂપિયાની કમાણી કરી છે. રાખમાંથી ઊભા થતા ફિનિક્સ પક્ષીની દંતકથાને ટક્કર મારે એવી આ જાપનીઝ કથામાં રાખમાંથી રૂપિયા રળવાની વાત છે.

જાપાનની સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર ૨૦૨૩માં સરકાર સંચાલિત સ્મશાનમાંથી જાપાનના ૪૨ શહેરને ૬૪૦ કરોડ યેન (૩૭૭ કરોડ રૂપિયા)ની આવક થઈ છે. જાપાનના કાયદા અનુસાર અગ્નિદાહ પછી મૃતકના સગાઓને હાડકાના મોટા અવશેષો જ લઈ જવાની પરવાનગી છે. નહીં લઈ જવાતી રાખમાં ઘણી વાર સોનુ, પેલેડિયમ અને ટિટેનિયમ જેવી કિંમતી ધાતુ મળી આવે છે. સોનું અને પેલેડિયમનો ઉપયોગ દાંતમાં ફીલિંગ તરીકે જ્યારે ટિટેનિયમ બોન ઈમ્પ્લાન્ટમાં વપરાય છે. એક તરફ મૃતદેહના અવશેષો અંગે કાયદો બદલી 'બધું લઈ જવાની છૂટ આપવા' અંગે માગણી થઈ રહી છે તો બીજી તરફ દેહ છોડી જતી વ્યક્તિનું કંઈ ન ખપે એવી માન્યતા ધરાવતા લોકો પણ છે.

અવિનાશ વ્યાસની અમર રચના 'રાખનાં રમકડાં' જાપાનમાં 'રાખનાં રોકડા જાપાને રળતા રાખ્યાં રે, મૃત્યુલોકની રાખમાંથી રળવાની ભાવના રાખી રે' સ્વરૂપે જોવા મળી રહી છે.

## ગૂગલબાબાની બોલતી બંધ




'હર મર્ઝ કી દવા હૈ હંસી' મતલબ દરેક રોગનો ઈલાજ છે હાસ્ય એમ કહેવાતું હોય છે. એ જ લહેકામાં 'દરેક સવાલનો જવાબ હોય છે ગૂગલબાબા પાસે' એવી દલીલ આજના ભણેશ્રીઓ કરતા હોય છે. ગૂગલ સર્ચ એન્જિનની ૨૬મી વર્ષગાંઠ નિમિત્તે દિલ્હી પોલીસના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રજૂઆત કરવામાં આવી છે કે 'ગૂગલ, તું ૨૬નું થયું, પણ તું અમારા સવાલોના જવાબ આપી શકીશ?'

એ પછી કરવામાં આવેલા પાંચ સવાલ સામે ગૂગલબાબાની બોલતી બંધ થઈ ગઈ છે.

પહેલો સવાલઃ ડ્રાઈવ કરતી વખતે સામે રસ્તા પર સરખું દેખાતું ન હોવા છતાં કારચાલકો કેમ હેડ લાઈટ બંધ કરી દેતા હશે?

બીજો સવાલઃ વાહન ચલાવતી વખતે જ લોકો શું કામ મેસેજ મોકલતા હશે?

સવાલ નંબર ૩ઃ કારના ડેશબોર્ડ પર લોકો પગ શું કામ રાખે છે?

સવાલ ૪ઃ ટર્નિંગ પર જ ઓવરટેકની કોશિશ શું કામ?

અંતિમ સવાલઃ રિયર વ્યૂ મિરર (પાછળ આવતી ગાડી પર નજર રાખવાનો અરીસો)માં લોકો પોતાનો ચહેરો શું કામ નીરખતા હશે?

આ બધા સવાલ ડ્રાઇવિંગ સલામતી અંગેના છે.

આ અઘરા સવાલ ગૂગલબાબા દ્વારા ઓપ્શનમાં છોડી દેવામાં આવ્યા છે. ત્યારબાદ પોલીસે વિનંતી કરી છે કે સુરક્ષાને ગંભીરતાથી લો, મસ્તી - મજાક ન કરો.

આગળ ઉમેર્યું છે કે 'પરિવાર પરેશાનીમાં મુકાઈ જાય એવી કોઈ હરકત પ્લીઝ નહીં કરતા. માર્ગ વ્યવહાર સુરક્ષિત બનાવવામાં દિલ્હી પોલીસને મદદરૂપ થાઓ.'

## ખુદાબક્ષ ખિસકોલીના ખેલ



એક ડાળી પરથી બીજી ડાળી પર કૂદકો મારી વૃક્ષારોહણ કરનાર ખિસકોલીના શરીર પરના પાંચ પટ્ટાધાર્મિક માન્યતા મુજબ ભગવાન શ્રીરામે એની પીઠ પર હાથ ફેરવવાથી થયા છે !બીકણ અને સ્વભાવે અત્યંત શાંત એવું આ પ્રાણી મનુષ્યથી દૂર રહી વૃક્ષમાં વસવાટ કરવામાં માને છે. યુકેમાં બે ખિસકોલીએ માનવ વસતિમાં કરેલી ઘૂસણખોરીથી એક ટ્રેન કેન્સલ કરવી પડી હતી. થયું એવું કે રેડિંગ નામના શહેરથી સવારે ૮.૫૪વાગ્યે એક ટ્રેન ઊપડવાની હતી. મુસાફરોના અચાનક ધ્યાનમાં આવ્યું કે ડબ્બામાં બે ખિસકોલી આંટાફેરા મારી રહી છે. તરત રેલવે સ્ટાફને જાણ કરવામાં આવતા એને આરોગવામાં પ્રિય એવી વસ્તુ દેખાડી લલચાવવાની કોશિશ કરી. મસમોટું ઝાડુ લાવી એને ભગાડવાની કોશિશ સુધ્ધાં કરી જોઈ, પણ ખિસકોલી કેમેય ટ્રેનમાંથી ઊતરવા તૈયાર જ ન થઈ. અંતે ટ્રેન કેન્સલ કરવામાં આવી અને આખી ઘટનાને રમૂજી સ્વરૂપ આપી સ્ટાફ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો કે 'બે ખિસકોલી ટિકિટ લીધા વિના (ખુદાબક્ષ - ભગવાન શ્રી રામનું કનેક્શન?) ટ્રેનમાં ચડી નિયમનો ભંગ કર્યો હોવાથી આ ટ્રેન ખાલી કરી દેવા મુસાફરોને વિનંતી કરવામાં આવે છે.' ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**દિલ્હીના નવા મુખ્ય મંત્રી આતિશી આજકાલ કેજરીવાલને કયા નામે ઓળખાવે છે ?**

- કેજરી વ્હાલ.....

**દિલ્હીનાં નવા મુખ્ય મંત્રી આતિશીએ એક ખુરશી ખાલી કેમ રાખી?**

- કેજરીવાલ પરત આવે તો પોતાની ખુરશી ખાલી ના કરવી પડે.!

ભગવાનના પ્રસાદમાંય ભેળસેળ...

એને કહેવાય ચપટી પ્રસાદમાંય કટકી !

- **પ્રસાદમાં ભેળસેળ કરનારને શું સજા કરવી જોઈએ?.**

એને પોલીસનો મહા- પ્રસાદ મળવો જોઈએ...

ગુજરાતમાં ગરબા આયોજકો માટે હવે બહુ કડક નિયમો બન્યા છે

તોય રમશે ગુજરાત- ગાશે ગુજરાત ને ઘૂમશે ગુજરાત...

ગુજરાતી ફિલ્મોની મજેદાર મૌસમ બેઠી છે

નિર્માતાની બોક્સ ઑફિસ મોસમ 'રૂઠી' ગઈ છે

- એનું શું ?
- ગુજરાતમાં નકલી અધિકારીઓની સંખ્યા કેમ વધી રહી છે?

આ બે નંબરી 'ભરતી મેળા'ની કમાલ છે...

૧૦ માથાળો રાવણ અત્યારે જીવતો હોત તો?

માથાં દીઠ આધાર કાર્ડ- પાન કાર્ડ,- ચૂંટણી કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ માટે દોડધામ કરી હાંફી ગયો હોત !

**ગાંધીજી આજે જીવતા હોત તો ?.**

- ઓક્ટોબરમાં ખાદી ખરીદી પર કમિશન બંધ કરાવી દેત...

**પ્રેમની એક્સપાયરી ડેટ હોય ખરી ?**

- સાચા દિલમાં એક્સપાયરી ડેટ ના હોય, પણ સમયેસમયે રિ-ચાર્જ કરાવવું પડે.

**અગાઉ કહેવત હતી - 'મનમાં પરણ્યા, ને મનમાં રાંડ્યા.' આજના જમાનામાં શું?.**

- ગુજરાતમાં એક કન્યાએ જાત સાથે લગ્ન કર્યા ને એક વિદેશી યુવતીએ જાત સાથે ડિવોર્સ લીધા...
- તકરારમાં લડી લેવું કે માફી માગવી?
- એનો આધાર તકરાર અને લડવૈયા પર છે.

**અપના હાથ જગન્નાથ.. અને, બીજાનો હાથ હોય તો ?.**

- સબ કા સાથ. અપૂન કા વિકાસ...

**શનિ વિશે તમે શું માનો છો ?**

**ફોડ પાડો. શનિવારની વાત છે કે સની દેઓલ કે પેલી સની લિયોનીની?.**

**કયા રોકાણમાં ફાયદો વધુ મળે? શેર કે સોનામાં ?**

- જે હાથોહાથ રોકડા કરી દે એમાં !
- મારે સંગીતની તાલીમ વિના ઉસ્તાદ બનવું હોય તો શું કરું?
- તમે વિનામૂલ્યે અહીં સલાહ માગો છો એટલે તમે ઉસ્તાદ છો જ...!
- પેટ્રોલ- ડિઝલ- ઈલેક્ટ્રિકલ...એમ બધાં વાહનો મોંઘાં થઈ રહ્યાં છે...
- સોલર વેહિકલ ના આવે ત્યાં સુધી સાઈકલ ચલાવો...

**બાળ હઠ- સ્ત્રી હઠ- સાધુ હઠ- રાજ હઠ... હવે કોઈ બાકી રહી હઠ ?**

- જેને જલદી 'હટ' ન કહી શકાય એવા માથે પડેલા મહેમાનોની અતિથિ-હઠ.!
- દિલ હૈ કે માનતા નહીં...
- કારણ કે દિલ તો બચ્ચા હૈજી !
- અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં..
- પેટ્રોલ પંપ પર કામ કરો છે? દિલને વાહનની ટાંકીની જેમ ફુલ ટેન્ક ના કરાવી શકાય...! ■

# સાયબર સર્જિકલ સ્ટ્રાઈકનો વિચાર ઉમદા પણ પરિણામ?

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

ડિજિટલ યુગના વધતા પ્રભુત્વ વચ્ચે સાયબર ફ્રોડનો આતંક કોરોના વાઈરસથી વધુ જોર અને ગતિએ ફેલાઈ રહ્યો છે. મોટામાં મોટી વ્યક્તિ સંસ્થા કે સંવેદનશીલ માહિતી પણ આ અગણિત અજાણ્યા અને અદ્રશ્ય હુમલાખોરોથી સુરક્ષિત નથી. સદ્‌ભાગ્યે હવે આપણી સરકારે આ સંકટ સામે બાથ ભીડવા મોટું પગલું ઉપાડ્યું છે.

લોકપ્રિય શબ્દસમૂહ વાપરતા કહી શકાય કે સાયબર ફ્રોડ પર સર્જિકલ સ્ટ્રાઈક હાથ ધરાઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છેક અમેરિકામાં સાયબર ક્રાઈમનો જાગતિક ચિંતાનો મામલો ગણાવતા ઘણી મહત્ત્વની જાહેરાત કરી હતી. એક કેન્દ્ર સરકારે છ લાખ મોબાઈલ ફોન બંધ કરાવ્યા છે. બે સાયબર છેતરપિંડી કરનારા ૬૫ હજાર યુ.આર.એલ. (યુનિફોર્મ રિસોર્સ લોકેટર) બ્લોક કરી દીધા છે. ત્રણ ઠગીમાં સંડોવાયેલી ૮૦૦ જેટલી એપ સુદ્ધા બંધ કરાવી દીધી છે.

આવી જાહેરાત સામે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા અન્ય પગલાં પણ નિર્ણાયક સાબિત થઈ શકે છે. આમાં સૌથી મહત્ત્વનો આવકાર્ય અને અનિવાર્ય નિર્ણય એટલે સાયબર કમાન્ડોની રચના અને એમને તાલીમ આપવી. આવતા પાંચ વર્ષમાં પાંચ હજાર સાયબર કમાન્ડોને તાલીમ આપીને આમ જનતાને સાયબર ઠગાઈથી બચાવવાનો પ્રયાસ થશે. આ સિવાય સાયબર ક્રાઈમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને એની પદ્ધતિ, મોડસ-ઓપરેન્ડી જાણવી, સમજવી, બનાવટી લેભાગુ ડિજિટલ પ્લેટફોર્મ ઓળખીને ત્વરિત કાર્યવાહી કરવી. સાયબર ફ્રોડની ફરિયાદોની સરળતાથી નોંધણી થાય એવી વ્યવસ્થા ઊભી કરવી. સાયબર ક્રાઈમને નાથવા માટે પોલીસ તંત્ર અને કાનૂની તંત્રને સહાય કરવી અને ખાસ તો જનતામાં સાયબર છેતરપિંડી અંગે સમજ અને જાગૃતિ કેળવવા જેવી પહેલ હાથ ધરાઈ છે.

આ સમયે જ એક વધુ સારી બાબત સામે આવી છે. છેતરપિંડી અને ઠગી માટે વધુ ઉપયોગ કરાય છે એવા પ્લેટફોર્મ ટેલિગ્રામે શંકાસ્પદ લાગતા ટેલિફોન નંબર અને આઈ.પી. એડ્રેસ સરકારને આપવાની જાહેરાત કરી છે. આને લીધે ટેલિગ્રામનો દુરુપયોગ થતો અટકી જવાની આશા સેવાય છે.


આ બધી પહેલ કે પગલામાં કઈ અનુચિત નથી. એમ જરૂર કહી શકાય કે થોડું-ઘણું મોડું થયું છે ખરું. બીજી પ્રેકટિકલ બાબત એ છે કે પાંચ વર્ષમાં પાંચ હજાર સામાન્ય કમાન્ડો તૈયાર થશે, ત્યારે સાયબર ફ્રોડસ્ટર્સ, ચિટર્સ અને હેકર્સની દુનિયા બહુ બદલાઈ ગઈ હશે. નવી-નવી ટેકનિક વપરાવા માંડી હશે.

એટલે આવા કમાન્ડો તૈયાર કરવા વધુ જરૂરી એ છે કે એકદમ તેજસ્વી, મૌલિક અને પ્રયોગશીલ એવી આઈ.ટી. ક્ષેત્રના તેજસ્વી બુદ્ધિબળને સરકાર પોતાની સાથે જોડે બાકી, તો ચોરી થયા બાદ પગેરું શોધવું, ચોરની પાછળ પડવું, પકડાયા પછી કાનૂની પ્રક્રિયા અને ચુકાદામાં લાંબો સમય લાગી જાય જે મોટાભાગે સકારાત્મક પરિણામની ખાતરી આપતા નથી. આપણે સમજીએ-સ્વીકારીએ છીએ કે જેટલા ચોર-ગુંડા-લૂંટારા હોય એટલા પોલીસ ન જ રખાય. પણ એમને કેવી રીતે અટકાવવા, નાથવા અને જેલભેગા કરવા એના વ્યાપક વ્યૂહ જ સૌથી સારો ઈલાજ છે.

અને ડિજિટલ વર્લ્ડમાં તો ચોર, મવાલી અને ત્રાસવાદના નામ, ચહેરા કે ઓળખ નથી એટલે આ યુદ્ધ એકદમ અલગ છે. વિના પરંપરાગત છે. એના માટે અલગ માણસો, માઈન્ડ સેટ અને મોડસ-ઓપરેન્ડીની જરૂર પડશે.

આ નાનીસૂની બાબત નથી. પણ કાયદાભંજકો કરી શકે તો કાનૂન-રક્ષકો શા માટે ન કરી શકે? કરી જ શકે એ માટે તકનીકી સગવડો, સ્વતંત્રતા, સજ્જતા અને કદાચ થોડા વિશેષ પોલીસબળ, કાયદા અને વિશેષ અદાલતની પણ જરૂર પડે.

જંગ આસાન નથી પરંતુ જીતવું અશક્ય નથી અને આમાં ક્યાંય નિરાંત નહીં મળે. એક હણાશે તો એના રક્તમાંથી અનેક ઊભા થશે. સદૈવ હોશિયાર રહેજો, ખબરદાર રહેજો. ■




# લખ્યા લેખ ન ટળે... ચોવક બતાવે છે દીવાદાંડી

કચ્છી ચોવક_
કિશોર વ્યાસ
feedback@bombaysamachar.com



સંસારમાં એક લખાણ એવું હોય છે, જેના શબ્દો અને અર્થ આજ દિવસ સુધી કોઈ વાંચી કે સમજી શક્યું નથી! ભગવાન રામ પણ નહીં! તેમણે જરૂર એ લેખ ઉકેલ્યા હશે, પરંતુ જાહેર ન કર્યા! અને એ છે, વિધાતાના લેખ! વિધાતાએ જે લેખ આપણા વિશે લખ્યા હોય તે મુજબ જીવનમાં સુખ દુઃખ આવતાં હોય છે, ખરુંને? કચ્છીમાં ચોવક પણ એ જ કહે છેઃ ''લિખ્યો લિખ ન ટરે''. પ્રથમ શબ્દ છેઃ 'લિખ્યો' જેનો અર્થ થાય છેઃ લખેલું અને 'લિખ' શબ્દનો અર્થ થાય છે, જરા પણ. 'ટરે' શબ્દનો પ્રયોગ છે, જેને આપણે ગુજરાતીમાં 'ટળે' કહીએ છીએ. ચોવકનો શબ્દાર્થ અને ભાવાર્થ સમાન છે કેઃ વિધાતાએ લખેલા લેખ જરા પણ ન ટળે!

આમ તો, એમ કહેવાય છે કે, 'લખ્યું વંચાય'! પણ, વિધાતાનું લખેલું ક્યારેય નથી વંચાતું! જ્યારે - 'લખ્યું વંચાય' એ વિષય પર આપણે આવી ગયા છીએં ત્યારે એક ચોવકનું સ્મરણ થાય છેઃ ''લિખ્યો વાંચાજે'' 'લિખ્યો' એટલે લખેલું અને 'વાંચાજે' એટલે વંચાય. શબ્દાર્થ છેઃ લખ્યું વંચાય. ગહન અર્થો ધરાવતી એ ચોવક એટલો સંકેત આપે છે કે, 'જે લખેલું હોય કે જે મહત્ત્વની બાબતની નોંધ ટપકાવી હોય તે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી બની રહે છે.

કારણ કે બીજી ચોવક તેનું સમર્થન આપતાં કહે છેઃ ''લિખાણું સે વાંચાણું'' શબ્દાર્થ સ્પષ્ટ છે કે, જે લખાયું હોય તે જ વાંચી શકાય. અહીં પણ ચોવક લખી રાખવાનું મહત્ત્વ દર્શાવે છે.

લેખ અને લખવાનો વિષય જ્યારે કલમમાંથી ટપકી રહ્યો છે, ત્યારે એક બીજી ચોવક પણ કહે છે કેઃ ''લિખઈ પીડા ભોગવે છુટકો'' હવે 'લિખઈ' શબ્દના અર્થથી આપણે પરિચિત થઈ ગયા છીએં અને 'પીડા'નો અર્થ થાય છેઃ પીડા કે દુઃખ! 'ભોગવે' એટલે ભોગવે કે સહન કર્યે, 'છુટકો'નો અર્થ છેઃ છૂટકો કે વિકલ્પ! શબ્દાર્થ છેઃ લખેલી પીડા ભોગવેજ છૂટકો! ભાવાર્થ થાય છેઃ પોતાની પીડા પોતે જ ભોગવવી કે સહન કરવી પડે છે! આ 'લખેલી' એટલે શું? 'અહીં સીધો સંદર્ભ વિધાતાના લેખ તરફ લઈ જાય છે!

વિધાતાના લેખ અને ભાગ્યની વાત નીકળી જ છે તો... ''લાખા જિત લડેવ્યા, કિન હિસાબ મેં પાંણ'' અહીં, પ્રથમ શબ્દ 'લાખા' છે. તે કદાચ કચ્છના રાજા 'લાખા' તરફ નિર્દેષ કરે છે. પરંતુ મારી દૃષ્ટિએ અહીં 'લાખા' એટલે લખેશ્વરી પુરુષો, એવો અર્થ યોગ્ય જણાય છે. 'જિત'નો અર્થ થાય છેઃ જ્યારે 'લડે વ્યા'નો સીધો અર્થ થાય છે. 'લડી ગયા' કે વિદાય લઈ ગયા, અને 'કિન' એટલે 'કયા', 'હિસાભ'નો અર્થ થાય છેઃ હિસાબ 'મેં' એટલે માં અને 'પાંણ'નો અર્થ થાય છેઃ આપણે. શબ્દાર્થ થાય છેઃ કે, મોટા મોટા લખેશ્વરી હાલ્યા ગયા તો આપણે શું વિસાતમાં!

પરંતુ ચોવકને કહેવું એમ છે કે, કુદરતનો ક્રમ બધા માટે સરખો! જે જીવ પૃથ્વી પર અવતર્યો છે એણે પોતાની ભૂમિકા ભજવીને જીવનમંચ પરથી વિદાય તો લેવાની જ છે!

એક કટાક્ષનાં તીર છોડતી ચોવક કચ્છી પ્રજામાં બહુ પ્રચલિત છે. ચોવક છેઃ ''લખણેં જા લાડા'' પ્રથમ શબ્દ છેઃ 'લખણેં' અને તેનો અર્થ થાય છેઃ લક્ષણ. 'જા' એટલે ના અને 'લાડા'નો અર્થ આમ તો 'લાડો' કે વરરાજા થાય છે, પણ અહીં ચોવકનો અર્થ સમજવા 'લાડકા' જેવો અર્થ અભિપ્રેત છે. તો શબ્દાર્થ થાય છેઃ લક્ષણોના લાડકા પરંતુ ખરો અર્થ થાય છેઃ અપલક્ષણા માણસો! ■




# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'વિક્રમ' પૂજાએ ઑફિસે ફોન કર્યો હતો.

'હં, બોલ'

વિક્રમના અવાજમાં કંટાળો હતો. હજી એ હમણાં જ ચાંદનીથી રામપૂરી ચાકુ લઈને ઑફિસમાં દાખલ થયો હતો.

'વિક્રમ' પૂજાએ એનું નામ દોહરાવ્યું.

'હા, હા, બોલને સાંભળું છું, મારું નામ શા માટે જપે રાખે છે?'

વિક્રમના અવાજમાં હવે કંટાળાની જગ્યા ગુસ્સાએ લઈ લીધી હતી. એક તો ચાકુની દુકાને કુમાર ચક્રવર્તીની મુલાકાત થતાં એનો મૂડ ખરાબ થઈ ગયો હતો.

વિક્રમે જ્યારે કુમારને પૂછ્યુંઃ 'અરે, કુમાર ચક્રવર્તી, ક્યાં છો તમે? કેટલા વખતે જોયા?' ત્યારે પેલા દાઢીવાળાએ એનો હાથ એક આંચકા સાથે ખભા પરથી ખસેડી લીધો હતોઃ

'મેરા નામ કુમાર ચક્રવર્તી નહીં હૈ!' દાઢીવાળો ત્યારે બગડ્યો હતો.

ત્યારે વિક્રમે ફરી એના ખભા પર હાથ રાખીને કહ્યું હતુંઃ

'કુમાર, તું જે રીતે ચિલ્લાવીને બોલે છે એના પરથી જ ખબર પડી જાય છે કે તું જ કુમાર ચક્રવર્તી છો. તું જો કુમાર ન હોત તો ખૂબ વિવેકથી મને કહેત કે સોરી, તમારી ક્યાંક ભૂલ થાય છે, પણ તું ઊંચા સાદે બોલે છે, એમાં જ તારો ગુનો છતો થઈ જાય છે.' વિક્રમે એનો ખભો ફરી થપથપાવ્યો.

'મિસ્ટર, તમે હવે તમારી હદ વટાવી રહ્યા છો. હમણાં જ મેં અહીંથી રામપૂરી ખરીદતી વખતે દુકાનદારને પૂછેલું કે ચાકુ બરોબર ચાલશે ને મને લાગે છે કે મારે અહીં જ એનો ઉપયોગ કરીને ખાતરી કરી લેવી પડશે..'

કુમાર હવે ચિલ્લાતો નહોતો, પણ એના અવાજમાં ઠંડી નિર્મમતા હતી.

'કુમાર, તું જાણે છે કે મારે ફક્ત અહીંથી પોલીસ સ્ટેશને જઈને એટલું જ કહેવાનું છે કે કુમાર ચક્રવર્તી જીવતો છે. પછી જિંદગી આખી હવાલાતમાં બેસીને રામપૂરી ચલાવ્યા કરજે...' વિક્રમે પણ ઠંડે કલેજે વાત ચાલુ રાખી.

'ક્યા બકવાસ હૈ યહ...' પેલાએ ફરી ચીસ પાડી.

દુકાનદારને ડર લાગ્યો કે ક્યાંક એની દુકાનમાં જ એના માલનો ઉપયોગ ન થઈ જાય. એણે વિક્રમને કહ્યુંઃ

'દેખીએ ભાઈસા'બ, આપ કો જો કુછ કરના હૈ વહ દુકાન કે બહાર જા કે કીજીએ...'

વિક્રમને લાગ્યું કે વાત વધી જશે તો રસ્તામાં તમાશો થઈ જશે. એણે ફરી કુમાર સામે જોઈને કહ્યુંઃ

'કુમાર ચક્રવર્તી, આજે તને છોડી દઉં છું...પણ એક વાતની ખાતરી આપું છું કે આપણે ખૂબ જ ટૂંક સમયમાં પાછા મળીશું.'

'હા, ઉપરવાળાની ઇચ્છા હશે તો જરૂર મળશું...' કુમારે સ્મિત ફરકાવીને જવાબ આપ્યો અને પીઠ ફેરવીને દુકાનની બહાર નીકળી ગયો.

'વિક્રમ...' પૂજા હજી લાઇન પર જ હતી. વિક્રમ વિચારમાંથી ઝબકીને જાગ્યો.

'પૂજા, આ શું માંડ્યું છે? મારે ઘણાં કામ બાકી છે. આ શું માઇક ટેસ્ટિંગ કરતી હોય એમ હાથમાં રિસીવર લઈને વિક્રમ... વિક્રમ' બોલે રાખે છે. હું ફોન મૂકું છું.'

'વિક્રમ... નાગપુરથી જય આવ્યો છે.' પૂજાએ મહામહેનતે વાક્ય પૂરું કર્યું.

'વ્હોટ? તારો ભાઈ તો આવતા અઠવાડિયે આવવાનો હતો? આજે કેવી રીતે આવી ગયો?'

'ફ્લાઇટમાં આવ્યો ! કેમ મારો ભાઈ એની બહેનને ગમે ત્યારે મળવા આવી ન શકે?' પૂજાએ છણકો કર્યો.

'પૂજા, તને ખબર છે કે તારો લાડકો ભાઈ આ વખતે એની બહેનને મળવા નથી આવ્યો. અને હા, ફ્લાઇટમાં શા માટે આવ્યો?' વિક્રમ દાઢમાં બોલ્યો. કુમાર ચક્રવર્તી પરની ખીજ પૂજા પર ઊતરતી હતી.

ફ્લાઇટમાં બેસવા માટે શ્રીમંત હોવું જરૂરી નથી. ટિકિટનાં પૈસા હોય તો દરેકને વિમાનમાં બેસવા મળે.' પૂજાના અવાજમાં વ્યંગ હતો.

'હા, હા, શા માટે નહીં, ઘા ભેગો ઘસરકો... ખરુંને? આટલા રૂપિયાનું નુકસાન થયું છે એમાં ફ્લાઇટનું ભાડું શું વિસાતમાં?' વિક્રમ બોલ્યો તો ખરો પણ પછી એને થયું કે પૂજાને ઉશ્કેરવાની જરૂર નથી.

પૂજાને જાણે હાડોહાડ લાગી આવ્યું હોય એમ થોડી ક્ષણો મૌન રહી.

'કેમ પૂજા બોલતી નથી?' વિક્રમે પૂછ્યું.

'વિક્રમ, હું પપ્પાને વાત કરું છું. હું જયને લઈને મારા સસરાને કહીશ તો એ પણ એની મદદ કરશે...' પૂજાએ પોતાના ગુસ્સા પર અંકુશ રાખ્યો હતો.

'પૂજા, એવી ભૂલ નહીં કરતી. તું પપ્પાને હજી ઓળખતી નથી. એ એક વાર જીદમાં આવી જશે તો પોતે તો નહીં કરે અને મને પણ કોઈ કાળે નહીં કરવા દે. પછી તારી મરજી...'

'ઓ.કે.' તમે આજે વહેલા નહીં આવી શકો?' પૂજાના અવાજમાં વિનંતી કહી કે આદેશ એ કળવું મુશ્કેલ હતું.

'કાં, સાળા સાહેબ આવ્યા છે એટલે મારે વહેલા આવવું પડશે? પૂજા, ડોન્ટ બી સીલી, દરેક વાતમાં ભાવુક બનવાની જરૂર નથી. હું મારા સમયે આવી જઈશ.' વિક્રમ ચિડાઈને બોલ્યો.

'હા, હા, પત્ની સામે ભાવુક ન બનાય. પ્રેયસી સાથે જ બનાય, ખરું ને? હમણાં પેલી સગલી શ્યામલીએ ફોન કરીને બોલાવ્યા હોત તો કેવી દોટ મૂકી હોત... મારે જરૂર નથી. આવજો તમારા ટાઇમે...!'

વિક્રમ કંઈ જવાબ આપે એ પહેલાં જ પૂજાએ ફોન પટકી દીધો. વિક્રમ સમસમી ગયો. એક વાર ઇચ્છા થઈ આવી કે ઊભો થઈને ઘરે જાય અને એક સણસણતો તમાચો પૂજાના ગાલ ઉપર જડી દે. એણે માથું પકડી લીધું. એવું લાગતું હતું કે જાણે માથાની અંદરથી કોઈ હથોડા મારતું હોય... ધમ... ધમ... ધમમ... આજનો દિવસ કેવો ઊગ્યો! કરોડપતિ દીવાન પરિવારનો વારસદાર એક સામાન્ય ચાકુ લેવા જાય, ત્યાં કુમાર જેવા બે કોડીના માણસ સાથે જીભાજોડી થાય, એ આઘાતમાંથી બહાર નીકળે ત્યાં પત્ની મર્મસ્થાન પર ઘા કરે.

આ પૂજાનું શું કરવું? ટેબલ પર રાખેલા ગ્લાસમાંથી વિક્રમે પાણી પીધું. એનું માથું થોડું ઠંડું થયું. હમણાં મગજ પર કાબૂ ગુમાવવાનો સમય નથી.

પત્નીને એના રહસ્યની ખબર પડી ગઈ છે એટલે એ એનો લાભ ઉઠાવશે. એક શરતે પૂજા સીધી ચાલશે, જો એ એની સાથે પ્રેમપૂર્વક વાત કરશે તો...

એટલે કે પત્નીની જેમ નહીં, પ્રેયસીની જેમ વાત કરવી પડશે. વિક્રમના ચહેરા પર હાસ્ય ફરકવા માંડ્યું. એના ચહેરા પર તંગ થયેલી રેખા ઢીલી પડી ગઈ.

પ્રેયસી અને પત્ની...કેટલો જમીન આસમાનનો ફરક છે આ બંને શબ્દ વચ્ચે. પ્રેયસીનો હાથ પકડીને જિંદગી દોડીને જીવી શકાય, જ્યારે પત્નીનો હાથ ખેંચીને જીવન ઘસડાતાં પૂરું કરવું પડે છે.

વિક્રમ ટેબલ પર પડેલું રામપૂરી ચાકુ ઉપાડ્યું. સ્પ્રિંગ દબાવતાં ખટાક અવાજ સાથે ચાકુ બહાર નીકળી આવ્યું.

એક શસ્ત્ર જ એવી ચીજ છે જે કોઈ વચ્ચે ભેદભાવ રાખતું નથી. પ્રેયસી હોય કે પત્ની, દુશ્મન હોય કે સગો બાપ. જેના હાથમાં રહે છે શસ્ત્ર એના જ તાબામાં રહે છે. કઈ સવાલ નથી કરતું. કોઈ તર્ક નથી કરતું. ચાકુ ચલાવનાર જેના પેટમાં ઘુસાડે એના પેટમાં ચૂપચાપ ખૂંચીને જીવ બહાર કાઢી દે છે.

રામપૂરીની ધાર પર આંગળીઓ ફેરવતાં વિક્રમ વિચારમાં પડી ગયો.

***

'કરણ, આપણે લગ્ન ક્યારે કરીશું?' કરણના વાળમાં આંગળી પરોવતાં રૂપાએ કહ્યું.

કરણ ચમક્યો. એના શરીરમાં જાણે ખુશીનાં મોજાં ઊછળવા લાગ્યાં. આજે રૂપા પહેલી વાર સામે ચાલીને લગ્નની વાત કરતી હતી. એનું હૃદય એટલા જોરથી ધડકતું હતું કે એને લાગ્યું કે આજુબાજુના માણસો પણ એના ધબકારા સાંભળી શકતા હશે.

આટલા મહિનાઓ પછી રૂપા પહેલી વાર લગ્નની વાત કરતી હતી.

'રૂપા, આઈ ડોન્ટ બિલીવ ઈટ... તું અને લગ્ન? શું વાત છે? તારા ફેશન કેરિયરનું શું થશે?'

'કરણ, લગ્ન કરવાથી મારું કેરિયર બગડી નહીં જાય. હા, બાળક માટે આપણે ઉતાવળ નહીં કરીએ.' કરણના ગાલ પર રૂપાએ વહાલથી ટપલી મારી.

એક અપરિણીત યુવાનના ગાલ પર એક દેખાવડી છોકરી ટપલી મારે તો પેલા બાપડાનું હૃદય કેવું આનંદથી નાચી ઊઠે!


કરણને લાગ્યું કે એ ખુશીથી પાગલ થઈ જશે. હું જ રૂપા પર ખોટી શંકા કરતો હતો,પણ તો એ બિચારી મને કેવો પ્રેમ કરે છે. મારા વગર જીવી પણ નહીં શકે. હું જ બેવકૂફ હતો કે એને કૈલાસ સાથે સાંકળતો હતો. કેવી ભોળી છે.

'રૂપા, થેન્ક્યુ, તેં સામેથી લગ્નની વાત કાઢી એટલે... બોલ ક્યારે લગ્ન કરવાં છે?' કરણના અવાજમાં કામુકતાનો કેફ હતો.

'મિસ્ટર છોટે દીવાન, પહેલાં તારા પિતાશ્રીને પૂછી આવ. એ જે તારીખ આપે એ દિવસે આપણે લગ્ન કરીશું...' રૂપાએ ટીખળ કર્યું.

કરણનો ગંભીર થઈ ગયો.

'રૂપા, તને હજી મારા પર વિશ્વાસ નથી? તને એમ છે કે હું મારા પપ્પાથી ડરી જઈશ? અરે મેડમ, ઇંગ્લેન્ડના એક રાજાએ પોતાની પ્રેયસી માટે રાજપાટ ત્યાગી દીધેલાં. હું પણ મારી રૂપલડી માટે મારા બાપની દૌલતને ઠુકરાવી શકું છું...' બોલ્યા બાદ કરણને લાગ્યું કે એ વધુ પડતા નાટકીય અંદાજમાં બોલ્યો હતો.




રૂપાએ એને અટકાવીને કહ્યુંઃ

એ મજનુના વંશજ, જરા આસમાનથી હેઠો ઊતર. જો કરણ, આ બધા ડાયલોગ્સ નાટક અને ફિલ્મમાં જ સારા લાગે. બાકી ગરીબીમાં જીવવાનો મને કોઈ શોખ નથી. ફિલ્મોમાં તો ભૂખ્યા પેટે પણ હીરો-હિરોઈન ગીતડાં ગાય. ઇંગ્લેન્ડના રાજા તો બેવકૂફ હતા. તારે એવી બેવકૂફી કરવાની જરૂર નથી.' રૂપાએ કૃત્રિમ ગુસ્સો કરતાં કહ્યું.

'રૂપા, આપણા વચ્ચે રૂપિયો, પૈસા, સોના, ચાંદી જેવી ભૌતિક વાતો કરવાનો શું અર્થ છે? આપણો પ્રેમ જ એટલો અગાધ છે કે જિંદગી તો આમ જ નીકળી જશે.' કરણે ચપટી વગાડતાં કહ્યું.

'કરણ, તારી આ જ તકલીફ છે, તું બિલકુલ પ્રેક્ટિકલ નથી. અરે, ગરીબીમાં બે આંગળીથી ચપટી પણ નહીં વાગે જ્યારે તું જિંદગી નીકળી જવાની વાત કરે છે. લુક, આઈ એમ સિરિયસ. મને લયલા- મજનુના ટાયલાવેડા કરીને જિંદગી નથી જીવવી. એવી રીતે જીવી પણ ન શકાય. હમણાં તારી પાસે બધું છે એટલે તને એ વસ્તુ નહીં હોય તો જિંદગી કેવી બિહામણી થઈ જશે એની કલ્પના નથી. મને છે, કરણ, એટલે હું કહું છું, જો તારે ઘર છોડવાનું હોય તો મને પણ છોડી દેજે. મારે ભૂખમરો વેઠીને મારા પ્રેમનો કોઈ પુરાવો નથી આપવો.'

કરણ અવાક થઈ ગયો. એક વાર તો એ માની ન શક્યો કે રૂપા આજે આવી વાતો કેમ કરે છે. એ વિરોધ કરવા જતો હતો પણ એને ડર લાગ્યો કે રૂપા નારાજ થઈ જશે તો માંડ લગ્નની વાતો શરૂ થઈ છે એ પણ નહીં કરે.

'કરણ, તું નારાજ થઈ ગયો? સાંભળ ડિયર, તું લગ્ન પછી મને ખુશ રાખવા માગે છે ને? હવે માની લે કે મારે મારા ફેશનના કેરિયર માટે પણ ખર્ચ કરવાની જરૂર પડે તો રૂપિયા ક્યાંથી કાઢીશું? તને ખબર છે કોસ્ચ્યુમ, મેકઅપ વગેરે કેટલાં મોંઘા છે? ત્યારે શું તું મને એમ કહીશ કે મને કમાઈ લેવા દે પછી રૂપિયા આપીશ? ત્યાં સુધી તો હું બુઢી થઈ જઈશ, કરણ...'

રૂપાએ ફરી કરણના ગાલ પર ટપલી મારી.

ગાલ પર ટપલી પડતાં જ કરણના બધા તર્કવિતર્ક વરાળ થઈને ઊડી ગયા.

'આઈ એમ સોરી, રૂપા, યુ આર રાઇટ. મને તારા પર પ્રેમ ઊભરાઈ આવે છે ત્યારે હું ખરેખર ખૂબ જ ઘેલો થઈ જાઉં છું. ડોન્ટ વરી, હું ઘર નહીં છોડું...' કરણ ગળગળો થઈ ગયો.

'અરે તું નહીં છોડે તો તારા પપ્પા તને છોડી દેશે. એક વાર એને ખબર પડશે કે તું મારી સાથે લગ્ન કરવાનો છે તો રોષે ભરાઈને તને વસિયતનામામાંથી રદબાતલ કરી દેશે. ત્યારે શું કરીશ?' રૂપાએ ઈરાદાપૂર્વક કરણના

'હંમ. એ વાત પણ સાચી છે.' પછી થોડી વાર વિચારીને કરણ બોલ્યો :

'રૂપા, એક આઇડિયા છે. હું પપ્પાને કહું છું કે હું રૂપા સાથે મેરેજ કરવાનો છું તો એ રોષે ભરાય, બરાબર? હવે જો હું એમ કહું કે મેં રૂપા સાથે લગ્ન કરી દીધાં છે તો?'

રૂપાને વિચારમાં પડેલી જોઈને કરણ પોતાની પીઠ થાબડવા લાગ્યો : છે ને, અફલાતૂન આઈડિયા?!'

'અને તારા પપ્પા સર્ટિફિકેટ માગે તો?' રૂપાએ શંકા વ્યક્ત કરી.

'રૂપા, કોઈ બાપને ખબર પડે કે એનો દીકરો એને પૂછ્યાગાછ્યા વગર પરણીને આવ્યો છે તો એને કાગળિયા માગવાના હોશ ન રહે...' પોતાના પ્લાન પર મુસ્તાક હોય એમ કરણ બોલ્યો.

'અને ગુસ્સે થઈને એ તને ઘરમાંથી કાઢી મૂકે તો? '

રૂપા, હું મારા પપ્પાને ઓળખું છું. એ હંમેશાં પોતાનું ધાર્યું કરવાની કોશિશ કરશે ,પણ કોઈ વાર એમનુ ધાર્યું ન થાય અને અહમ્ ઘવાય તો એ પોતાની જાતને સજા આપે, બીજાને નહી.'

'વેરી ગુડ, કરણ, જો આવું હોય તો ફેન્ટાસ્ટિક આઇડિયા....પણ માની લે કે એ જીદે ભરાય તો?'

'તું એ બધું મારા પર મૂકી દે. હું પણ છેવટે દીવાન પરિવારનો વારસ છું. એમ તો મારો પણ અહમ્ છે. મારી પણ જીદ છે. આખરે હું પણ મારા બાપનો જ દીકરો છું...'

'વાહ, આ થઈને મરદોવાલી બાત.' કહીને રૂપાએ ફરી કરણના ગાલ પર ટપલી મારી.

રૂપા સાથે ખુશખુશાલ કરણ આ વાત કરી રહ્યો હતો ત્યારે એને ખબર નહોતી એના બેડરૂમમાં એક ઘટના આકાર લઈ રહી છે....

(ક્રમશઃ)■

---

તસવીરની આરપાર

ભાટી એન.

feedback@bombaysamachar.com

# ભંગેશ્વર મહાદેવ મંદિરે સાચુકલા શંકર-પાર્વતીનાં વિવાહ થયા...!



ૐ સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે। શરણ્યે ત્ર્યમ્બકે ગૌરી નારાયણી નમોસ્તુતે।।

''કળિયુગમાં શંકર ભગવાન જાન લઈને ઢોલ વગાડતા પાર્વતી (ઉમિયા) સંગાથે પરણવા સાચે જ આવે'' તો.!? કુતૂહલ તો થાય ને..!? વાંકાનેર તાલુકાનું તીથવા ગામની સિમમાં ૐ ઉમા ભંગેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં ભવ્ય દેવી ભાગવત કથાનું આયોજન કરેલ તેમાં વક્તા સંતશ્રી બાળવિદૂષી રત્નેશ્વરી દેવી (રતનબેન) ગુરુ શ્રી શ્રી ભાવેશ્વરી માતાજી જેઓ બાળપણથી કથાકાર તરીકે વિખ્યાત છે. આ કથામાં તારીખ ૯/૯/૨૦૨૪ના રોજ ભવ્યાતાતિભવ્ય શંકર વિવાહનું સાથે જ આયોજન કરવામાં આવેલ. તેમાં સાચે જ શંકર ભગવાન બની જાન લઈને વાજતે ગાજતે આવેલ અને મંડપ મધ્યે પાર્વતીજી બની ચોરીમાં ચાર ફેરા ફરેલ ને કન્યાદાન પણ આપવામાં આવેલ. તો લગ્ન ગીત રત્નેશ્વરી દેવીએ સંગીતના તાલે ગાતા હતા ને વિદાઈ વેળા સાચેજ પાર્વતીજી બનેલ કથાના મુખ્યદાતા હંસરાજભાઈ હાલપરાના ખંભે માથું રાખી રડવા લાગ્યા હતા ને આ કળિયુગમાં સતયુગ જેવું દૃશ્યમાં બધા શંકરનું ગાન કરતા હતા તો કોઈ શંકર પાસે આશીર્વાદ લેતા હતા.!

આજે આપણે શંકર-પાર્વતીજીના વિવાહની કથા પર દૃષ્ટિ પાત કરી એ શંકરજી સતીના વિરહમાં દયનીય દશા થઈ ગઈ. પળ પળ સતીનું રટણ રહેતું અને તેમની જ ચર્ચામાં વ્યસ્ત રહેતા હતા. બીજી બાજુ સતીએ શરીરનો ત્યાગ કરતા સમયે સંકલ્પ કરેલ કે હું હિમાલયને ત્યાં જ જન્મ લઈને શંકરજીની અર્ધાંગિની બનીશ. હવે જગદમ્બાનો સંકલ્પ વ્યર્થ તો જઈ ન શકે તેમણે યોગ્ય સમય પર રાજા હિમાલયની પત્ની મેનકાના ગર્ભમાં પ્રવિષ્ટ થઈને તેમના ખોળે અવતાર લીધો. લોક લાડિલી પર્વતરાજની પુત્રી હોવાના લીધે તે 'પાર્વતી' કહેવાયા.! પાર્વતીજી રૂપ રૂપનો અંબાર હતા ને સમય જતા લગ્ન લાયક બની જતા માતા પિતાને યુવાન પુત્રી પાર્વતીજીને લાયક કોઈ વરની શોધ આરંભી તેવામાં એક દિવસ અચાનક દેવર્ષિ નારદ રાજા હિમાલયને ત્યાં આવી પુગ્યા ને રૂપ રૂપની રાણી પાર્વતીને નિરખી તેમના મગજમાં શંકરજી આવ્યા ને હિમાલયજીને કહ્યું કે આ દીકરીના લગ્ન શંકરજી સંગાથ થવા જોઈએ આ વાત સાંભળી હિમાલયને મેનકાને ખુશીનો પાર ન રહ્યો પોતાને ત્યાં સાક્ષાત્ જગન્માતા સતી તેમને ત્યાં પ્રગટ થયા છે. આથી પોતાની જાતને ભાગ્યશાળી લેખતા હતા. ભગવાન શંકર સતીના વિરહમાં આ પ્રદેશમાં ગંગાવતરણમાં તપસ્યા કરવા લાગ્યા. રાજા હિમાલયને આ વાતની જાણ થતા તેઓ પાર્વતીને લઈને શંકરજીને વિનમ્રતાપૂર્વક પોતાની પુત્રી સંગાથે વિવાહ કરવાની વાત કરતા થોડી વાર શંકરે આનાકાની કરી, પણ પાર્વતી તપ-ભક્તિ નિરખી મનોમન હરખાતા આગ્રહને ટાળી ન શક્યા.

શિવજીનો રાજીપો મળતા પાર્વતીજી સેવામાં મગ્ન બનવા લાગ્યા. હંમેશાં તેમના ચરણ ધોઈને ચરણોદક ગ્રહણ કરતા ને ભક્તિ ભાવથી 'પૂજા' અર્ચના કરતા ને મનમંદિરમાં ખુશીના લાડુ કુટતા તેવામાં તારક નામનો રાક્ષસ ખૂબ જ હેરાન કરતો, પણ શિવજીના પુત્ર દ્વારા તારકનું મૃત્યુ શક્ય છે. આથી તેઓ કૈલાસ તરફ ચાલી નીકળ્યા, પણ પાર્વતીજી નિરાશ ન થયાને તપ દ્વારા શંકરને સંતુષ્ટ કરવાનો મનોમન નિશ્ચય કરી લીધો. તેમની માતાએ તપને અયોગ્ય સમજતા તેમનું નામ 'ઉમા'-ઉ+મા (તપનાકર) કઠોર તપસ્યા જોઈ આશુતોષનું આસન હલ્યું. પાર્વતીની પરીક્ષા તરફ પ્રસ્થાન કર્યું, જ્યારે પાર્વતીજીની સામે પ્રગટ થઈ ગયાં અને તેમને પાણી ગ્રહણ વરદાન આપી અંતર્ધ્યાન થઇ ગયાં. બીજી બાજુ હિમાલય-મેનકા પ્રેમાળ પુત્રીની કઠોર તપસ્યાને પૂર્ણ થતી જોઈને માતા-પિતા ખુશીથી જુમી ગયા. બીજી બાજુ શંકરજીએ સપ્તર્ષિયોને વિવાહનો પ્રસ્તાવ લઈને હિમાલયની પાસે મોકલ્યા આ રીતે શંકર-પાર્વતીજીનો શુભ વિવાહ થયો... બોલો શંકર શિવભોળાનાથની ઉમાપતિની જય... હો... જય.... હો...

આલેખન તસવીરઃ- ભાટી એન.

---

ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# ઊંઘ વિશે એટલું બધું લખાયું છે કે ઊંઘ ઊડી જાય...!

સત્તાવાર ચોમાસું પૂરું થવામાં કલાકો બાકી છે. વાતાવરણમાં ઠંડક વધવા લાગશે અને ઠંડીમાં ગમતી પ્રવૃત્તિ એટલે પથારીમાં પડ્યા રહેવું. ઊંઘવામાં શું મજા એ તો કુંભકર્ણને પૂછો તો ખબર પડે. આપણે ત્યાં કુંભકર્ણ જથ્થાબંધ મળે છે.

લો,ત્યારે આજે શિયાળાને વધાવવા નિદ્રાદેવીની કથા કરીએ. માણસ એના જીવનનો ત્રીજો ભાગ ઊંઘવામાં કાઢી નાખે છે. આશરે પંચોતેર વર્ષની જિંદગીમાં પચીસ વર્ષ ખાલી ઊંઘવામાં વિતાવી દે છે.

વિજ્ઞાન માને છે કે લાંબા ગાળાના સારા સ્વાસ્થ્ય માટે દિવસમાં સાતેક કલાક તો સુવું જોઈએ. વિશ્વમાં પ્રતિ પાંચ વ્યક્તિ પૈકી એક જ વ્યક્તિ પૂરતું ઊંઘે છે, બાકીના ચારને દુનિયા ચલાવવાનો ભાર હોય છે. અગણિત લોકો કહેતાં રહે છે કે એમને શાનદાર સૂર્યોદય જોવા કરતાં ઊંઘવું વધારે ગમે છે. અકિરા કુરોસાવા માને છે કે માણસે પ્રતિભાશાળી બનવા માટે સપનાં જોવા જરૂરી છે, મીન્સ સપનાં સાકાર કરવા ય ઊંઘવું જરૂરી છે. આ વિદેશી વિચારકો એવું કહીને ડરાવે છે કે પથારીમાં પડતાં જ ઊંઘ આવે એ બહુ સારું નહિ, તરત જ સૂઈ જનારાઓની ઊંઘ જલદી ડિસ્ટર્બ થતી હોવાનો અભ્યાસ છે. પથારીમાં પડ્યા પછી દશેક મિનિટ લાગવી જોઈએ. જો કે નિદ્રાદેવીને ડિસ્ટર્બ કરવા માટે સોશ્યિલ મીડિયા અને ઈન્ટરનેટ કનેક્શન સૌથી વધુ જવાબદાર હોવાનું વિજ્ઞાનથી માંડીને સાધુ સંતો પણ એકમતે માને છે.

ઊંઘવામાં સૌથી મોટો ફાયદો એ છે કે મગજમાંથી નકામા વિચારો દૂર કરવા તેને સમય મળે છે. 'સેરેબ્રોસ્પાઈનલ' નામનું કેમિકલ આપણે ઊંઘી જઇએ પછી મગજને ફ્લશ કરે છે, બાકી આપણે એટલું બધું કચરું યાદ કરીને બદલા જ લેતા હોત. સરવાળે એવું માની શકાય કે કેટલીક બિનજરૂરી મેમરી કાઢવામાં ના આવે તો આપણું મગજ પણ હેન્ગ થતું હોત. મગજને વારંવાર રિસ્ટાર્ટ કરવાની નોબત આવી હોત. મગજને ફ્રેશ રાખવા માટે સૂવું જરૂરી છે. ફ્રાન્સમાં એક અભ્યાસ મુજબ એવરેજ આઠ સાડા આઠ કલાક માણસ લંબાવે છે, બાકી મોટેભાગે સરેરાશ છ કલાક તો આરામ ફરમાવે જ છે. બાકી આપણે ત્યાં ધાબે સૂતા ત્યારે સાડા આઠ નવ વાગ્યાથી ઊંઘ તરફ ગતિ રહેતી અને જ્યારે સૂર્યદાદા માથા પર ચડી આવે ત્યારે ઉઠાડે ત્યાં સુધી નિદ્રા ચાલતી. યુવાનોએ પૂરતી ઊંઘ લેવી જોઈએ. જો તે મગજ વાપરતા હોય તો, બાકી એ મેસેજ જ ફોર્વડ કરવામાં પડ્યો હોય એના માટે કશું કામનું નથી.

અભ્યાસ તો કહે છે કે પુરુષ કરતાં સ્ત્રી વધુ સૂઇ શકે છે, કારણ કે એ રસોઇ, ઘરકામથી સિરિયલ સુધી વાયા મોબાઈલને લીધે મલ્ટી ટાસ્કિંગ હોય છે. સ્ત્રીઓનાં મગજને આરામની વધુ જરૂર હોય છે.

ઊંઘ બાબતે સ્ત્રી અને પુરુષની પેટર્ન અલગ અલગ હોય છે. પુરુષ તેની શારીરિક રચનાને કારણે મોડે સુધી જાગી શકે છે, જ્યારે સરેરાશ સ્ત્રીઓ વહેલી ઊઠી જાય છે. જો કે સૂતા પહેલાં મોબાઇલનો ઉપયોગ ટાળવો એવું બધા કહે છે પણ સાંભળે છે કોણ? મોબાઇલ પર રીલ્સ જોતાં જોતાં સૂનારાઓની સંખ્યા વધી રહી છે.

એક અભ્યાસ મુજબ સૂતા પહેલા કોફી જેવાં કેફી પીણાનો પ્રયોગ ટાળવો જોઈએ. હોટ કોફી અને કોલ્ડ કોફી સહિત જાતજાતની કોફી લીધા પછી ઊંઘની કીક વાગે એની સંખ્યા કોફીબારના વધારા પછી વધી જ હશે.



દુનિયામાં વીસ - પચીસ ટકા લોકો એવા હોય છે, જેમને સૂવા માટે પૂરતી જગ્યા હોવા છતાં ચોથા ભાગની જગ્યા પણ વાપરતા નથી, કંજૂસ કહીં કે એવું ટૂંટિયું વાળીને સૂઈ જાય કે બાકીના પલંગને કરવાનો શું ? આવા લોકો માટે ડ્રોઈંગ રૂમના ટેબલ પર ગોદડી નાખી આપો તો ય ચાલે. હા, ચાલવાની વાત પરથી યાદ આવ્યું કે ઘણાને ઊંઘમાં ચાલવાની આદત હોય છે. મહદંશે ઊંઘમાં ચાલવું એ જિનેટિક સમસ્યા છે. આપણે ઘોડા નથી કે ઊભા ઊભા ઊંઘવું પડે. એ રીતે બિલાડી લકી છે કે જિંદગીનો અડધા કરતાં વધુ સમય ઊંઘવામાં ખેંચી કાઢે છે.

ઊંઘવાનો અભ્યાસ આજકાલ બહુ સવિસ્તર થાય છે. ઊંઘવાના વિજ્ઞાનને 'પોલિસોમનોગ્રાફી' કહે છે, જેમાં મગજની ફ્રિકવન્સીનો સ્ટડી થાય, કે પાર્ટી કેવી રીતે ઊંઘે છે કે ઊંઘમાં ય જંપતી નથી.

હા, ઊંઘમાં છીંક આવતી નથી. આવતી હોય તો બહુ સારું નહીં.?! બાકી ભોજન વગર વીસ પચીસ દિવસ જીવાય, ઊંઘ વિના દશ અગિયાર દિવસ રહેવું શક્ય નથી. આપણે કંઈ ડોલ્ફિન નથી કે અડધું મગજ બંધ હોય ને બાકી અડધું મગજ શ્વાસ લેવા સપાટી પર લાવે... ઇવન અમુક દરિયાઈ જાતો તો સૂતી વેળા એકબીજાને અડીને કે પકડીને સૂઇ જાય... આવડા મોટા દરિયામાં છૂટા પડી જવાય તો શોધવા ક્યાં?

બાકી ઊંઘ ન આવે તો ભૂખ લાગે, મિન્સ નાસ્તો કરવાનું મન થાય. ઊંઘવું એ સમસ્યા નથી, માનસિક રોગમાં તો ઊંઘમાંથી જાગીને પથારીમાંથી બહાર ન નીકળવું એ ય સમસ્યા છે. પથારીમાં કલાકો સુધી આમ પડ્યા રહેવાની વૃત્તિને 'ડિઝાનિયા' કહેવાય. એકવાત યાદ રાખજો કે સારી ઊંઘ માટે ઓશિકું મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલાકને વર્ષો જૂનું વિચિત્ર તેલથી માંડી દુનિયાભરના પરસેવાની સુ-વાસ ધરાવતા ઓશીકા વિના મજા ન આવે. મુસાફરીમાં ઘરનું ઓશીકું જોઈએ અને ઓશીકું લઈને ફરવા જવાવાળો મોટો વર્ગ છે.

એની વે, ઊંઘવું વિષયમાં જ મજા મજા છે. જ્યારે ઘરમાં રહીને એસી સાથે ઊંઘ આવતી હોય તો બહુ જાગવું નહીં. નહિ તો જાગી ગયા પછી ઊંઘી નહિ શકો, જગતમાં બધું લોલમલોલ છે. બસ મજા કરો.

**ધ એન્ડ :**

માણસ સૂઈ જાય છે ત્યારે સુગંધ મહેસૂસ કરી શકતો નથી, આ કારણે આગ જેવી દુર્ઘટનાથી રક્ષણ આપવા ફાયર એલાર્મ બન્યા છે ! ■

# રોહિત-ગંભીરની જુગલ જોડીએ મૅચનું પાસું પલટી નાખ્યું અને ભારતે રચ્યો ઇતિહાસ

## બાંગ્લાદેશના હેડ-કોચે પણ સ્વીકાર્યું, 'અમે ભારતનો આવો અભિગમ અગાઉ કદી નહોતો અનુભવ્યો'

કાનપુરઃ ભારતે બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં કુલ મળીને માત્ર બે દિવસની રમતમાં બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગ ત્રણેયમાં અસરદાર પર્ફોર્મન્સથી જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. પહેલા દિવસે માત્ર ૩૫ ઓવરની રમત થઈ શકી હતી અને ત્યાર પછી વરસાદને કારણે આખો બીજો અને ત્રીજો દિવસ ધોવાઈ ગયો હતો. ચોથા દિવસની આખા દિવસની રમત બાદ પાંચમા દિવસે (મંગળવારે) ભારતે લંચના બ્રેક બાદ સાત વિકેટે વિજય હાંસલ કરી લીધો હતો અને લગભગ માત્ર છ સેશનમાં કરેલી આ કમાલ કૅપ્ટન રોહિત શર્મા તથા હેડ-કોચ ગૌતમ ગંભીરની સંયુક્ત વ્યૂહરચના થકી મળી હતી.

રોહિત-ગંભીરની જોડીએ વરસાદને કારણે નીરસ બની ગયેલી ટેસ્ટને ચોથા દિવસથી ફરી જીવંત બનાવતી વ્યૂહરચના ઘડી હતી. બાંગ્લાદેશના ૨૩૩ રનના જવાબમાં ભારતે ૨૮૫/૯ના સ્કોર સાથે દાવ ડિક્લેર કર્યો હતો, બાવન રનની લીડ લીધી હતી અને પછી બીજા દાવમાં બાંગ્લાદેશને ૧૪૬ રનમાં આઉટ કરીને ભારતે ૯૫ રનનો લક્ષ્યાંક મળ્યા પછી ૯૮/૩ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો.

બાંગ્લાદેશના હેડ-કોચ અને શ્રીલંકાના ભૂતપૂર્વ ખેલાડી ચંદિકા હથુરાસિંઘેએ પણ મંગળવારે કબૂલ કર્યું હતું કે 'ટીમ ઇન્ડિયાએ ગજબનો અભિગમ બતાવ્યો હતો. એનો આવો અપ્રોચ મેં અગાઉ કદી નહોતો અનુભવ્યો. અમે તેમના આ અભિગમનો તત્કાળ જવાબ જ ન આપી શક્યા. આ ચોંકાવનારા અપ્રોચને સફળ બનાવીને નીરસ મૅચને જીવંત તથા પરિણામલક્ષી બનાવવા બદલ રોહિત અને તેની ટીમને અભિનંદન. અમારા માટે ૦-૨નો આ ટેસ્ટ શ્રેણી-પરાજય આઘાતજનક એ માટે છે કે પાકિસ્તાનને એની જ ધરતી પર ૨-૦થી હરાવ્યા પછી અમે ભારતમાં એ જ માર્જિનથી હારી ગયા.'

હેડ-કોચ ગંભીરના હાથ નીચે ભારતે પહેલી જ ટેસ્ટ-સિરીઝમાં શાનદાર જીત મેળવી છે.






વિજેતા ભારતીય ખેલાડીઓ (ડાબે), પંતે લિટન દાસનો કેચ પકડ્યો હતો (નીચે)

રોહિત-ગંભીરની જોડીએ કુલ માત્ર બે દિવસમાં (કુલ છ સત્રમાં) ભારતને જિતાડીને ટેસ્ટ-ક્રિકેટમાં હલચલ મચાવી દીધી છે.

કૅપ્ટન રોહિત શર્મા બીજી ટેસ્ટમાં (૨૩ રન અને ૮ રન) સારું ન રમી શક્યો, પરંતુ તેણે ફરી એક વાર કમાલની કૅપ્ટન્સી બતાવી હતી. પ્રથમ દાવમાં સિરાજના બૉલમાં દૂર મિડ-ઑફ પર લિટન દાસનો એક હાથે કૅચ પકડીને રોહિતે ફીલ્ડિંગમાં પણ દમદાર પ્રદર્શન કર્યું હતું. રોહિતે બોલિંગ અને ફીલ્ડિંગમાં સફળ ફેરફારો પણ કર્યા હતા. ખાસ કરીને મુખ્ય બૅટર્સમાંનો એક મોમિનુલ હક જે રીતે આઉટ થયો એ રોહિતની કમાલની કૅપ્ટન્સીનું જ એક અજોડ ઉદાહરણ છે. મોહમ્મદ સિરાઝે પણ પહેલા દાવમાં શાકિબના કમાલના કૅચ સહિત ખૂબ જ સારી ફીલ્ડિંગ કરી હતી.

બૅટિંગમાં રોહિતે પ્રથમ દાવમાં થોડી કમાલ દેખાડી હતી. તેણે ત્રણ સિક્સર અને એક ફોરની મદદથી ૧૧ બૉલમાં ૨૩ રન બનાવ્યા હતા અને યશસ્વી સાથે પંચાવન રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. એ પ્રથમ દાવમાં ભારતીય ટીમે તોફાની બૅટિંગની વારંવાર ઝલક પણ આપી હતી. એમાં ભારતે સૌથી ઝડપે ૫૦ રન, સૌથી ઝડપે ૧૦૦ રન, સૌથી ઝડપે ૧૫૦ રન, સૌથી ઝડપે ૨૦૦ રન અને સૌથી ઝડપે ૨૫૦ રન બનાવ્યા હતા.

કે. એલ. રાહુલે પણ થોડી કમાલ બતાવી હતી. ધીમી બૅટિંગ માટે જાણીતા રાહુલે બીજા દાવમાં બે સિક્સર, સાત ફોરની મદદથી ૪૩ બૉલમાં ૬૮ રન બનાવ્યા હતા. એમાં તેણે કરીઅરની સૌથી ઝડપી હાફ સેન્ચુરી (૩૩ બૉલમાં ૫૦) ફટકારી હતી.

એ તો ઠીક, પણ પેસ બોલર આકાશ દીપે પણ પ્રથમ દાવમાં જે ૧૨ રન બનાવ્યા એ તેણે બે છગ્ગાની મદદથી બનાવ્યા હતા.

બોલિંગમાં પણ ભારતે જાદુ બતાવ્યો હતો. આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ અને આકાશ દીપે ઘાતક બોલિંગથી બાંગ્લાદેશને પરાજય તરફ ધકેલ્યું હતું. જાડેજા ભારત વતી સૌથી ઝડપે (સૌથી ઓછી ઇનિંગ્સમાં) ૩૦૦ વિકેટ અને ૩,૦૦૦ રનના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની સિદ્ધિ મેળવનાર ખેલાડી બન્યો હતો. બીજા દાવમાં તેણે બોલિંગ મળતાં જ પહેલી ત્રણ ઓવરમાં (શૅન્ટો, લિટન દાસ, શાકિબ)ની વિકેટ લઈને બાંગ્લાદેશનો બૅટિંગ-ઑર્ડર તોડી નાખ્યો હતો. અશ્વિન ૨૦૨૩-'૨૫ની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બનવા ઉપરાંત ડબ્લ્યૂટીસીની ત્રણેય સિઝનમાં ૫૦થી વધુ વિકેટ લેનાર એકમાત્ર બોલર પણ બન્યો છે. બુમરાહે આ સિરીઝમાં સાબિત કર્યું કે શા માટે પોતાને વર્તમાન ક્રિકેટના સર્વશ્રેષ્ઠ ફાસ્ટ બોલર તરીકે ઓળખાવવામાં આવે છે.

આ તમામ પર્ફોર્મન્સ પાછળ કૅપ્ટન રોહિત અને હેડ-કોચ ગંભીરનું કોઈને કોઈ રીતે મહત્ત્વનું યોગદાન હતું. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટ કોહલીએ સૌથી ઝડપે ૨૭,૦૦૦ રન પૂરા કરીને સચિન તેન્ડુલકરને પણ પાછળ રાખી દીધો છે. કોહલીએ ૫૯૪ ઇનિંગ્સમાં ૨૭,૦૦૦ રન પૂરા કર્યા છે તો સચિન ૨૦૦૭ની સાલમાં ૬૨૩મી ઇનિંગ્સમાં ૨૭,૦૦૦ રનના જાદુઈ આંકડા સુધી પહોંચ્યો હતો. ■

# કોહલીએ નિવૃત્ત થઈ રહેલા શાકિબને ભેટમાં આપ્યું બૅટ




કાનપુરઃ વર્તમાન ક્રિકેટના સર્વશ્રેષ્ઠ બૅટર અને ક્રિકેટની રમતના બૅટિંગ-લેજન્ડમાં અચૂક ગણાતા વિરાટ કોહલીએ મંગળવારે અહીં કાનપુરમાં ક્રિકેટજગતને મળેલા શ્રેષ્ઠ ઓલરાઉન્ડર્સમાં ગણાતા બાંગ્લાદેશના શાકિબ અલ હસનને પોતાના ઑટોગ્રાફવાળું બૅટ ગિફ્ટ આપ્યું હતું.

એક સમયનો સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડર શાકિબ વિદેશી ધરતી પર છેલ્લી વાર ટેસ્ટ રમ્યો છે. તેણે જાહેરાત કરી દીધી છે કે જો બાંગ્લાદેશમાં સાઉથ આફ્રિકા સામે રમાનારી ટેસ્ટમાં તેને (રાજકીય ક્રાંતિને પગલે) રમવાનો મોકો નહીં મળે તો કાનપુરની ટેસ્ટ સાથે જ તેની ટેસ્ટ કરીઅર પર પડદો પડી ગયો ગણાશે.

મંગળવારે ભારતના ૨-૦ની ક્લીન સ્વીપ સાથે ટેસ્ટ સિરીઝ પૂરી થઈ ત્યાર બાદ કોહલી બાંગ્લાદેશ ટીમના ખેલાડીઓની નજીક ગયો હતો અને બાંગ્લાદેશના ગ્રેટેસ્ટ-એવર ક્રિકેટર શાકિબને બૅટ ગિફ્ટ આપીને તેની સાથે થોડી મજાક-મસ્તી કરી હતી.

કોહલીએ આ બહુમૂલ્ય બૅટથી ફટકાબાજી કરવાની ઍક્શન કરી હતી. શાકિબ ભારતમાં લોકપ્રિય છે. તે ૭૧ આઇપીએલ મૅચ રમ્યો છે. તે કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રમ્યો છે.

શાકિબ હાલમાં અમેરિકામાં રહે છે. બાંગ્લાદેશમાં રાજકીય ઊથલપાથલ થઈ છે. બરખાસ્ત અવામી લીગ પક્ષના સાંસદ શાકિબ સામે બાંગ્લાદેશમાં કેટલાક આરોપો છે. ખાસ કરીને રાજકીય આંદોલન દરમ્યાન મૃત્યુ પામેલા લોકો માટે શાકિબ સહિત અનેકને જવાબદાર ગણાવવામાં આવી રહ્યા છે. ■

# યશસ્વી તો ગજબનો નીકળ્યો, ૧૧મી ટેસ્ટમાં ગાવસકરનો ૫૩ વર્ષ જૂનો રેકૉર્ડ તોડી નાખ્યો

## યુવાન ઓપનરે સેહવાગ અને પુજારાને પણ ઓળંગી લીધા

કાનપુરઃ સામાન્ય રીતે કોઈ પણ બે ક્રિકેટરના પર્ફોર્મન્સ વચ્ચે સરખામણી કરવી ઠીક ન કહેવાય, કારણકે બન્નેના સમયકાળ જુદા હોય તેમ જ તેમના હરીફ અને રમવાના સ્થળ તથા પરિસ્થિતિ પણ ભિન્ન હોય. જોકે બાવીસ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનર યશસ્વી જયસ્વાલે માત્ર સવા વર્ષની ટેસ્ટ કરીઅરમાં ફક્ત ૧૧ ટેસ્ટ રમીને જે કમાલ કરી દેખાડી છે એ અજોડ છે. તેણે મહાન બૅટર સુનીલ ગાવસકરનો ૫૩ વર્ષ જૂનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો છે તેમ જ વીરેન્દર સેહવાગ અને ચેતેશ્વર પુજારાને પણ એક રીતે ઓળંગી લીધા છે.

યશસ્વીએ મંગળવારે કાનપુરમાં પૂરી થયેલી બાંગ્લાદેશ સામેની ટેસ્ટના પ્રથમ દાવમાં ઝડપી હાફ સેન્ચુરી (૫૧ બૉલમાં ૭૨ અને ૪૫ બૉલમાં ૫૧ રન) ફટકારી હતી. તેણે પહેલા ફિફ્ટી ૩૧ બૉલમાં અને બીજા ફિફ્ટી ૪૩ બૉલમાં પૂરા કર્યા હતા.

૨૩ વર્ષની ઉંમર પહેલાં એક કૅલેન્ડર યર (૧૯૭૧)માં ભારતીયોમાં સૌથી વધુ (૯૧૮) રન ગાવસકરના નામે હતા, પણ હવે યશસ્વી ૯૨૯ રનના આંકડા સાથે તેમનાથી આગળ થઈ ગયો છે.

ભારતમાં ટેસ્ટમાં એક વર્ષમાં સૌથી વધુ (સાત) ફિફ્ટી-પ્લસ સ્કોર્સ અત્યાર સુધી ગાવસકર ઉપરાંત સેહવાગ, પુજારા, ચેતન ચૌહાણ, વેન્ગસરકર, વિશ્વનાથ અને કે. એલ. રાહુલના નામે હતા, પરંતુ હવે યશસ્વીએ આઠમા ફિફ્ટી-પ્લસ સાથે તમામને ઓળંગી લીધા છે. ■

# સૌથી ઓછા બૉલ રમીને મેળવેલા વિજયઃ ભારતનો બીજા નંબરનો શ્રેષ્ઠ દેખાવ

## ટીમ ઇન્ડિયા માટે સવાબે દિવસ જીતવા માટે પૂરતા, ડબ્લ્યૂટીસીમાં વધુ મજબૂત



જસપ્રીત બુમરાહ (ડાબે) અને રવીન્દ્ર જાડેજા (જમણે)એ બીજા દાવમાં ૩-૩ વિકેટ લીધી હતી.

કાનપુરઃ ભારતે માત્ર 'સવાબે દિવસની ટેસ્ટ'માં મંગળવારે બાંગ્લાદેશને હરાવીને બે મૅચની શ્રેણીમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી હતી. વરસાદના વિઘ્નોને કારણે આ ટેસ્ટ ડ્રૉમાં જવાની પાકી સંભાવના હતી, પરંતુ ભારતને જાણે જીતવા માટે સવાબે દિવસ પૂરતા હતા એમ મંગળવારે લંચના બ્રેક બાદ વિજય મેળવી લેવામાં આવ્યો હતો. કોઈ ટીમે સૌથી ઓછા બૉલ રમીને ટેસ્ટ જીતી હોય એની રેકૉર્ડ-બુકમાં ભારતની આ ટેસ્ટ વિશ્વમાં ચોથા સ્થાને છે. જોકે ભારતે કાનપુરની ટેસ્ટના બન્ને દાવમાં કુલ મળીને ૩૧૨ બૉલ રમીને વિજય પ્રાપ્ત કરી લીધો. આ રેકૉર્ડની દૃષ્ટિએ માત્ર ભારતનો જોઈએ તો આ બીજા નંબરનો શ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ના પૉઇન્ટ્સ-ટેબલમાં ભારતે મોખરાનું સ્થાન વધુ મજબૂત કરી લીધું છે.

ટીમ ઇન્ડિયાને છેલ્લા દિવસે જીતવા ફક્ત ૯૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને રોહિત શર્મા ઍન્ડ કંપનીએ ૧૭.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૯૮ રન બનાવીને સાત વિકેટના માર્જિનથી શાનદાર જીત હાંસલ કરી હતી.

પહેલા દિવસે બાંગ્લાદેશે ત્રણ વિકેટે ૧૦૭ રન બનાવ્યા એ તબક્કે વરસાદને કારણે રમત અટકાવવામાં આવી અને લગભગ પોણાત્રણ દિવસ બાદ (સોમવારે) રમતનો ફરી આરંભ થયો હતો. બાંગ્લાદેશે પ્રથમ દાવમાં ૨૩૩ રન બનાવ્યા ત્યાર પછી ભારતે ૩૪.૪ ઓવરમાં (૨૦૮ બૉલમાં) ૯ વિકેટે ૨૮૫ રનના સ્કોર પર પહેલો દાવ ડિક્લેર કરી દીધો હતો. ભારતે બાવન રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં બાંગ્લાદેશની ટીમનો માત્ર ૧૪૬ રનમાં વીંટો વળી જતાં ભારતને ૯૫ રનનો નાનો ટાર્ગેટ મળ્યો હતો અને ભારતે ૧૭.૨ ઓવરમાં (૧૦૪ બૉલમાં) કૅપ્ટન રોહિત (૮ રન), યશસ્વી (૫૧) અને શુભમન ગિલ (૬)ની વિકેટ ગુમાવીને ૯૮ રનના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

સૌથી ઓછા બૉલ રમીને ટેસ્ટ જીતવામાં આવી હોય એની રેકૉર્ડ-બુકમાં ઇંગ્લૅન્ડ મોખરે છે. બ્રિટિશરોએ ૧૯૩૫માં બ્રિજટાઉનમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ૨૭૬ બૉલ રમીને ટેસ્ટ જીતી હતી. આ જ વિક્રમોમાં ભારત (૨૦૨૪માં કેપ ટાઉનમાં સાઉથ આફ્રિકા સામે ૨૮૧ બૉલ રમીને મેળવેલા વિજય સાથે) બીજા સ્થાને છે.

સાઉથ આફ્રિકાએ ૨૦૦૫માં કેપ ટાઉનમાં ઝિમ્બાબ્વે સામે ૩૦૦ બૉલ રમીને ટેસ્ટ જીતી લીધી હતી અને હવે ચોથા સ્થાને ફરી ભારત છે જેણે ૩૧૨ બૉલ રમીને બાંગ્લાદેશ સામે વિજય મેળવ્યો છે.

બાંગ્લાદેશ સામે ભારત ૧૫ ટેસ્ટ રમ્યું છે જેમાંથી ૧૩ જીત્યું છે અને બે મૅચ ડ્રૉમાં ગઈ છે. ઘરઆંગણે ભારત લાગલગાટ ૧૮ ટેસ્ટ-સિરીઝ જીત્યું છે.

આ વિજયગાથા ૨૦૧૩માં ઑસ્ટ્રેલિયાના વ્હાઇટ-વૉશ સાથે શરૂ થઈ હતી. ભારતને ઘરઆંગણે કોઈ ટીમે હરાવ્યું હોય એવું છેલ્લે છેક ૨૦૧૨માં બન્યું હતું જેમાં ઇંગ્લૅન્ડ સામે ભારતનો પરાજય થયો હતો.

૨૦૨૧-'૨૨માં સાઉથ આફ્રિકા સામેની હાર પછી ભારત (હોમ ગ્રાઉન્ડ પર કે વિદેશમાં) ટેસ્ટ-શ્રેણી હાર્યું જ નથી. અઢી વર્ષના સમયગાળામાં સાત ટેસ્ટ-સિરીઝ રમાઈ જેમાંથી છ ભારત જીત્યું અને એક શ્રેણી ડ્રૉ નીવડી છે.

કોઈ ટીમે એક ટેસ્ટના બન્ને દાવ મળીને ૩૦૦-પ્લસ રન બનાવ્યા હોય એમાં ભારતનો ૭.૩૬નો રન-રેટ હાઇએસ્ટ છે. ભારતે સાઉથ આફ્રિકાનો ૬.૮૦ના રન-રેટનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. સાઉથ આફ્રિકાનો એ વિક્રમ ૨૦૦૫માં ઝિમ્બાબ્વે સામે હતો.

કોઈ ટેસ્ટ વરસાદના કે બીજા કોઈ કારણસર પાંચમા દિવસમાં ગઈ હોય અને એમાં સૌથી ઓછા બૉલ ફેંકાયા બાદ ટેસ્ટ પૂરી થઈ હોય એમાં કાનપુરની ટેસ્ટનો નંબર ત્રીજો છેઃ (૧) ૨૦૦૦માં સેન્ચુરિયનમાં સાઉથ આફ્રિકા-ઇંગ્લૅન્ડ ટેસ્ટમાં કુલ ૮૮૩ બૉલ ફેંકાયા હતા. (૨) ૨૦૨૨માં ઓવલમાં ઇંગ્લૅન્ડ-સાઉથ આફ્રિકા ટેસ્ટમાં ૯૦૯ બૉલ ફેંકાયા હતા. (૩) કાનપુરમાં મંગળવારે પૂરી થયેલી ભારત-બાંગ્લાદેશની ટેસ્ટમાં ૧,૦૪૦ બૉલ ફેંકાયા હતા.

યશસ્વી જયસ્વાલ ભારતનો એવો પ્રથમ બૅટર છે જેણે ટેસ્ટના બન્ને દાવમાં ૫૦થી પણ ઓછા બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી. તેણે સોમવારે પહેલા દાવમાં હાફ સેન્ચુરી ૩૧ બૉલમાં અને મંગળવારે બીજા દાવમાં ૪૩ બૉલમાં પૂરી કરી હતી.

ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં બાંગ્લાદેશ સામેની શ્રેણી પહેલાં ભારત મોખરે હતું અને હજી પણ છે, પરંતુ ફરક એ પડ્યો છે કે પ્રથમ નંબરના ભારત અને બીજા નંબરના ઑસ્ટ્રેલિયા વચ્ચેનો તફાવત વધી ગયો છે. ભારતના ૭૪.૨૭ પૉઇન્ટ સામે ઑસ્ટ્રેલિયાના ૬૨.૫૦ પૉઇન્ટ છે. અગાઉ બન્ને દેશ વચ્ચે માત્ર નવ પૉઇન્ટનો તફાવત હતો જે હવે વધીને ૧૨ પૉઇન્ટ થઈ ગયો છે. ■

# અશ્વિને ૧૧મો મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડ જીતીને વિશ્વવિક્રમની કરી બરાબરી, મુરલીથી ક્યાંય ચડિયાતો છે

કાનપુરઃ ભારતે મંગળવારે બાંગ્લાદેશ સામે જીતેલી બીજી ટેસ્ટમાં ઑફ-સ્પિનર અને ઑલરાઉન્ડર રવિચન્દ્રન અશ્વિને કુલ પાંચ વિકેટ લઈને મહત્ત્વનું યોગદાન તો આપ્યું જ હતું, આખી સિરીઝમાં તેના જેવો અસરદાર પર્ફોર્મન્સ બીજા કોઈનો નહોતો અને એને કારણે જ તેને મૅન ઑફ ધ સિરીઝના પુરસ્કારથી નવાજવામાં આવ્યો હતો. આ અવૉર્ડ તેના માટે સૌથી સ્પેશિયલ કહી શકાય, કારણકે તેણે ટેસ્ટજગતમાં સૌથી વધુ ૮૦૦ વિકેટ લેનાર શ્રીલંકાના ઑફ-સ્પિનર મુથૈયા મુરલીધરનના વિશ્વવિક્રમની બરાબરી કરી છે. એ તો ઠીક, પણ અશ્વિન ૧૧ના જાદુઈ આંકડા સુધી પહોંચવામાં મુરલીધરનથી ક્યાંય ચડિયાતો છે.

અશ્વિને બાંગ્લાદેશ સામેની શ્રેણીના ચાર દાવમાં કુલ ૧૧ વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહે પણ એટલી જ વિકેટ લીધી હતી, પરંતુ અશ્વિને જુદી જ કમાલ બતાવી. તેણે પહેલી ટેસ્ટમાં યાદગાર સેન્ચુરી પણ ફટકારી હતી જે બદલ તેને મૅન ઑફ ધ સિરીઝના પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો હતો.

અશ્વિને ૧૧મી વાર ટેસ્ટમાં મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર જીતી લીધો. તેણે ટેસ્ટના ઇતિહાસમાં સૌથી વધુ ૧૧ વાર આ અવૉર્ડ જીતનાર મુરલીધરનની બરાબરી કરી છે.

ખરી વાત એ છે કે મુરલીધરને આ અગિયાર અવૉર્ડ ૬૦ ટેસ્ટ-સિરીઝમાં મેળવ્યા હતા, જ્યારે અશ્વિન માત્ર ૩૯ ટેસ્ટ-સિરીઝમાં ૧૧ વાર મૅન ઑફ ધ સિરીઝ પુરસ્કાર વિજેતા બન્યો છે. ■




રવિચન્દ્રન અશ્વિને સિરીઝમાં ૧૧ વિકેટ લઈને મુરલીધરનના ૧૧ અવૉર્ડના વિશ્વવિક્રમની બરાબરી કરી છે.

### ટેસ્ટમાં કોના કેટલા મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડ?

| પ્લેયર | અવૉર્ડ |
|---|---|
| મુરલીધરન | ૧૧ |
| આર. અશ્વિન | ૧૧ |
| જૅક કૅલિસ | ૮ |
| શેન વૉર્ન | ૮ |
| ઇમરાન ખાન | ૮ |
| રિચર્ડ હેડલી | ૮ |

# રહાણે સદીની નજીક, સરફરાઝ પણ સેન્ચુરી ફટકારી શકેઃ મુકેશ કુમારની ત્રણ વિકેટ

## રેસ્ટ ઑફ ઇન્ડિયા સામે મુંબઈના ચાર વિકેટે ૨૩૭

લખનઊઃ રણજી ચૅમ્પિયન મુંબઈ અને રેસ્ટ ઑફ ઇન્ડિયા વચ્ચે મંગળવારે અહીં શરૂ થયેલી પાંચ દિવસની ઇરાની કપની મૅચમાં બૅટિંગ મળ્યા બાદ મુંબઈએ ચાર વિકેટે ૨૩૭ રન બનાવ્યા જેમાં કૅપ્ટન અજિંક્ય રહાણેના નૉટઆઉટ ૮૬ રનનો સમાવેશ હતો.

તેણે આ રન ૧૯૭ બૉલમાં એક સિક્સર અને છ ફોરની મદદથી બનાવ્યા હતા અને સરફરાઝ ખાન (૫૪ નૉટઆઉટ, ૮૮ બૉલ, છ ફોર) સાથે પાંચમી વિકેટ માટે ૯૮ રનની અતૂટ ભાગીદારી સાથે રમી રહ્યો હતો.

એ પહેલાં, રહાણેએ શ્રેયસ ઐયર (૫૭ રન, ૮૪ બૉલ, બે સિક્સર, છ ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૧૦૨ રનની પાર્ટનરશિપ કરી હતી.

મુંબઈની ઇનિંગ્સમાં હજી શાર્દુલ ઠાકુર, શમ્સ મુલાની, વગેરે ખેલાડીઓની બૅટિંગ બાકી હોવાથી આ ટીમ ૩૫૦-પ્લસના સ્કોર સુધી પહોંચશે તો નવાઈ નહીં લાગે.

રેસ્ટ ઑફ ઇન્ડિયા વતી પેસ બોલર મુકેશ કુમારે ત્રણ તથા યશ દયાલે એક વિકેટ લીધી હતી. પ્રસિદ્ધ ક્રિષ્ના, માનવ સુથાર અને સારાંશ જૈનને વિકેટ નહોતી મળી.

મુંબઈની ઇનિંગ્સની શરૂઆત સારી નહોતી. પૃથ્વી શૉ ચાર રન, આયુષ મ્હાત્રે ૧૯ રન અને વિકેટકીપર હાર્દિક તમોરે શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. ■

# મુંબઈને રણજી ટાઇટલ અપાવનાર તુષાર દેશપાંડેએ લંડનમાં પગની ઘૂંટીમાં કરાવી સર્જરી

મુંબઈઃ મુંબઈને આ વર્ષે રણજી ટ્રોફીનું ટાઇટલ અપાવવામાં મોટું યોગદાન આપનાર પેસ બોલર તુષાર દેશપાંડેએ લંડનમાં પગની ઘૂંટીમાં ઑપરેશન કરાવ્યું છે.



૨૯ વર્ષનો રાઇટ-આર્મ પેસ બોલર ભારત વતી બે ટી-૨૦ રમ્યો છે. તે ઘૂંટીની ઈજાને કારણે તાજેતરમાં દુલીપ ટ્રોફીમાં બીજા રાઉન્ડની મૅચ નહોતો રમ્યો.

તેણે મંગળવારે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ દ્વારા પોતાની સર્જરી વિશેની જાણકારી આપી હતી. આ ઑપરેશનને કારણે તેને મુંબઈની આગામી રણજી સીઝન માટેની ૩૦ ખેલાડીની સ્ક્વૉડમાં નથી સમાવવામાં આવ્યો.

તુષારે પોસ્ટમાં જણાવ્યું, 'સોમવારે મેં ઘૂંટીમાં સર્જરી કરાવી અને હવે મને પગમાં ઘણું સારું છે. ઘણા સમયથી ઘૂંટીમાં વારંવાર દુખાવો થતો હતો, જોકે હવે ઘણી રાહત થઈ છે. હું શુભેચ્છા બદલ મારા પરિવારજનો, મિત્રો અને ચાહકોનો આભાર માનું છું.'

આઇપીએલમાં ચેન્નઈ અને દિલ્હી વતી રમી ચૂકેલા તુષારે પોસ્ટમાં એવું પણ લખ્યું હતું કે 'આ ઑપરેશન પછી હું વધુ સારું પર્ફોર્મ કરી શકીશ.'

૨૦૨૩-'૨૪ની રણજી સીઝનમાં પાંચ મૅચમાં ૧૫ વિકેટ લીધી હતી અને મુંબઈને ૪૩મું રણજી ટાઇટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તુષારે ૩૬ ફર્સ્ટ-ક્લાસ મૅચોમાં કુલ ૯૭ વિકેટ લીધી છે. મુંબઈ ૧૧મી ઑક્ટોબરે નવી રણજી સીઝનની શરૂઆત બરોડા સામેની મૅચથી કરશે. આ મૅચ વડોદરામાં રમાશે. ■

# નિફ્ટી ૨૫,૮૦૦ની નીચે સરક્યો, સેન્સેક્સ ગબડ્યો, સ્મોલ કેપ શૅરોમાં ફરી ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એસએન્ડપી ૫૦૦, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીઅલ એવરેજ અને નેસ્ડેકમાં સુધારા ઉપરાંત જાપાનીઝ માર્કેટના રિબાઉન્ડ છતાં સ્થાનિક બજારમાં નિરસ માહોલ વચ્ચે સેન્સેક્સ સતત બીજા દિવસે ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૮૦૦ની નીચે સરક્યો હતો. સ્મોલ કેપ શેરોમાં ઘણા સત્ર બાદ ચમકારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ અગાઉની બંધ સપાટી સામે ૩૩.૪૯ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકાના ઘટાડા સાથે ૮૪,૨૬૬.૨૯ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૩.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકાના ઘટાડા સાથે ૨૫,૭૯૬.૯૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

બીએસઇના બેન્ચમાર્કમાંથી ઈન્ડસઈન્ડ બેંક, એશિયન પેઈન્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને ટાટા સ્ટીલ ૨.૬૪ ટકા સુધીની પીછેહઠ સાથે ટોપ લુઝર રહ્યાં હતાં. તેનાથી વિપરીત, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક અને ઇન્ફોસિસ એવા ૧૪ શેરોમાં સામેલ હતા જે મંગળવારે ૨.૯૩ ટકા સુધીના વધારા સાથે ગ્રીન ઝોનમાં પહોંચ્યા હતા. વ્યાપક શેરઆંકમાં નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ અનુક્રમે ૦.૭૯ ટકા અને ૦.૩૪ ટકા વધ્યા હતા. નિફ્ટી આઇટી અને મીડિયા સૂચકાંકોએ અન્ય ક્ષેત્રીય સૂચકાંકો કરતાં આઉટપર્ફોર્મ કર્યું હતું, દરેકમાં એક ટકાથી વધુના વધારા સાથે સેટલ થયા હતા. ઓટો, મેટલ, ફાર્મા, પીએસયુ બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પસંદગીના હેલ્થકેર શેરોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. નિફ્ટી-૫૦ના પચાસ શેરોમાંથી ઇન્ડસઇન્ડ બેન્ક, ઓએનજીસી, એશિયન પેઇન્ટ્સ, બજાજ ઓટો અને ટાટા સ્ટીલની આગેવાનીમાં ૨૯ શેર ૨.૬૬ ટકા સુધીના નુકસાન સાથે રેડ ઝોનમાં બંધ થયા હતા. જ્યારે તેનાથી વિપરીત, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસીસ અને અદાણી એન્ટરપ્રાઇઝે ૨.૯૦ ટકા સુધીનો વધારો નોંધાવ્યો હતો. મનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને રૂ. ૨૦૦ કરોડનો યુરોપીયન કોન્ટ્રેક્ટ મળ્યો છે.

આ કરારમાં આગામી ૧૨ મહિનામાં ૨૦,૦૦૦ મેટ્રિક ટન પ્રિપેઇન્ટેડ સ્ટીલ કોઇલ્સ, અલુઝિંક કોટેડ સ્ટીલ કોઇલ્સ અને ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ ઉત્પાદનોની સપ્લાઈનો સમાવેશ છે.

સેબી પાસે વિક્રમ સોલારે રૂ. ૧૫૦૦ કરોડના આઇપીઓ માટે આદિત્ય ઇન્ફોટેકે રૂ. ૧,૩૦૦ કરોડના આઇપીઓ માટે વરિન્દેરા કન્સ્ટ્રક્શને રૂ. ૧,૨૦૦ કરોડના જાહેર ભરણાં માટે સંભવ સ્ટીલે રૂ. ૫૫૦ આઇપીઓ માટે, રાહી ઇન્ફ્રાટેકે રૂ. ૪૨૦ કરોડ અને ગ્રેનાઇટ પ્રોડ્યુસર મિડવેસ્ટે રૂ. ૬૫૦ કરોડના જાહેર ભરણા માટે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. સેબી રોકાણકારોની સુરક્ષા અર્થે ટૂંક સમયમાં જ પગલાં જાહેર કરશે, ઉપરાંત બજાર નિયમાકે મ્યુનિસિપલ બોન્ડ માટે કરરાહત આપવા સરકારને અરજ કરી છે.

ઇરેડાની લોન મજૂરીનો આંકડો ૩૦૩ ટકા વધીને રૂ. ૧૭,૮૬૯ કરોડ સુધી પહોંચ્યો છે. નેશનલ રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા આયોજિત



ભારતના સૌથી મોટી રીયલ એસ્ટેટ ઇવેન્ટ હોમેથોનની ત્રીજી આવૃત્તિમાં ચારથી છઠી ઓક્ટોબર દરમિયાન ૧૦૦૦ ટોચના પ્રોજેકટ પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રસગે સસ્ટેનેબલ એન્ડ એન્વાર્યમેન્ટ ફ્રેન્ડલી ફ્યુચર હાઉસિંગ પહેલના ભાગરૂપે એક સમજૂતી કરાર કરાશે. પાછલી આવૃત્તિમાં ૫૫,૦૦૦ મુલાકાતી સહભાગી થયા હતા અને રૂ. ૧૦૫૦ કરોડના સોદા થયા હતા. એકંદરે આ ક્ષેત્રે વેચાણ નવા પ્રોજેક્ટથી વધુ રહ્યાં છે. ચાઈનીઝ સેન્ટ્રલ બેંકની તાજેતરની સ્ટિમ્યુલસ નીતિઓને કારણે, વિદેશી ફંડ્સ ભારત જેવા મોંઘા બજારોમાંથી સસ્તા ચાઈનીઝ શેરબજાર તર ફંટાઇ રહ્યા છે. તાજેતરના રાજકીય ફેરફારોને કારણે બેન્ક ઓફ જાપાન દ્વારા વ્યાજ દરોમાં સંભવિત વધારા સાથે, નજીકના ગાળામાં સ્થાનિક બજારને અસર કરી શકે છે. મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટ્સ અને ઉત્પાદન પ્રવૃત્તિઓના આઉટપુટના તાજેતરના ડેટા થોડી નબળાઇ દર્શાવે છે.

દરમિયાન, કંપનીઓ આ અઠવાડિયે તેમના પ્રી-ક્વાર્ટરલી અપડેટ્સ બહાર પાડશે. દરમિયાન આજે બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે શેરબજાર બંધ રહેશે. ઓપેકની ઉત્પાદન વધારવાની યોજનાને કારણે ક્રૂડ ઓઇલની કિંમતો ઘટી રહી છે. સ્થાનિક રીતે, બજાર આગામી આરબીઆઇની પોલિસી મીટિંગ અને બીજા ક્વાર્ટરના કંપની પરિણામોની બજારના માર્ગ પર વધુ આંતરદૃષ્ટિની રાહ જુએ છે.

કેપિટલ માર્કેટ્સ રેગ્યુલેટર સેબી દ્વારા રોકાણકારોના રક્ષણને વધારવાના પ્રયાસરૂપે, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફએન્ડઓ) સેગમેન્ટ અંગે ખૂબ જ ટૂંક સમયમાં પગલાં લેવાની અપેક્ષા છે, એમ તેના વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. વધુમાં, સેબીએ સરકારને મ્યુનિસિપલ બોન્ડના સબ્સ્ક્રાઇબર્સ માટે ટેક્સ બ્રેક્સ દાખલ કરવા વિનંતી કરી છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ફંડિંગ માટે મહત્વપૂર્ણ છે.રેગ્યુલેટર ફાઇનાન્સ કમિશન સાથેની મીટિંગ દરમિયાન મ્યુનિસિપલ બોન્ડ માટે ટેક્સ બ્રેક માટે કેસ કરશે, એમ રેગ્યુલેટરના સંપૂર્ણ સમયના સભ્ય અશ્વની ભાટિયાએ અહીં જણાવ્યું હતું.૧૯૯૭થી, નગરપાલિકાઓએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે બોન્ડ દ્વારા રૂ. ૨,૭૦૦ કરોડ એકત્ર કર્યા છે. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં એફઆઈઆઈએ રૂ. ૯૭૯૨ કરોડના શેર ભારતીય બજારમાં ઠાલવ્યાં છે. વિદેશી ફંડોએ પાછલા સપ્તાહ દરમિયાન કેશ સેગમેન્ટમાં રૂ. ૩,૯૩૩ કરોડના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં રૂ. ૨૨,૪૦૪ કરોડના ખરીદદારો રહ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ પાછલા સપ્તાહે રૂ. ૧૫,૯૬૨ કરોડની જંગી ખરીદી નોંધાવી હતી.

બજારના વિશ્લેષકો પાછલા છ મહિનાથી વધુ પડતા ઊંચા વેલ્યુએશન અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આ કારણે નવા રોકાણકારો બજારમાં નાણાં રોકતા પહેલા સાવધાન થઈ રહ્યા છે. તેમજ ઘણા સેગમેન્ટમાં પ્રોફિટ બુકિંગ જોવા મળી રહ્યું છે. એક ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, વેલ્યુએશન ઘણું ઊંચુ છે, પરંતુ હજુ પણ ભારત જેવી ગ્રોથની સંભાવના ધરાવતા બજારો બહુ ઓછા છે. આપણી રાજકોષીય ખાધ અને ફુગાવો અંકુશમાં છે. રૂપિયો પણ સ્થિર છે. એફઆઈઆઈ પાસેથી ટૂંક સમયમાં ઘણા પૈસા આવવાનું શરૂ થઈ શકે છે, જેના કારણે બજારનું રિરેટિંગ થઈ શકે છે. સૌથી મોટી ચિંતાની બાબતમાં મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે. હિઝબુલ્લાાના ચીફ હસન નસરાલ્લાહની હત્યાના કારણે મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમા પર છે. ઈઝરાયેલના હુમલામાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના એક વરિષ્ઠ કમાન્ડરનું પણ મોત થયું હતું. આવી સ્થિતિમાં ઈરાન આ મામલે કેવી પ્રતિક્રિયા આપે છે, તેના પર સૌની નજર છે. આ દરમિયાન રશિયાના વડાપ્રધાન ઈરાન જવાના અહેવાલો છે. જો અમેરિકા અને રશિયા જેવી મોટી શક્તિઓ મિડલ ઈસ્ટની લડાઈમાં ઝંપલાવશે તો તે ગ્લોબલ સ્તરે ભારે હલચલ મચાવી શકે છે.

## ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

### વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા વધીને ૧૦૦.૭૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી વેચવાલી ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને ગત સપ્ટેમ્બર મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટ્યો હોવાથી આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૩.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો વધુ ગબડતો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૭૯ના બંધ સામે ૮૩.૮૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૮૩.૮૦ અને ઉપરમાં ૮૩.૮૦ની સાંકડી રેન્જમાં અથડાઈને અંતે ત્રણ પૈસા ઘટીને ૮૩.૮૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈ, નબળા આર્થિક ડેટા અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાનો રૂપિયાને આંશિક ટેકો મળ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા વધીને ૧૦૦.૭૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૩.૪૯ પૉઈન્ટનો અને ૧૩.૯૫ પૉઈન્ટનો જોવા મળેલો ઘટાડો તથા ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૭૯૧.૯૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી તેમ જ આજે સપ્ટેમ્બર મહિનાના દેશનો ઔદ્યોગિક ઉત્પાદનનો આંક આગલા ઑક્ટોબર મહિનાના ૫૭.૫ સામે ઘટીને ૫૬.૫ની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭૦ ટકા ઘટીને બેરલદીઠ ૭૦.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

### ભવિષ્યમાં વ્યાજદરમાં ધીમી ગતિએ ઘટાડાના સંકેતે વૈશ્વિક સોનું ઊંચી સપાટીએથી પાછું ફર્યું

## સ્થાનિક સોનામાં ₹ ૩૧૮નો અને ચાંદીમાં ₹ ૪૮૨નો સુધારો

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં આક્રમક ધોરણે કાપ મૂકવામાં આવે આશાવાદ પર ગઈકાલે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે પાણી ફેરવી નાખતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં વિક્રમ સપાટીએથી પાછા ફર્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ઘટ્યા મથાળેથી સલામતી માટેની માગમાં વધારો તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઘટી આવતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૭થી ૩૧૮નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮૨નો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૨ના સુધારા સાથે રૂ. ૮૯,૮૮૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક બજારમાં ઘટ્યા મથાળેથી સુધારો આવતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૭ વધીને રૂ. ૭૫,૨૧૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૮ વધીને રૂ. ૭૫,૫૧૫ના મથાળે




રહ્યા હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી પણ સોનામાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી માત્ર ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

તાજેતરમાં અમેરિકા ખાતે જાહેર થયેલા આર્થિક વૃદ્ધિ અને ફુગાવાના ડેટાઓ પ્રોત્સાહક આવ્યા હોવા છતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં મોટી માત્રામાં કાપ મૂકવાની ઉતાવળ નહીં કરે અને માત્ર ૨૫ બેસિસ પૉઈન્ટના ઘટાડાથી આગળ વધશે, એમ ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે જણાવ્યું હોવાથી વ્યાજદરમાં મોટી માત્રામાં કપાતની બજાર વર્તુળોની આશા પર પાણી ફરી વળ્યું હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૬૮૫.૪૨ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે મુખ્યત્વે મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવ તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો આવ્યો હોવાથી સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૬૪૯.૫૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૬૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી દિવસોમાં ફેડરલનાં ઘણાં વક્તાઓનાં નિવેદનો જોવા મળશે, પરંતુ અંતે તો નીતિ ઘડવૈયાઓનો વ્યાજદરમાં કપાત અંગેનો નિર્ણય મુખ્યત્વે ડેટા પર અવલંબિત જ રહે તેમ હોવાથી બજારમાં ચંચળતાનું વલણ જોવા મળશે, એમ આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે જો ભવિષ્યમાં રોજગાર ક્ષેત્રના ડેટા અપેક્ષા કરતાં નબળા આવશે તો વ્યાજદરમાં મોટી માત્રામાં કપાતની શક્યતાઓ પ્રબળ બનશે અને સોનાના ભાવમાં સુધારાને ટેકો મળતો રહેશે. વધુમાં મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિમાં વધારો થવાથી પણ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૩ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

## ધાતુમાં સ્ટોકિસ્ટો અને વપરાશકારોની માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧ અને રૂ. ૩૯નો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો. જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની કોપરની વેરાઈટીઓ, બ્રાસ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૯ વધીને રૂ. ૧૪૮૭ અને રૂ. ૨૧ વધીને રૂ. ૨૮૮૧ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૯૮ અને રૂ. ૨૪૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૮૭૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૩૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૨૫ અને રૂ. ૮૦૦ અને કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૧૭, રૂ. ૫૭૫ અને રૂ. ૨૮૬ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૫૨ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

## એફસીઆઈ ૫૬૧ ડેપોમાં અદ્યતન વીડિયો સર્વેલન્સ સિસ્ટમ બેસાડશે

નવી દિલ્હીઃ જાહેર ક્ષેત્રની ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા સર્વેલન્સ યંત્રણા અપગ્રેડ કરતાં અદ્યતન બનાવતા તેનાં ૫૬૧ સ્ટોરેજ ડેપોમાં ૨૩,૭૫૦ કેમેરા સહિતની આઈપી-આધારિત અદ્યતન વીડિયો સર્વેલન્સ યંત્રણા બેસાડશે. આ નવી આઈપી આધારિત યંત્રણાના અમલથી ઉચ્ચ રિઝોલ્યુશન ઈમેજિંગ અને રિમોટ એક્સેસ દ્વારા મોનેટરિંગ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થશે, એમ અનાજ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું. નવી સર્વેલન્સ યંત્રણામાં સ્થાપિત કરવામાં આવનારા સીસીટીવી કેમેરા ઓનબોર્ડ એનાલિટીક્સ ફીચર્સ જેમ કે કેમેરા ટેમ્પરિંગ, કેમેરા ફિલ્ડ ઓફ વ્યુ ચેન્જ, કેમેરા બ્લર-આઉટ ઓફ ફોકસ, મોશન ડિટેક્શન અને ટ્રિપ વાયર વગેરેને બાબતોમાં સહાયક રહેશે.

વધુમાં આ નવી સર્વેલન્સ યંત્રણા સેન્ટ્રલાઈઝ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર ધરાવતી હશે અને તેનું નેટવર્ક ઓપરેટિંગ સેન્ટર એફસીઆઈના વડા મથક પર હશે.

## સપ્ટેમ્બર મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટીને આઠ મહિનાના તળિયે

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં ફેક્ટરી ઉત્પાદનમાં થયેલા ઘટાડાની સાથે નવાં નિકાસ ઓર્ડરમાં પણ ઘટાડો થતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદનનો આંક ઘટીને આઠ મહિનાના તળિયે પહોંચ્યો હોવાનું એક માસિક સર્વેક્ષણમાં જણાવ્યું છે.

આજે જાહેર થયેલો ગત સપ્ટેમ્બર મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ આગલા ઑગસ્ટ મહિનાના ૫૭.૫ પૉઈન્ટ સામે ઘટીને જાન્યુઆરી પછીની સૌથી નીચી ૫૬.૫ની સપાટીએ રહ્યો હોવાનું સર્વેક્ષણમાં જણાવતા ઉમેર્યું હતું કે ઉનાળાના મહિનાઓમાં જોવા મળેલી મજબૂત વૃદ્ધિ બાદ ઉત્પાદન ક્ષેત્રે વૃદ્ધિ મંદ પડી છે. નોંધનીય બાબત એ છે કે ૫૦ની ઉપરનો આંક વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે. એચએસબીસીનાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે ગત સપ્ટેમ્બર મહિનામાં ઉત્પાદન, નવાં ઓર્ડરોની મંદ પડેલી વૃદ્ધિ અને નવાં નિકાસ ઓર્ડરોની વૃદ્ધિ પણ માર્ચ, ૨૦૨૩ પછીની નીચી સપાટીએ રહેતાં પીએમઆઈ આંકમાં ઘટાડો જોવા મળ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સતત ત્રણ મહિના સુધી ઉત્પાદન અને નિકાસ ઓર્ડરમાં વધારો થયા બાદ ગત સપ્ટેમ્બર મહિનાના પીએમઆઈ ડેટા દેશભરમાં ઉત્પાદન પ્રવૃત્તિ મંદ પડી હોવાના સંકેત આપે છે. વધુમાં ભાવના મુદ્દે અહેવાલમાં જણાવ્યું હતું કે ગત સપ્ટેમ્બર મહિનામાં ઈનપૂટ્સ ખર્ચમાં અને વેચાણ ખર્ચમાં સાધારણ વધારો થતાં ખરીદ ભાવમાં વધારો થયો છે.

### દેશી-આયાતીતેલમાં સાંકડી વધઘટ

## સપ્ટેમ્બરમાં તેલની આયાત ઘટવાનો બજાર વર્તુળોનો આશાવાદ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના ઑક્ટોબર અને નવેમ્બર વાયદામાં અનુક્રમે ૧૧૩ અને ૯૫ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર વાયદામાં અનુક્રમે ૩૬ રિંગિટ, ૧૯ રિંગિટ અને ૧૪ રિંગિટ વધી આવ્યાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા.

તાજેતરમાં સરકારે આયાતી તેલની ટેરિફ વૅલ્યૂમાં વધારો કર્યો છે, જેમાં ક્રૂડ પામતેલની ટેરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૯૬૫ ડૉલર હતી તે વધારીને ૯૮૩ ડૉલર, આરબીડી પામોલિનની ટેરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૯૮૪ ડૉલર હતી તે વધારીને ૧૦૦૨ ડૉલર અને ક્રૂડ સોયા ડિગમની ટેરિફ વૅલ્યૂ જે ૧૦૧૧ ડૉલર હતી તે વધારીને ૧૦૧૪ ડૉલર નિર્ધારિત કરી હોવાના અહેવાલ હતા.

વધુમાં ગત સપ્ટેમ્બર મહિનામાં કુલ વનસ્પતિ તેલની આયાત આગલા ઑગસ્ટ મહિનાના ૧૫.૩૬ લાખ ટન સામે ઘટીને ૧૦.૫૭ લાખ ટન રહેવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે, જેમાં પામતેલની આયાત ઘટીને ૫.૨૭ લાખ ટન (૭.૯૭ લાખ ટન) અને સોયા ડિગમની આયાત વધીને ૩.૮૪ લાખ ટન (૨.૮૪ લાખ ટન)ની ધારણા મૂકાઈ રહી છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ અનુક્રમે રૂ. ૧૨૬૦ અને રૂ. ૧૨૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડ અને સનરિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સિંગતેલના રૂ. ૧૫૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર આજે સોયાબીનના જૂના માલોની ૫૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૦૦થી ૪૬૭૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૫૦થી ૪૭૭૫માં થયા હતા.

જ્યારે નવાં માલોની અંદાજે ૬૦,૦૦૦ ગૂણીની આવક સામે માલના ભેજ અનુસાર વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૬૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજની નીતિમાં સુધારોઃ નવીન સાત મેડિકલ કોલેજ શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬માં રાજ્યની જિલ્લા સ્તરની સરકારી હૉસ્પિટલોને અપગ્રેડ કરીને જે તે જિલ્લામાં હૉસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજ ખોલવા અંગેની બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજની નીતિ બનાવવામા આવી હતી.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ બનાસકાંઠા-પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારા એમ પાંચ જિલ્લા ખાતે બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ કાર્યરત છે. બ્રાઉન ફીલ્ડ નીતિમાં સુધારો થવાથી રાજ્યમાં બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફીલ્ડ મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આ મેડિકલ કોલેજો શરૂ થવાથી રાજ્યની પ્રજાને જિલ્લા સ્તરે વધુ આરોગ્યપ્રદ સેવાઓ તજજ્ઞ ડોકટરો દ્વારા મળી શકશે. હાલમાં કાર્યરત બ્રાઉન ફીલ્ડ નીતિમાં પ્રજાલક્ષી મહત્વના સુધારા કરવાનું રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં સગર્ભા મહિલાઓને પ્રસુતિ પછી ૨૦ દિવસ સુધી તથા એક વર્ષ સુધીના બાળકો માટે સંપૂર્ણ ફ્રી સારવાર આપવાની રહેશે જે માટે જરૂરિયાત મુજબનું એન.આઈ.સી.યુ. બનાવવાનું રહેશે. રાજ્ય સરકાર તથા ભારત સરકારની તમામ યોજનાઓનો અમલ કરવાનો રહેશે, પરંતુ તે માટે યોજનાકીય ફંડ ફાળવવામાં આવશે નહિ. ■

# નવરાત્રી દરમિયાન ખેલૈયાઓની સેવામાં મેડિકલ ટીમ સાથેની એમ્બ્યુલન્સ તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતના સુપ્રસિદ્ધ નવરાત્રી પર્વ દરમિયાન માઈભક્તો-ખેલૈયાઓની આરોગ્ય સલામતી સુનિશ્ચિત કરવા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સુદ્રઢ આયોજન કરાયું છે.

આ અંગે વિગતો આપતા પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, નવરાત્રી મહોત્સવ દરમિયાન રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શ્રદ્ધાળુઓ દ્વારા ઠેર-ઠેર માતાજીના ગરબા યોજવામાં આવે છે, જ્યારે કેટલીક જગ્યાએ મોટી સંખ્યામાં માઈભક્તો રાસ-ગરબે ઝૂમીને માતાજીની આરાધના કરી શકે તે માટે ભવ્ય આયોજન કરવામાં આવે છે. રાજ્યમાં આવી મોટી નવરાત્રીનું આયોજન થયું હોય તેવા સ્થળો ખાતે રાજ્ય સરકાર વિવિધ આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગરબાના સમય દરમિયાન આયોજનના સ્થળે નાગરિકોના આરોગ્યને લગતા કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં તેમને ત્વરીત સારવાર પૂરી પાડવાના શુભ આશયથી મેડીકલ ટીમ સાથેની એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવશે.

આ એમ્બ્યુલન્સ કટોકટીના સમયે સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપીને દર્દીને બનતી ત્વારાએ હોસ્પિટલ સુધી પહોંચાડીને નાગરિકોની આરોગ્ય સલામતી સુનિશ્ચિત કરશે.

આ ઉપરાંત રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે પણ ત્વરિત સારવાર માટે રાઉન્ડ ધ કલોક તબીબો સહિતનો મેડિકલ સ્ટાફ જરૂરી સુવિધાઓ સાથે ખડે પગે રહેશે. ■

# નખત્રાણામાં ઠગ તાંત્રિકે નિઃસંતાન દંપતીના બે લાખ રોકડા અને ઘરેણાં હજમ કર્યાં!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના નખત્રાણા તાલુકાના ઐતિહાસિક લાખિયાવીરા ગામ ખાતે એક અજાણ્યા સાધુએ તેના બે સાગરીતો સાથે મળીને ધાર્મિક વિધિ કરવાના બહાને ૭૪ હજાર ૭૦૦ની કિંમતના ઘરેણાં અને પાછળથી ઉછીના બે લાખ રૂપિયા મેળવીને એક નિઃસંતાન યુગલ સાથે છેતરપિંડી આચરતાં ભારે ચકચાર પ્રસરી છે.

નખત્રાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવનારા ૫૩ વર્ષીય વિમળાબેન લધારામ સથવારાએ જણાવ્યું હતું કે, ગત ૧૫મી સપ્ટેમ્બરના રોજ તેમના ઘેર એક અજાણ્યો સાધુ આવ્યો હતો અને ઘરમાં હાજર પતિ અને તેમને સંબંધીની હાજરીમાં સાધુએ આવીને કિતને બચ્ચેં હૈ?' તેવું પૂછતાં દંપતીએ પોતે નિઃસંતાન હોવાનું જણાવ્યું હતું. સાધુએ તમારી પરિસ્થિતિ નબળી છે, રોજ ખેતરમાં બે અગરબત્તી કરજો અને બીજના દિવસે નાળિયેર ફોડીને અગરબત્તી કરજો તેમ કહીને વિમળાબેનને પોતાની ધર્મની બહેન બનાવીને સામેથી વીસ રૂપિયાની ચલણી નોટ આપીને કહ્યું કે આજથી તારા ઘરની પરિસ્થિતિ સારી થઈ જશે અને તને બાળક થશે સાધુએ રૂપિયા-ટકાની જરૂર હોય તો મદદ કરવાની પણ તૈયારી દર્શાવતાં અંજાઈ ગયેલાં દંપતીએ શાલ ઓઢાડી સાધુવેશમાં રહેલા શૈતાનનું સન્માન પણ કર્યું હતું.

ત્યારબાદ ૨૦મી સપ્ટેમ્બરે સાધુએ ફરિયાદી મહિલાના પતિ લધારામને ફોન કરીને ઘરમાં હોય તેટલાં તમામ દર-દાગીના એક કાળાં કપડાંનું પોટલું બનાવીને તેમાં રાખવા તથા સાથે લીંબુ, લીલાં મરચાં, સોપારી વગેરે મૂકીને ઘરના માતાજીના મંદિરમાં મૂકીને રોજ પૂજા કરવા કહેતાં દંપતીએ તમામ દાગીના કાળાં પોટલાંમાં રાખીને મંદિરમાં મૂકી દીધાં હતાં.

બીજા દિવસે સાધુએ આ પોટલાંની વિધિ કરવાની છે તેમ કહીને દંપતીને પોટલાં સાથે કોટડા જડોદર ત્રણ રસ્તે બોલાવ્યું હતું. દંપતીને રાત્રે નવેક વાગ્યાના અરસામાં સાધુ ત્યાંથી એકાદ કિલોમીટર બાવળની ઝાડીમાં લઈ ગયો હતો અને કહેવાતી વિધિ કરી હતી. તે સમયે સાધુના અન્ય બે સાગરીતો પણ સ્થળ પર પહેલાંથી હાજર હતાં. વિધિ કર્યાં બાદ સાધુએ એક લોખંડની પેટીમાં કાળું પોટલું મૂકીને તે પેટી દંપતીને પરત આપી પોતે કહે ત્યારે જ ખોલવા જણાવ્યું અને પેટી લઈને ઘરે પરત આવી માતાજીના મંદિરમાં મૂકીને દંપતી પૂજા કરવાનું ચાલુ રાખ્યું હતું!

ત્યારબાદ પામી ગયેલા સાધુએ એક દરબારનો છોકરો બીમાર છે તેને બે લાખ રૂપિયાની જરૂર છે તેમ કહીને ગમે તે રીતે નાણાંની વ્યવસ્થા કરવા ફરિયાદીના પતિને વાત કરતાં પતિએ તેમના મિત્ર અને સંબંધી પાસેથી ઉછીના બે લાખ રૂપિયા લઈને સાધુના કહ્યા મુજબ ૨૬ સપ્ટેમ્બરના રોજ સંતકૃપા ત્રણ રસ્તા પર આપ્યાં હતા. ત્યારબાદ પણ સાધુ સતત નાણાંની માગણી કરતાં ફોન કરતો હોઈ દંપતીને શંકા જતાં તેમણે લોખંડની પેટી ખોલીને જોતાં તેમાં રહેલાં તમામ દાગીના ગાયબ થઈ ગયાં હોવાનું માલૂમ પડ્યું હતું.

હાલ આ ચોંકાવનારા બનાવ અંગે નખત્રાણા પોલીસે ધુતારા સાધુ સામે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. ■

# રાપરની રણકાંધીએથી માનવ કંકાલના અવશેષ મળ્યા



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના ફૂલપરા ગામ આસપાસની વેરાન રણકાંધીએથી એક માનવ કંકાલ મળી આવતાં ચકચાર પ્રસરી જવા પામી છે.

કોઈ હોરર ફિલ્મની માફક તપતી ગરમી વચ્ચે રણકાંધીએ જમીન પર માનવ ખોપરી સહિત અન્ય અવશેષો પડેલા જોઈને ચોંકી ઉઠેલા સ્થાનિકોએ ચોકીમાં જાણ કરતાં બનાવ સ્થળે પહોંચેલી પોલીસે ખોપરી તેમજ હાડકાંના ટુકડાઓને એકઠાં કરી ડીએનએ અને ફોરેન્સિક તપાસ માટે જામનગર મેડિકલ કોલેજ ખાતે મોકલી આપ્યા છે. આ કંકાલ પુરુષનું છે કે સ્ત્રીનું? અજ્ઞાત વ્યક્તિનું મૃત્યુ કુદરતી રીતે થયું હશે કે અકુદરતી રીતે? મરણ જનાર વ્યક્તિ કોણ હશે? સહિતના વિવિધ પ્રશ્નોનો ઉકેલ હવે તબીબી પરીક્ષણ અને પોલીસ તપાસ પર નિર્ભર રહ્યો છે. ■

# બનાસકાંઠાના ચાર તાલુકાની ₹ ૧,૦૫૬ કરોડની નર્મદા પાઈપલાઈન યોજનાને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાનાં દિયોદર, થરાદ, ડિસા અને લાખણી એમ કુલ ૦૪ તાલુકાઓના નર્મદાના પાણીથી વંચિત વિસ્તારોને પૂરક સિંચાઇ માટે પાણી મળી રહે તે હેતુસર મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેડૂતો અને નાગરિકોના હિતમાં પાઇપલાઇન યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આ ચાર તાલુકાઓ માટે રૂ.૧,૦૫૬ કરોડની નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઇપલાઇન યોજનાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૫૩.૭૦ કિ.મી. લંબાઇની મુખ્ય પાઇપલાઇન તથા ૪૧૨.૬૫ કિ.મી. લંબાઇના શાખા-પ્રશાખા પાઇપલાઇનના નેટવર્કથી ઉપરોક્ત ચાર તાલુકાઓના કુલ ૧૨૪ ગામોનાં ૧૮૯ તળાવો ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજનાથી બનાસકાંઠા વિસ્તારનાં ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તારને પુરક સિંચાઇનો લાભ મળશે એવું રાજ્યના જળ સંપતિ અને પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઇપલાઇનોનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી ૧૩ પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ યોજના દ્વારા ઉત્તર ગુજરાતના પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં પૂરક સિંચાઇ અને ભુગર્ભ જળ રિચાર્જ માટે તળાવો-સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ-ઉત્તર ગુજરાતના જળાશયો નર્મદાના પાણીથી ભરવામાં આવી રહ્યા છે. આ વિસ્તારના ધારાસભ્યો, ખેડૂતો અને સ્થાનિક આગેવાનોની રજૂઆતોને ધ્યાને લઈને મુખ્ય પ્રધાન દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. ■

# ભૂજ અને કંડલામાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે 'ચૈત્રી' ગરમી બરકરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ની અસર હેઠળ વધી ગયેલી ગરમીએ કુદરતે ઋતુચક્રની કરેલી ગોઠવણીને માઠી અસરો પહોંચાડી છે ત્યારે આ વર્ષે ભાદરવો પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યો છે, નવરાત્રી પર્વનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે તેવામાં આ રણપ્રદેશમાં ચૈત્ર મહિનામાં પડે તેવી અકળાવનારી ગરમીના કારણે ભુજ સહિત રણપ્રદેશ કચ્છના કંડલા સહિતના મથકોએ રાજ્યના સૌથી ગરમ ઉષ્ણમથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

રાજ્યમાં પ્રથમ નંબરે તપેલા ભુજમાં સર્વાધિક ૩૭ ડિગ્રી અને પરોઢિયે ૨૪ ડિગ્રી સે.તાપમાનના કારણે આ બંને વચ્ચે ૧૬ ડિગ્રી સે. જેટલો મોટો તફાવત રહેતાં હવામાનમાં લોકલ ડિસ્ટર્બન્સ એટલે કે સ્થાનિક મૌસમી ગડબડી સર્જાઈ રહી છે જેની અસર હેઠળ બંદરીય મુંદરા તાલુકાના ગ્રામીણ વિસ્તારના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ગરમી-ઉકળાટ પછી ગાજવીજ સાથે ધોધમાર વરસાદી ઝડી વરસવાની શરૂઆત થઈ હતી. ક્યાંક આ વરસાદનું જોર થોડું વધુ જોવા મળ્યું હતું. તાલુકાના પત્રી, વાઘુરા, કણઝરા, બગડા, વાંકી, ટોડા, લાખાપર સહિતના ગામોમાં વરસાદી ઝાપટું વરસતાં ક્યાંક જોશભેર પાણી પણ વહ્યાં હતાં. કણઝરા, લાખાપર, ટોડા સહિતના ગામોમાં પડેલાં ઝાપટાંથી છેલા જોશભેર વહી નીકળ્યાં હતા. ભુજ ઉપરાંત તાલુકાના કુકમા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં મેઘગર્જના સાથે વીજળીના ચમકારા જોવા મળ્યા હતા. જો કે, મુંદરા તાલુકાને બાદ કરતાં જિલ્લામાં અન્ય ક્યાંયથી વરસાદના અહેવાલ મળ્યા નથી. ઝમકદાર વરસાદી ઝાપટું વરસી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

નવરાત્રીની ખરીદી માટે ગામઠી બજારોમાં નીકળેલા લોકો અચાનક વરસેલા વરસાદી ઝાપટાંથી આશ્ચર્યમાં મુકાયા હતા.બીજા નંબરે રાજ્યમાં સર્વાધિક ગરમ મથક બનેલા કંડલા ખાતે ૩૬ જયારે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૩૪ મહત્તમ જયારે લઘુતમ ૨૧ ડિગ્રી સે.તાપમાન નોંધાતા હજુ પણ વિષમ ઋતુનો અનુભવ થઇ રહ્યો છે.

શરદઋતુના તહેવારોના દિવસો ચાલી રહ્યા છે ત્યારે મિશ્ર વાતાવરણથી ત્રસ્ત લોકો ખરીદી માટે ઓનલાઇન શોપિંગ પોર્ટલ્સ અથવા શોપિંગ મોલ્સમાં ખરીદી માટે જવાનું પસંદ કરી રહ્યા છે જેથી કરી શહેરોની પરંપરાગત બજારોમાં ખરીદીના ઉત્સાહમાં થોડી ઉણપ જોવા મળી રહી છે. સામાન્ય રીતે શારદીય નવરાત્રીના તહેવાર આસપાસ ગુલાબી ઠંડક અને ઝાકળ વર્ષાનું આગમન થઇ જતું હોય છે પરંતુ આ વર્ષે જોઈએ તેટલી ઝાકળવર્ષાએ થવા પામી નથી જેની અસર ગુલાબ સહિતના ઋતુજન્ય ફૂલોના ઉત્પાદન પર થતી જોવા મળી રહી છે. ■

# બસમાં મુસાફરોને બિસ્કિટ ખવડાવી બેભાન કરી લૂંટ કરતો શખ્સ રાજકોટમાં ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બસમાં મુસાફરી કરતા મુસાફરોને બિસ્કિટ ખવડાવી બેભાન બનાવી સોનાના દાગીના લૂંટી લેતા ડાકોરના વેપારીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો હતો, આ સાથે જ પોલીસે રાજકોટ, ઉપલેટા, ભુજ અને સુરતમાં થયેલી ૯ જેટલી ચોરીનો ગુનો ઉકેલવામાં સફળતા મળી હતી.

આ શખ્સ અંગે ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, બસમાં મુસાફરોને બેભાન કરીને ચોરી કરતો ઈસમ સુરત જતી ટ્રાવેલ્સમાં બેઠો છે, જે બસ ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી પસાર થવાની છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે બસમાંથી મહેન્દ્રસિંહ ચુડાસમા (ઉ.વ.૪૫)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મહેન્દ્રસિંહ મૂળ બરવાળાનો કોલારપુરનો વતની હોવાનું અને હાલમાં ડાકોરના બંસી એપાર્ટમેન્ટમાં રહેતો હોવાનું તેમજ અહીં જ કપડાની દુકાન ધરાવતો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે જ પોલીસે ૯ જેટલા ચોરીના ગુના ઉકેલી નાંખ્યા હતા. આવા બનાવોમાં તેની સામે સુરતમાં પણ બે ફરિયાદ અને એક ભૂજમાં ફરિયાદ થઈ છે.

મહેન્દ્રસિંહ ચોરી કરવા માટે પ્રથમ ખાનગી ટ્રાવેલ્સ જ્યાંથી ઉપડતી હોય તેવા બસ સ્ટેન્ડમાં શિકારની શોધ કરતો અને પરિચય કેળવી ઊંઘની ગોળી ઓગાળી તે બિસ્કિટમાં ભેળવી દેતો. આ ઘેનવાળુ બિસ્કિટ મુસાફરને ખવડાવી દેતો હતો. આ બિસ્કિટ ખાધા બાદ મુસાફર બે દિવસ સુધી



(તસવીરઃ પ્રવિણ સેદાણી)

ભાનમાં આવતો નહીં અને તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડવો પડે તેવી સ્થિતિ પણ ઊભી થતી હતી.

બેભાન બનાવી મુસાફરે પહેરેલા સોનાના-દાગીના અને રોકડ રકમ મહેન્દ્રસિંહ ચોરી લેતો હતો. આ મોડેસ ઓપરેન્ડી ૧૯૯૭ની સાલમાં તેના મિત્ર નયન પ્રવીણચંદ કનૈયા પાસેથી આ ટેક્નિક શીખી હતી. જેમાં અગાઉ પણ તે વડોદરા રેલવે પોલીસના હાથે પકડાઈ ચૂક્યો છે. ■

# સિહોરના આંબલા ગામે તળાવમાં ડૂબી જતા બે બાળકોના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર:જિલ્લાના સિહોર તાલુકાના આંબલા ગામે તળાવમાં નાહવા પડેલ બે એક બાળક એક બાળકીનું અકસ્માતે ડૂબી જતા મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આંબલા ગામે રહેતા રોહિત મૂકેશભાઈ વાઘેલા (ઉં.વ. ૫) તથા દિવ્યા દિનેશભાઈ વાઘેલા (ઉં. વ. ૬) ના ગામના તળાવમાં નાહવા પડતા ડૂબી જતા બંનેના મોત થયા હોવાનું જાણવા મળે છે. બે બાળકોના મોતથી ગામમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ■

# દુષ્કર્મના ગુનામાં સાતેક માસથી ફરાર થઇ ગયેલા ભુજના આરટીઆઈ એક્ટિવિસ્ટ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:એક મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજારી તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપનારા વ્યવસાયે વકીલ અને આરટીઆઇ એક્ટિવિસ્ટ એવા હેનરી જેમ્સ ચાકોને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ આખરે છ મહિનાની શોધખોળ બાદ દબોચી લીધો છે.

ભુજના બી-ડિવિઝન પોલીસ મથકે ગત માર્ચના રોજ પીડિતાએ હેનરી વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી વકીલ છેલ્લા આઠ માસથી વારંવાર દુષ્કર્મ કરીને તેણીના પુત્રને નુકશાન પહોંચાડવાની ધમકી આપ્યા કરતો હતો તેમજ હેનરીએ ફરિયાદી મહિલાને ચીપિયા વડે માર મારતાં ઇજાગ્રસ્ત મહિલા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઇ હતી. જે-તે સમયે બી-ડિવિઝને આરોપી હેનરી વિરુદ્ધ દુષ્કર્મ સહિતની વિવિધ કલમો તળે ગુનો દાખલ કર્યો હતો જે બાદ હેનરી ફરાર થઇ ગયો હતો. આરોપી હેનરીએ તેની સામે નોંધાવેલી ફરિયાદ રદ કરવા હાઇ કોર્ટ સમક્ષ કરેલી અરજી થોડા દિવસ પૂર્વે જ પરત ખેંચી લીધી હતી.

દરમ્યાન, એલસીબીની પેટ્રોલિંગ ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે માંડવી-ભુજ માર્ગ પરથી તેને ઝડપી આગળની કાર્યવાહી અર્થે બી-ડિવિઝન પોલીસને સોંપ્યો હતો. અત્રે એ નોંધનીય છે કે, હેનરી વ્યવસાયે ધારાશાત્રી અને આરટીઆઇ એક્ટિવિસ્ટ તથા અખિલ ભારતીય અપરાધ એવમ ભ્રષ્ટાચાર નિવારણ પરિષદના કચ્છ વિભાગનો સેક્રેટરી છે અને માજી કલેક્ટર પ્રદીપ શર્મા સામે જથ્થાબંધ બજાર જમીન કૌભાંડના બહુ ચર્ચિત કેસમાં હેનરી ફરિયાદી છે. ■

# કારમાં આગ લાગતા મોરબીના સિરામિક બિઝનેસમેનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીના લીલાપર કેનાલ રોડ ઉપરથી સિરામિક ઉદ્યોગપતિ પોતાની ગાડી લઈને પસાર થઈ રહ્યો હતો. ત્યારે કોઈ ટેકનિકલ કારણોસર ગાડીની અંદર આગ લાગવાની ઘટના બની હતી અને જોતજોતામાં જ આખી ગાડી આગની ઝપેટમાં આવી ગઈ હતી.

આગ ઉપર કાબૂ મેળવવા માટે થઈને ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જોકે આગ લાગતાની સાથે જ કારના દરવાજા લોક થઈ ગયા હતા. જેથી કારની અંદર બેઠેલો યુવાન અજય નાનજીભાઈ ગોપાણી (ઉં.વ.૩૯) આગમાં ભડથું થઈ ગયો હતો, તેનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું.

આગ લાગવાની આ ઘટના અંગેની જાણ મોરબી નગરપાલિકાના ફાયર વિભાગને કરવામાં આવતા ફાયરની ટીમ તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળ ઉપર પહોંચી હતી અને કારમાં લાગેલી આગ બુઝાવવા માટે પાણીનો મારો શરૂ કર્યો હતો.

આ અંગેની મોરબી એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી કરી છે.

ફાયરની ટીમે ગાડીમાંથી મળેલા રોકડા પાંચ લાખ, એક પિસ્તોલ, ઘડિયાળ અને આઠ મોબાઈલ ફોન મૃતકના કૌટુંબિક ભાઈને પોલીસની હાજરીમાં આપ્યા હતા. ■

# રાજકોટમાં બેકરીમાં આગની સાથે ધડાકોઃ બે લોકો ઘાયલ



(તસવીરઃ પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જંક્શન વિસ્તારમાં સિંધી કોલોની પાસે ભીસ્તીવાડ મેઇન રોડ પર આવેલી જલારામ બેકરીમાં સાંજના સમયે આગ લાગવાનો બનાવ બન્યો હતો. આ ઘટનામાં બે લોકોને ઇજા પહોંચી હતી. જલારામ બેકરીમાં લાગેલી આગ અને ત્યાર બાદ થયેલા પ્રચંડ ધડાકાનો અવાજ દૂર સુધી સંભળાયો હતો.

બનાવની જાણ થતાં ફાયર વિભાગની ટીમ અને મ્યુનિસિપલ કમિશનર આવી પહોંચ્યા હતા. ફાયર વિભાગે આગ બુઝાવી હતી. આ ઘટના અંગે, મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, પ્રાથમિક રીતે જીએસપીસીની લાઇનનું લિકેજ હતું તેનું રિપેરિંગ કામ ચાલતું હતું. એટલે તેના કારણે આગ લાગી છે કે પછી અન્ય કોઇ કારણથી એ તપાસનો વિષય છે. હાલમાં આગ બુઝાઈ ગઇ છે. કોઇ જાનહાનિ સર્જાઈ નથી, જેમને ઇજા પહોંચી હતી તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. એફએસએલની ટીમ દ્વારા સેમ્પલ લઇને રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. જીએસપીસી દ્વારા લાઇન બંધ કરી દેવામાં આવી હતી. જેથી હાલ લિકેજનો કોઇ પ્રશ્ન નથી. ■